## શ્રી રાજનગર જૈન પ્રશ્નોત્તર

# જ્ઞાનમાળા

100 Years

શતાબ્દિ વર્ષ
વિ.સં. ૨૦૭૩



પ્રકાશક : શ્રી રાજનગર જૈન શ્વે.મૂ. ધાર્મિક
ઈનામી પરિક્ષાની સંસ્થા - અમદાવાદ.

|| जैनम् जयति शासनम् ||

શતાબ્દિ વર્ષ વિ.સં. ૨૦૭૩

# શ્રી રાજનગર જૈન શ્વે. મૂ. પૂ. ધાર્મિક પરીક્ષા સંસ્થાના

## સંસ્થાપક

**પ.પૂ. આગમોદ્ધારક**
**આ.ભ.શ્રી આનંદસાગરસુરીશ્વરજી**
**(સાગરાનંદસુરીશ્વરજી) મ.સા.**

## સંસ્થાની શતાબ્દિના માર્ગદર્શક

જિનાગમસેવી ગચ્છાધિપતિ
આ. ભ. શ્રી દોલતસાગરસુરીશ્વરજી મ.સા.
બંધુ ત્રિપુટી પૂ.આ.ભ.શ્રી અશોકસાગરસુરીશ્વજી મ.સા.
પૂ.આ.ભ.શ્રી જિનચંદ્રસાગરસુરીશ્વજી મ.સા.
પૂ.આ.ભ.શ્રી હેમચંદ્રસાગરસુરીશ્વરજી મ.સા.
પૂ.આ.ભ.શ્રી હર્ષસાગરસુરીશ્વરજી મ.સા.

ની પ્રેરણાથી.....

॥ શ્રી મહાવીરસ્વામિ - સર્વજ્ઞાય નમઃ ॥

# શ્રી રાજનગર જૈન પ્રશ્નોત્તર

# જ્ઞાનમાળા

## વિ.સં. ૨૦૭૩ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે

॥ जैनम् जयति शासनम् ॥

જૈનધર્મનું સરળ જ્ઞાન મેળવવા માટે
નાના-મોટા સર્વને પણ ઉપયોગી
સામાન્ય તથા પાયાના સવાલ - જવાબો

**વાંચો... વંચાવો... મનન કરો**

: મૂલ્ય :
રૂા. ૨૦-૦૦

॥ જૈનમ્ જયતિ શાસનમ્ ॥

: પ્રકાશક :

**શ્રી રાજનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ધાર્મિક ઈનામી પરીક્ષાની સંસ્થા**

ઠે. દોશીવાડાની પોળ, જૈન વિદ્યાશાળા
અમદાવાદ.

**: પ્રાપ્તિસ્થાન :**

**પારી વરધીલાલ સંપ્રીતચંદ**
૨૨૮૭/૧, ગિરીશ કોલ્ડડ્રીંકની સામે,
માણેકચોક, ગુજરાત કોટન હોલની બાજુમાં, અમદાવાદ-૧
**ટે.નં. : ૦૭૯ - (O) ૨૨૧૪૨૨૬૯ - (R) ૨૬૬૨૨૨૬૯**

પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૧૩ નકલ ૨૦૦૦
આઠમી આવૃત્તિ : વિ.સં. ૨૦૪૮ નકલ ૫૦૦૦
નવમી આવૃત્તિ : વિ.સં. ૨૦૫૫ નકલ ૫૦૦૦
દશમી આવૃત્તિ : વિ.સં. ૨૦૬૬ નકલ ૩૦૦૦
અગ્યારમી આવૃત્તિ : વિ.સં. ૨૦૭૩ નકલ ૨૫૦૦
**(શતાબ્દિ વર્ષ)**

: મુદ્રક :
ચંદ્રિકા કોર્પોરેશન, અમદાવાદ

બાલક-બાલિકાઓને પરીક્ષાઓ લઈ સમારંભો યોજી ઈનામ વિતરણ કરવા દ્વારા ધાર્મિક અભ્યાસમાં પ્રેરણાનાં અમૃતપાન કરાવતી આ સંસ્થા સમાજને વિશેષોપયોગી છે. સંસ્થાની નાણાકીય સ્થિતિ સદ્ધર કરવા માટે નીચે જણાવેલ પ્રકારોથી સહાયક બની શકાય છે.

રૂા. ૫૦૦૦૧-૦૦ તથા તેથી વધુ રકમ આપનાર **દાતાર** ગણાશે

રૂા. ૧૦૦૦૧-૦૦ તથા તેથી વધુ રકમ આપનાર સંસ્થાના **પેટ્રન** તરીકે ગણાશે

તો ઉપર જણાવેલા પ્રકારોમાંથી સહયોગ આપી ઉપયોગી સૂચનાઓ કરી આ સંસ્થાના કાર્યને વેગવંતુ બનાવવા આપશ્રીને વિનંતિ છે.

મદદ મોકલવાનું સ્થળ :

**પારી વરધીલાલ સંપ્રીતચંદ**

૨૨૮૭/૧, ગિરીશ કોલ્ડડ્રીંકની સામે,

માણેકચોક, ગુજરાત કોટન હોલની બાજુમાં, અમદાવાદ-૧

ટે.નં. : ૦૭૯ - (O) ૨૨૧૪૨૨૬૯ (R) ૨૬૬૨૨૨૬૯

# પ્રસ્તાવના

આજના અત્યંત પ્રવૃત્તિમય કળિકાળમાં આપણા નાના-મોટા જૈન શ્વે. મૂ. પૂ. ભાઈ-બહેનો ધાર્મિક વિષયોમાં દિન-પ્રતિદિન વ્યર્થ શંકા-કુશંકા કરી શ્રદ્ધારહિત થાય છે. તેઓને શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ-સત્ય તત્ત્વની શ્રદ્ધા થાય તથા ધર્મ પ્રત્યે સદ્‌ભાવપૂર્વક જ્ઞાનની મહત્તા સમજાય તેમજ તેમના હૃદયમાં ઉલ્લાસપૂર્વક - ધગશપૂર્વક ચેતના-જાગૃતિ પેદા થાય તેવા ઉદ્દેશથી પરમપૂજ્ય પરમોપકારી આચાર્યદેવ **શ્રી સાગરાનંદસૂરીશ્વરજી** મહારાજ સાહેબે આપેલ સદુપદેશથી વિ.સં. ૧૯૭૩ ની સાલમાં આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

સંસ્થા પ્રતિવર્ષ નિયત સમયે (ડિસેમ્બર લગભગ) ધાર્મિક પરીક્ષા લે છે, અને તેમાં ઉત્તીર્ણ થયેલ અભ્યાસીઓને નિયમ મુજબ પારિતોષિક પણ આપે છે.

જૈન ધર્મનું વિશાળ તત્ત્વજ્ઞાન ટૂંકમાં સહેલાઈથી સમજી શકાય એ આશયથી **'રાજનગર જૈન પ્રશ્નોત્તર જ્ઞાનમાળા'** નામનું પુસ્તક વિ.સં. ૨૦૧૩ ની સાલમાં પ્રગટ કરવામાં આવેલ, તે ખપી જવાથી તેની બીજી આવૃત્તિ વિ.સં. ૨૦૨૧ ની સાલમાં પ્રગટ કરવામાં આવી, દિન પ્રતિદિન તેની ઉપયોગિતા વધતી જ રહી. આ બીજી આવૃત્તિ પણ અલભ્ય બની તેથી તેની ત્રીજી આવૃત્તિ વિ.સં. ૨૦૨૬ ની સાલમાં ઘણા જ સુધારા સાથે પ્રકાશિત કરવામાં આવી.

અલ્પ સમયમાં ત્રીજી આવૃત્તિ પણ ખપી ગઈ, ત્યારબાદ ચોથી અને તે પછી પાચંમી, છટ્ઠી તથા સાતમી, આઠમી અને નવમી, દસમી આવૃત્તિ ખૂબ ત્વરાથી કેટલાક સુધારાવધારા સાથે પ્રકાશિત કરવામાં આવી, તે પણ અપ્રાપ્ય બની ગઈ.

જેથી આ અગ્યારમી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે.

**'દ્વિર્બદ્ધં સુબદ્ધં ભવતિ'** એ ન્યાયે જેમ જેમ આ પુસ્તકની નવી આવૃત્તિઓ થઈ, તેમ તેમ તેમાં ઘણા સુધારા થયા છે, આથી આ પુસ્તક અભ્યાસકોને ઘણું જ ઉપયોગી થશે એવી આશા રાખીએ છીએ.

આ પુસ્તક ક્રમિક શિક્ષણ લેતા અભ્યાસીઓને ઉદ્દેશીને લખાયેલ છે, તેથી કેટલીક વ્યાખ્યાઓ તેઓને નજર સમક્ષ રાખીને લખવામાંઆવી છે. તેથી આ વ્યાખ્યાઓને સંપૂર્ણ ન માનતાં પરમપૂજ્ય પંચમહાવ્રતધારી સુવિહિત સદ્‌ગુરુઓ પાસેથી તે બાબતમાં સવિશેષ માર્ગદર્શન મેળવવા વિનંતિ છે.

શુદ્ધિ માટે અત્યંત કાળજી રાખવા છતાં પ્રેસદોષથી, દૃષ્ટિદોષથી અથવા મતિમાંદ્યથી જે કાંઈ અશુદ્ધિ રહી ગઈ હોય તે બદલ ત્રિવિધે **મિચ્છા મિ દુક્કડં** અર્પણ કરીએ છીએ. તેમજ જે કાંઈ અશુદ્ધિ સૂચવવામાં આવશે તે બદલ જરૂરથી યોગ્ય કરવામાં આવશે.

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ધર્મનું શિક્ષણ આપતી બધી સંસ્થાઓ અને પાઠશાળાઓમાં આ **'પ્રશ્નોત્તર જ્ઞાનમાળા'** ખૂબ જ ઉપયોગી નીવડશે એવી અમે આશા રાખીએ છીએ.

બાઈ સમરથ જૈન શ્વે. મૂર્તિપૂજક જ્ઞાન ઉદ્ધારક ટ્રસ્ટ તરફથી દર સાલે પરીક્ષાના પેપરો તથા સ્ટેશનરી ખર્ચ આપવામાં આવે છે.

અંતમાં સહુ કોઈ આ પુસ્તકનો સદુપયોગ કરી આત્મકલ્યાણ સાધે, એ જ મહેચ્છા.

**શ્રી રાજનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક**
**ધાર્મિક ઈનામી પરીક્ષાની સંસ્થા**

## જિન-નવ અંગ પૂજાના દુહા

જળ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત;
ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંત. ૧

જાનુ બળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ;
ખડાં ખડાં કેવળ કહ્યું, પૂજો જાનુ નરેશ. ૨

લોકાંતિક વચને કરી, વરસ્યા વરસીદાન;
કર કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન. ૩

માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત;
ભુજાબળે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત. ૪

સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;
વસિયા તેણે કારણ ભવિ શિરશિખા પૂજંત. ૫

તીર્થંકર પદ પુન્યથી, ત્રિભુવન જન સેવંત;
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલતિલક જયવંત. ૬

સોળ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ;
મધુર ધ્વનિ સુર નર સુણે, તિણે ગળે તિલક અમૂલ. ૭

હૃદય કમળ ઉપશમ બળે, બાળ્યા રાગ ને રોષ:
હિમ દહે વન ખંડને, હૃદય તિલક સંતોષ. ૮

રત્નત્રયી ગુણ ઉજળી, સકલ સુગુણ વિશ્રામ;
નાભિ કમળની પૂજના, કરતાં અવિચળ ધામ. ૯

ઉપદેશક નવ તત્ત્વના, તિણે નવ અંગ જિણંદ;
પૂજો બહુવિધ રાગથી, કહે શુભવીર મુણિંદ. ૧૦

## પ્રભુદર્શન કરતી વખતે બોલવાના દુહા

પ્રભુ દરિશન સુખ સંપદા, પ્રભુ દરિશન નવ નિધ;
પ્રભુ દરિશનથી પામીયે, સકલ પદારથ સિદ્ધ. ૧
ભાવે જિનવર પૂજીએ, ભાવી દીજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન. ૨
જીવડા જિનવર પૂજીએ, પૂજાનાં ફળ હોય;
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૩
ફૂલડાં કેરા બાગમાં, બેઠા શ્રી જિનરાજ;
જેમ તારામાં ચંદ્રમા, તેમ શોભે મહારાજ. ૪
વાડી ચંપો મોરિયો, સોવન પાંખડીએ;
પાર્શ્વ જિનેશ્વર પૂજીએ, પાંચે આંગળીએ. ૫
ત્રિભુવન નાયક તું ધણી, મહી મ્હોટો મહારાજ;
મ્હોટે પુન્યે પામીયો, તુમ દરિશન હું આજ. ૬
આજ મનોરથ સવિ ફળ્યા, પ્રગટ્યા પુન્ય કલ્લોલ;
પાપ કરમ દૂરે ટળ્યા, નાઠા દુઃખ દંદોલ. ૭
પંચમ કાલે પામવો, દુલહો પ્રભુ દેદાર;
તો પણ તારા નામનો, છે મોટો આધાર. ૮
પ્રભુ નામની ઔષધી, ખરા ભાવથી ખાય;
રોગ શોક આવે નહિ, સવિ સંકટ મીટ જાય. ૯
શાન્તિનાથજી સોળમા, જગ શાન્તિ સુખકાર;
શાન્ત ભાવે ભક્તિ કરે, તરત તરે ભવપાર. ૧૦
દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપ નાશનં;
દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનમ્. ૧૧
આવ્યો શરણે તમારા, જિનવર ! કરજો, આશ પૂરી અમારી,
નાવ્યો ભવપાર મારો, તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી.
ગાયો જિનરાજ ! આજે, હરખ અધિકથી પરમ આનંદકારી;
પાયો તુમ દર્શ, નાશે ભવ ભય ભ્રમણા, નાથ ! સર્વે અમારી. ૧૨

## જિન મંદિરમાં પ્રદક્ષિણા-વખતે બોલવાના દુહા

**પ્રથમ પ્રદક્ષિણા વખતે....**

કાળ અનાદિ અનંતથી ભવ-ભ્રમણનો નહિ પાર,
તે ભ્રમણા નિવારવા, પ્રદક્ષિણા દઉં સાર.
પ્રદક્ષિણા દેતાં થકાં, ભવ-ભાવઠ દૂર પલાય;
પ્રદક્ષિણા તે કારણે, ભવિક જન ચિત્ત લાય.

**બીજી પ્રદક્ષિણા વખતે....**

જીવાદિ નવતત્ત્વની સદહણા સુખકાર,
જન્મ-મરણાદિ દૂર ટળે, સીઝે જો દરિસણ સાર.
જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખહેત;
જ્ઞાન વિના જગ જીવડા, ન લહે તત્ત્વ સંકેત.

**ત્રીજી પ્રદક્ષિણા વખતે....**

ચય તે સંચયં કર્મનો, રિક્ત કરે વળી જેહ;
ચારિત્ર પદ નિરૂત્તે ભાખીયું, તે વંદો ગુણ ગેહ.
જ્ઞાન-દર્શન-ચારિત્ર એ રત્નત્રયી નિરધાર;
પ્રદક્ષિણા તે કારણે ભવદુઃખ-ભંજનહાર.

શ્રી જિનેશ્વરદેવના દર્શન માટે કે પૂજન માટે દેરાસરમાં પ્રવેશ કરી ઉપરના દુહા બોલતાં ત્રણ પ્રદક્ષિણા દેવી.

સ્નાત્ર પૂજામાં પણ કુસુમાંજલિ પછી આવતી ત્રણ પ્રદક્ષિણા દરમ્યાન પણ ભવભ્રમણ ટાળવા, રત્નત્રયીની આરાધના માટે દુહા બોલી પ્રદક્ષિણા આપવી.

# શ્રી રાજનગર જૈન પ્રશ્નોત્તર જ્ઞાનમાળા

બાલ-ધોરણ ૧

સ. ★૧ તમે કોણ છો ?

જ. અમે જૈન છીએ.

સ. ૨ તમે કયો ધર્મ પાળો છો ?

જ. અમે જૈન ધર્મ પાળીએ છીએ.

સ. ૩ જૈન કોને કહેવાય ?

જ.. શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા માને તેને જૈન કહેવાય.

સ. ૪ જૈન ધર્મ એટલે શું ?

જ. શ્રી જિનેશ્વર ભગવાને બતાવેલો ધર્મ.

સ. ૫ શ્રી જિનેશ્વર ભગવાન કોને કહેવાય ?

જ. જેમણે રાગ - દ્વેષ જીત્યા હોય, જેમનામાં સર્વ ગુણો હોય અને એક પણ દોષ ન હોય તેમને શ્રી જિનેશ્વર ભગવાન કહેવાય.

સ. ૬ જૈન ધર્મનાં બીજાં નામો કયાં કયાં છે ?

જ. જૈન ધર્મનાં દયાધર્મ, સ્યાદ્વાદધર્મ, આર્હત ધર્મ વગેરે બીજાં નામો છે.

---

★ સ. એટલે સવાલ અને જ. એટલે જવાબ સમજવો.

સ. ૭ શ્રી જિનેશ્વર ભગવાન કેટલા થયા છે ?
જ. આ અવસર્પિણીમાં શ્રી જિનેશ્વર ભગવાન ચોવીસ થયા છે.

સ. ૮ શ્રી જિનેશ્વર ભગવાનનાં બીજા નામો આપો.
જ. અરિહંત, તીર્થંકર, વીતરાગ, જિનેશ્વર, પરમાત્મા, ભગવાન, દેવાધિદેવ વગેરે.

સ. ૯ દહેરાસરમાં પેસતાં શું બોલવું ? અને પ્રભુ નજરે પડે ત્યારે શું બોલવું ?
જ. દહેરાસરમાં પેસતાં ત્રણવાર નિસીહિ અને પ્રભુ નજરે પડે ત્યારે બે હાથ જોડીને "નમો જિણાણં" બોલવું.

સ. ૧૦ ગુરુ મહારાજ મળે ત્યારે શું બોલવું ?
જ. બે હાથ જોડીને 'મત્થએણ વંદામિ' બોલવું.

---

## બાલ-ધોરણ ૨

સ. ૧૧ હાલમાં કોનું શાસન ચાલે છે ?
જ. હાલમાં ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માનું શાસન ચાલે છે.

સ. ૧૨ તત્ત્વ કેટલાં છે ? અને તે કયાં કયાં ?
જ. તત્ત્વ ત્રણ છે. (૧)દેવ. (૨) ગુરુ: (૩) ધર્મ.

સ. ૧૩ દેવ એટલે શું ?
જ. દેવ એટલે જેનામાં સર્વ ગુણો હોય અને એક પણ દોષ ન હોય તે.

સ. ૧૪ ગુરુ એટલે શું ?
જ. ગુરુ એટલે પાંચ મહાવ્રતો પાળે તે.

સ. ૧૫ મહાવ્રતો એટલે શું ? તે કેટલાં છે ? અને કયાં કયાં છે ?
જ. મહાવ્રતો એટલે મોટાં વ્રત. (પાળવામાં કઠિન વ્રત) તે પાંચ છે.
૧. જીવદયા પાળવી. (જીવહિંસા ન કરવી) ૨. સાચું બોલવું. (જૂઠું ન બોલવું.) ૩. ચોરી ન કરવી. ૪. શિયળ પાળવું. ૫. પૈસા ટકા ન રાખવા.

સ. ૧૬ ધર્મ એટલે શું ?
જ. જીવને દુર્ગતિમાં જતો અટકાવી સારી ગતિમાં લઈ જાય અને પરંપરાએ મોક્ષ પમાડે તે.

સ. ૧૭ શ્રાવક એટલે શું ?
જ. શ્રાવક એટલે શ્રી જિનેશ્વર ભગવાનનાં વચનો ઉપર શ્રદ્ધા રાખે, વિનય-વિવેક કરે અને દર્શન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ કરે તથા દેવ-ગુરુની ભક્તિ વગેરે કરે તે.

સ. ૧૮ શ્રાવક શબ્દનો અર્થ આપો.
જ. 'શ્ર' અક્ષરથી શ્રદ્ધા રાખે.
'વ' અક્ષરથી વિનય વિવેક કરે.
'ક' અક્ષરથી ક્રિયા કરે.

સ. ૧૯ નવકાર મંત્રના કેટલા અક્ષરો છે ? તેમાં સાત અક્ષરો, પાંચ અક્ષરો, આઠ અક્ષરો, અને નવ અક્ષરો કયા કયા પદોના છે ?
જ. નવકાર મંત્રના ૬૮ અક્ષરો છે. તેમાં પહેલા, ત્રીજા અને ચોથા પદના સાત અક્ષરો, બીજા પદના પાંચ અક્ષરો, પાંચમા અને નવમા પદના નવ અક્ષરો તેમ જ છઠ્ઠા, સાતમા અને આઠમા પદના આઠ અક્ષરો છે.

સ. ૨૦ શ્રી નવકાર મંત્ર ક્યારે ક્યારે સ્મરણ કરાય છે ?
જ. આ મહામંત્ર ઉપદ્રવની શાન્તિ માટે, તેમજ માંગલિક માટે સ્મરણ કરાય છે. ઉત્તમ મનુષ્યો સૂતાં, બેસતાં, ઊઠતાં, બોલતાં, ચાલતાં, તેમજ કોઈ પણ કાર્ય કરતાં રાત્રે અગર દિવસે સર્વ સ્થળે આ નવકાર મંત્રને યાદ કરે છે.

સ. ૨૧ સામાયિક એટલે શું ?
જ. સામાયિક એટલે સમતાનો લાભ, જેનાથી જૂનાં બંધાયેલાં કર્મો નાશ પામે અને નવાં કર્મો બંધાતાં અટકી જાય, એવી શ્રી જિનેશ્વર ભગવાને બતાવેલી ક્રિયા.

સ. ૨૨ સામાયિકનો કાળ કેટલો ?

જ. ૪૮ મિનિટનો, પોણો કલાક અને ત્રણ મિનિટનો અથવા બે ઘડીનો.

સ. ૨૩ શ્રી જિનપૂજા પ્રભુના કયા કયા નવ અંગે કરાય છે ?

જ. ૧. જમણા અને ડાબા પગના અંગૂઠે.
૨. જમણા અને ડાબા ઢીંચણે.
૩. જમણા અને ડાબા કાંડે.
૪. જમણા અને ડાબા ખભે.
૫. મસ્તકે (શિખાએ) ૬. કપાળે.
૭. કંઠે. ૮. હૃદયે ૯. નાભિએ.

સ. ૨૪ પ્રભુને નવ અંગે પૂજા કરવાનું શું કારણ ?

જ. પ્રભુ નવ તત્ત્વના ઉપદેશક છે અને એ નવ તત્ત્વોમાં દુનિયાનાં સર્વ તત્ત્વોનો સમાવેશ થાય છે, માટે પ્રભુને નવ અંગે પૂજા કરવી જોઈએ.

સ. ૨૫ પ્રભુદર્શન કેવી રીતે કરવાં જોઈએ ?

જ. સંસારના વિચારોનો ત્યાગ કરી, બે હાથ જોડી, માથું નમાવી, પ્રભુની સમક્ષ દૃષ્ટિ રાખીને, પ્રભુના ગુણો યાદ કરવાપૂર્વક પ્રભુદર્શન કરવાં જોઈએ.

સ. ૨૬ જૈનને ઓળખવાનું પ્રગટ ચિહ્ન શું ?

જ. કેસરનો ચાંલ્લો, રાત્રિ ભોજનનો ત્યાગ અને કંદમૂળનો ત્યાગ.

સ. ૨૭ ચાંલ્લો શા માટે કરવો જોઈએ ?
જ. શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા માથે ચઢાવું છું, તે સૂચવવા માટે ચાંલ્લો કરવો જોઈએ.

સ. ૨૮ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા શા માટે દેવી જોઈએ ?
જ. દર્શન, જ્ઞાન અને ચારિત્ર-એ ત્રણની પ્રાપ્તિ માટે અને સંસારના ચોરાશી લાખ ફેરા ટાળવા માટે પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દેવી જોઈએ.

સ. ૨૯ આપણા તીર્થોનાં નામ આપો.
જ. શ્રી શત્રુંજય, ગિરનાર, આબુ, અષ્ટાપદ, અચલગઢ, સમેતશિખર, શંખેશ્વર, કુંભારીયાજી, મક્ષીજી, અંતરિક્ષ પાર્શ્વનાથ, તારંગાજી, રાણકપુર, ભોયણી, પાવાપુરી, ચંપાપુરી, કેશરીયાજી, પાનસર, શેરીસા વગેરે.

સ. ૩૦ આપણાં પર્વોનાં નામ આપો, અને તે ક્યારે ક્યારે આવે છે ? તે જણાવો.
જ. ૧ પજુસણ...
શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા સુદ ૪ સુધી
૨. આયંબીલની ઓળી...
આસો સુદ ૭ થી ૧૫ સુધી નવ દિવસ અને, ચૈત્ર સુદ ૭ થી ૧૫ સુધીના નવ દિવસ.
૩ જ્ઞાન પાંચમ.... કારતક સુદ ૫

૪ મૌન અગિયારસ... માગશર સુદ ૧૧

૫ ચોમાસી ચૌદસ... ત્રણ છે (૧) કારતક સુદ ૧૪ (૫) ફાગણ સુદ ૧૪ (૩) અષાડ સુદ ૧૪

કાર્તિક સુદ ૧૫...

શત્રુંજય મહાતીર્થની યાત્રા કરવી, અગર શત્રુંજય આદિ મહાતીર્થના પટોનાં દર્શન કરવા જવું.

૭ ચૈત્ર સુદ ૧૫... શ્રી ઋષભદેવ પ્રભુના ગણધર શ્રી પુંડરીક સ્વામી પાંચ ક્રોડ મુનિવરો સાથે મોક્ષે ગયા.

૮ મેરૂ તેરસ... પોષ વદ ૧૩

શ્રી ઋષભદેવ પ્રભુનું મોક્ષ કલ્યાણક

૯ પોષ દશમ...માગશર વદ ૧૦

શ્રી પાર્શ્વનાથ પ્રભુનું જન્મ કલ્યાણક.

૧૦ અખાત્રીજ .... વૈશાખ સુદ ૩

શ્રી ઋષભદેવ પ્રભુને શ્રેયાંસકુમારે શેરડીના રસથી પારણું કરાવ્યું, બીજું નામ અક્ષય તૃતીયા.

૧૧ મહાવીર પ્રભુનો જન્મ દિવસ ચૈત્ર સુદ ૧૩

૧૨ મહાવીર પ્રભુનો નિર્વાણ દિવસ દિવાળીની રાતે-આસો વદ ૦))

-----------

# લેખિત ધોરણ ૧

સ. ૩૧ પ્રતિક્રમણ એટલે શું ?
જ. પ્રતિક્રમણ એટલે પાપથી પાછા હઠવું. પાપ ધોવાઈ જાય-પાપનો નાશ થાય તેવી જ્ઞાની ભગવંતોએ બતાવેલી મહાન ક્રિયા.

સ. ૩૨ પ્રતિક્રમણ શા માટે કરવું જોઈએ ?
જ. દિવસનાં કે રાત્રિનાં થયેલાં પાપોનો નાશ કરવા પ્રતિક્રમણ કરવું જોઈએ.

સ. ૩૩ પ્રતિક્રમણ કેટલાં છે ? અને તે કયાં કયાં ?
જ. પ્રતિક્રમણ પાંચ છે. (૧) દેવસિ. (૨) રાઈ. (૩) પક્ખી (૪) ચૌમાસી. (૫) સંવચ્છરી.

સ. ૩૪ પાંચ પ્રતિક્રમણ વર્ષમાં કેટલી વખત થાય ?
જ. સંવત્સરી પ્રતિક્રમણ વર્ષમાં એકવાર ભા.સુ.૪ના દિવસે થાય છે. ચૌમાસી પ્રતિ૦ વર્ષમાં ત્રણ વાર કા. સુ. ૧૪ ફા.સુ. ૧૪ અને અ.સુ. ૧૪ ના દિવસે થાય છે. પક્ખી પ્રતિ૦ વર્ષમાં એકવીસ વાર ચૌમાસી સિવાયની સુદ ચૌદશોએ તથા બધી વદ ચૌદશોએ. દેવસી પ્રતિ૦ ઉપરના ૨૫ દિવસ સિવાય બાકીના બધા દિવસે રોજ સાંજે અને રાઈ પ્રતિ૦ વર્ષના સર્વ દિવસોએ રોજ સવારે કરવામાં આવે છે.

સ. ૩૫ રાત્રિભોજન કરવાથી શું નુકશાન થાય છે ?
જ. રાત્રિભોજન કરવાથી જિનાજ્ઞાભંગનો મહાન દોષ લાગે છે અને શુભ પરિણામનો હ્રાસ થાય છે. વળી પરભવમાં કાગડા, ઘુવડ, ગીધ, બીલાડી, શિયાળ, સાપ, વીંછી, અને ગરોળી જેવા દુષ્ટ અવતાર પ્રાપ્ત થાય છે. અહીં પ્રત્યક્ષ પણ ઘણાં નુકસાન થાય છે. ભોજનમાં કીડી આવી જવાથી બુદ્ધિનો નાશ

થાય છે. જુથી જલોદરનો રોગ થાય છે. માખીથી ઊલટી થઈ જાય છે. કરોળિયો કોઢ રોગ કરે છે. આ તથા બીજા ઘણા દોષો અને અપચો વગેરે રોગો થાય છે. માટે કદી પણ રાત્રિભોજન કરવું નહીં.

સ. ૩૬ અઠ્ઠાઈ એટલે શું? તે કેટલી છે? તે કઈ કઈ? અને શેની શેની કહેવાય?

જ. ધર્મની વિશેષ આરાધના કરવાના દિવસો અઠ્ઠાઈ કહેવાય છે. તે ૬ છે. તે નીચે પ્રમાણે છે :-

૧. કારતક સુદ ૭ થી કારતક સુદ ૧૫ સુધીની ....કારતક ચોમાસાની.

૨. ફાગણ સુદ ૭ થી ફાગણ સુદ ૧૫ સુધીની. ....ફાગણ ચોમાસાની.

૩. ચૈત્ર સુદ ૭ થી ચૈત્ર સુદ ૧૫ સુધીની. ....આયંબીલની ઓળીની.

૪. અષાડ સુદ ૭ થી અષાડ સુદ ૧૫ સુધીની. ....અષાડ ચોમાસાની.

૫. શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા સુદ ૪ સુધીની. ...પર્યુષણની.

૬. આસો સુદ ૭ થી આસો સુદ ૧૫ સુધીની. ....આયંબીલની ઓળીની.

સ. ૩૭ પાંચ પરમેષ્ઠિનાં નામ આપો.

જ. પાંચ પરમેષ્ઠી-
(૧) અરિહંત.... (૨) સિદ્ધ.... (૩) આચાર્ય
(૪) ઉપાધ્યાય... (૫) સાધુ....

સ. ૩૮ નવપદનાં નામ, ગુણ અને રંગ કહો.

જ. ૧. અરિહંત ....૧૨ ગુણ.... ધોળો.
૨. સિદ્ધ ......૮ ગુણ... રાતો.

| | | | |
|---|---|---|---|
| ૩. આચાર્ય | ....૩૬ | ગુણ.... | પીળો. |
| ૪. ઉપાધ્યાય | ....૨૫ | ગુણ.... | લીલો. |
| ૫. સાધુ | ....૨૭ | ગુણ.... | કાળો. |
| ૬. દર્શન | ....૬૭ | ગુણ.... | ધોળો. |
| ૭. જ્ઞાન | ....૫૧ | ગુણ.... | ધોળો. |
| ૮. ચારિત્ર | ....૭૦ | ગુણ.... | ધોળો. |
| ૯. તપ | ....૧૨ | ગુણ.... | ધોળો. |

સ. ૩૯ નવપદનો દેવાદિ કયા તત્ત્વમાં સમાવેશ થાય છે ?

જ. પહેલાં બે પદનો દેવતત્ત્વમાં સમાવેશ થાય છે. પછીનાં ત્રણ પદોનો ગુરુતત્ત્વમાં સમાવેશ થાય છે અને બાકીનાં ચાર પદોનો ધર્મતત્ત્વમાં સમાવેશ થાય છે.

સ. ૪૦ નવકારવાળીમાં ૧૦૮ મણકા રાખવાનું શું કારણ ?

જ. પંચપરમેષ્ઠીના ગુણો ૧૦૮ છે. તેનું સ્મરણ કરવા માટે ૧૦૮ મણકા રાખવામાં આવે છે.

સ. ૪૧ વિહરમાન તીર્થંકર એટલે શું ? તે કેટલા છે ? અને ક્યાં વિચરે છે ?

જ. વિહરમાન તીર્થંકર એટલે વિચરતા તીર્થંકરો, તે ૨૦ છે, તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે.

સ. ૪૨ સંઘ એટલે શું ? તે કેટલા પ્રકારનો છે ? અને કયો કયો છે ?

જ. સંઘ એટલે શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા માનનારાઓ અને પાલન કરનારાઓનો સમૂહ, તે ચાર પ્રકારનો છે.
(૧) સાધુ (૨) સાધ્વી (૩) શ્રાવક (૪) શ્રાવિકા.

સ. ૪૩ ક્ષેત્ર એટલે શું ? અને તે કેટલાં છે ? તેનાં નામ આપો.

જ. ક્ષેત્ર એટલે જ્યાં ધન-ધાન્ય-વસ્ત્ર-પાત્ર વગેરે વાપરવાથી ઘણો લાભ મળે એવાં ઉત્તમ સ્થાનો. તે સાત છે.
(૧) જિનમંદિર. (૨) જિનપ્રતિમા. (૩) જિનાગમ. (૪) સાધુ. (૫) સાધ્વી. (૬) શ્રાવક. (૭) શ્રાવિકા.

સ. ૪૪ શિયળ (બ્રહ્મચર્ય) વ્રતની નવ વાડો કઈ કઈ છે ?

જ. ૧. સ્ત્રી, પશુ, નપુંસક ન રહેતા હોય એવા સ્થાનમાં રહેવું.

૨. સ્ત્રીની સાથે રાગથી વાર્તા ન કરવી.

૩. સ્ત્રી જે આસને બેઠી હોય તે આસને પુરુષે બે ઘડી સુધી બેસવું નહિ. અને પુરુષ બેઠો હોય તે આસન ઉપર સ્ત્રીએ ત્રણ પહોર સુધી બેસવું નહીં.

૪. સ્ત્રીનાં અંગોપાંગ રાગથી જોવાં નહિ.

૫. જ્યાં સ્ત્રી-પુરુષ સૂતાં હોય અથવા કામક્રીડાની વાતો કરતાં હોય ત્યાં ભીંત પ્રમુખને આંતરે રહેવું નહિ.

૬. સ્ત્રીની સાથે પહેલાં ભોગવેલા ભોગો સંભારવા નહિ.

૭. વિકાર ઉત્પન્ન કરે એવા ઘી, દૂધ વગેરે રસવાળા આહાર ન કરવા.

૮. ભૂખ શાન્ત થાય તે કરતાં વધારે અને ભારે આહાર ન કરવો.

૯. શરીરની શોભા વગેરે ન કરવી.

સ. ૪૫ શ્રી મહાવીર પ્રભુનું ટૂંકું જીવનચરિત્ર આપો.

જ. શ્રી મહાવીર પ્રભુનો જન્મ ક્ષત્રિયકુંડ નગરમાં થયો હતો. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ રાજા અને માતાનું નામ ત્રિશલાદેવી હતું. તેમના ભાઈનું નામ નંદિવર્ધન, બેનનું નામ સુદર્શના, પત્નીનું નામ યશોદા, પુત્રીનું નામ પ્રિયદર્શના, અને જમાઈનું નામ જમાલી હતું. ૩૦ વર્ષની ઉંમરે તેમણે દીક્ષા (ચારિત્ર) ગ્રહણ કરેલ, ચારિત્ર લીધા બાદ તેમને સાડા બાર વર્ષે કેવલજ્ઞાન થયું હતું; ત્યારબાદ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી તેઓ ૩૦ વર્ષ સુધી ભરતખંડમાં વિચરી, ધર્મનો ઉપદેશ આપી, ૭૨ વર્ષ નું આયુષ્ય ભોગવી વિક્રમ સંવતથી ૪૭૦ વર્ષ પહેલાં દિવાળીની રાત્રે મોક્ષે ગયા.

સ. ૪૬ ચોવીસમા ભગવાનનું નામ માતા-પિતાએ વર્ધમાન અને દેવતાઓએ મહાવીર શાથી પાડ્યું ?

જ. શ્રી મહાવીર પ્રભુ ગર્ભમાં આવ્યા પછી ધન, ધાન્ય સંપત્તિ વગેરે વધવા લાગ્યાં. સર્વ રાજાઓ આજ્ઞામાં રહેવા લાગ્યા. આ પ્રભુના ગર્ભનો પ્રભાવ દેખી માતા-પિતાએ પ્રભુનું વર્ધમાન નામ પાડ્યું. તેમ જ બાળપણમાં આંબલી-પીપળી રમતાં દેવતાને મૂઠીનો માર મારી હરાવ્યાથી દેવતાઓએ પ્રભુનું મહાવીર નામ પાડ્યું.

સ. ૪૭ નિસીહિ એટલે શું ? તે કેટલી છે ? તે ક્યારે ક્યારે કહેવાય ? અને કઈ કઈ નિસીહિથી કયો કયો ત્યાગ કરવો ?

જ. નિસીહિ એટલે સાવદ્ય ક્રિયાનો ત્યાગ કરવો. તે ત્રણ છેઃ

(૧) દહેરાસરના મુખ્ય દ્વારમાં પેસતાં -
આ નિસીહિથી ઘરના તમામ કામકાજનો ત્યાગ થાય છે.

(૨) દહેરાસરના મુખ્ય ગભારા આગળ -
આ નિસીહિથી દહેરાસર સંબંધી કામકાજનો ત્યાગ થાય છે.

(૩) ચૈત્યવંદન કરતાં પહેલાં -
આ નિસીહિથી દ્રવ્યપૂજાનો ત્યાગ થાય છે.

સ. ૪૮ આરતિ અને મંગળ દીવો શા માટે ઉતારવો ?

જ. આરતિ ઉતારવાથી શરીરની તથા મનની પીડા દૂર થાય છે અને મનને શાન્તિ મળે છે.

મંગળ દીવો ઉતારવાથી આપણું મંગળ થાય છે અને સુખ ઉપજે છે.

સ. ૪૯ આરતિ અને મંગળ દીવો કેવી રીતિએ ઉતારવો ?

જ. તે ડાબી બાજુએથી ઊંચે લઈ જઈને જમણી બાજુએ ઉતારવો, તેમજ તે નાભિની નીચે અને મસ્તકથી ઉપર લઈ જવો જોઈએ નહિ, ઊલટી રીતિએ ઉતારવાથી આશાતના થાય છે.

સ. ૫૦ આવશ્યક એટલે શું ? તે કેટલાં છે ? અને કયાં કયાં છે ?

જ. આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય કરણી. તે ૬ છે. (૧) સામાયિક. (૨) ચઉવીસત્થો. (૩) વાંદણાં. (૪) પડિક્કમણું. (૫) કાઉસ્સગ્ગ. (૬) પચ્ચક્ખાણ.

સ. ૫૧ છ આવશ્યકનો અર્થ સમજાવો. પ્રતિક્રમણમાં તે ક્યાંથી ક્યાં સુધી ગણાય છે ?

જ. ૧ સામાયિક-જેનાથી સમતાનો લાભ થાય તે પહેલું આવશ્યક. તે દેવસિ પ્રતિક્રમણ ઠાયા પછી કરેમિભંતે'થી પંચાચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરીએ ત્યાં સુધી ગણાય છે.

૨. ચઉવીસત્થો-લોગસ્સ, જેમાં ચોવીસ ભગવાનનાં નામોનું સ્મરણ થાય છે તે બીજું આવશ્યક. તે પંચાચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કર્યા પછી લોગસ્સ કહીએ છીએ તે ગણાય છે.

૩. વાંદણાં-જેમાં ગુરૂ મહારાજને વંદન કરવામાં આવે છે તે ત્રીજું આવશ્યક, તે ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડીલેહી બે વાંદણાં દેવાય છે ત્યાં સુધી ગણાય છે.

૪. પ્રતિક્રમણ-જેમાં લાગેલાં પાપોનો પશ્ચાત્તાપ કરી માફી માંગવામાં આવે છે તે ચોથું આવશ્યક છે. 'ઈચ્છા ૦ દેવસિઅં આલોઉં થી આયરિય ઉવજ્ઝાએ' સુધીનું ગણાય છે.

૫. કાઉસ્સગ્ગ-મન, વચન અને કાયાની એકાગ્રતા થાય તે પાંચમું આવશ્યક. તે આયરિય ઉવજ્ઝાએ પછી આવતા બે લોગસ્સ અને એક લોગસ્સના કાઉસ્સગ્ગ સુધી ગણાય છે.

૬. પચ્ચક્ખાણ-અવિરતિપણાનો ત્યાગ જેમાં થાય તે છઠ્ઠું આવશ્યક, પચ્ચક્ખાણ કરાય છે તે.

સ. ૫૨ વ્યસન એટલે શું ? તે કેટલાં છે ? કયાં કયાં ?

જ. વ્યસન એટલે જીવને આ ભવ અને પરભવમાં દુઃખ આપનારી ભયંકર કુટેવો. તે સાત છે.

૧. જુગાર રમવો. ૨. માંસ ખાવું. ૩. દારૂ પીવો. ૪. પરસ્ત્રી સાથે સંગ કરવો. ૫. વેશ્યાનો સંગ કરવો. ૬. ચોરી કરવી. ૭. શિકાર કરવો.

સ. ૫૩ સાથીઓ શા માટે કરવો જોઈએ ?
જ. ચાર ગતિનો નાશ કરવા માટે સાથીઓ કરવો જોઈએ.

સ. ૫૪ ગતિ કેટલી છે ? અને તે કઈ કઈ ?
જ. ગતિ ચાર છે.
૧. દેવગતિ. ૨. મનુષ્યગતિ. ૩. તિર્યંચગતિ. ૪. નરકગતિ.

સ. ૫૫ સાથીઆ ઉપરની ત્રણ ઢગલીને શું કહેવાય ?
જ. રત્નત્રયી કહેવાય.

સ. ૫૬ રત્નત્રયીનાં નામ આપો.
જ. ૧ દર્શન. ૨. જ્ઞાન. ૩. ચારિત્ર.

સ. ૫૭ સાથીઆ ઉપરની ત્રણ ઢગલી ઉપર અર્ધચંદ્ર જેવો આકાર કરીએ છીએ તે શું કહેવાય ?
જ. સિદ્ધશિલા કહેવાય.

સ. ૫૮ સાથીઓ કરીને શું બોલવું ?
જ. હે પ્રભુ ! ચાર ગતિમાંથી છૂટવા દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરી સિદ્ધશિલા ઉપર પહોંચવા શક્તિમાન કરો.

સ. ૫૯ શ્રી મહાવીર પ્રભુનાં બીજાં નામ આપો.
જ. વીર, વર્ધમાન, ચરમજિન, સિદ્ધાર્થ નંદન, જ્ઞાતપુત્ર વગેરે.

સ. ૬૦ ગુરુ મહારાજનાં બીજાં નામ આપો.
જ. સાધુ, મુનિ, શ્રમણ, નિર્ગ્રંથ, અણગાર, તપસ્વી, સંયમી વગેરે.

---

## લેખિત ધોરણ બીજું

સ. ૬૧ પૂજાના મુખ્ય કેટલા ભેદ છે? અને કયા કયા?
જ. પૂજાના બે ભેદ છે. (૧) દ્રવ્યપૂજા (૨) ભાવપૂજા.

સ. ૬૨ દ્રવ્યપૂજા અને ભાવપૂજા એટલે શું?
જ. દ્રવ્યપૂજા એટલે જલ-ચંદન-પુષ્પાદિ સામગ્રી વડે પ્રભુની પૂજા કરવી તે અને ભાવપૂજા એટલે ચૈત્યવંદન તથા પ્રભુના ગુણગાન આદિ કરવાં તે.

સ. ૬૩ દ્રવ્યપૂજા કેટલા પ્રકારની છે?
જ. દ્રવ્યપૂજા પાંચ, આઠ, સત્તર, એકવીસ અને એકસોઆઠ પ્રકારની છે.

સ.૬૪ ભાવપૂજા કેટલા પ્રકારની છે?
જ. ચૈત્યવંદન કરવું, સ્તુતિ બોલવી, ગીત, નૃત્ય, ભાવના ભાવવી વગેરે અનેક પ્રકારે છે.

સ. ૬૫ અષ્ટપ્રકારી પૂજાનાં નામ આપો.
જ. ૧. જલપૂજા ૨. ચંદનપૂજા. ૩. પુષ્પપૂજા. ૪. ધૂપપૂજા. ૫. દીપકપૂજા. ૬. અક્ષતપૂજા. ૭. નૈવેદ્યપૂજા. ૮. ફળપૂજા.

સ. ૬૬ દ્રવ્યપૂજાના મુખ્ય કેટલા ભેદ છે? અને કયા કયા?
જ. બે ભેદ છે. (૧) અંગપૂજા. (૨) અગ્રપૂજા.

સ. ૬૭ અંગપૂજા એટલે શું? અને કઈ કઈ પૂજા અંગપૂજામાં ગણાય છે?
જ. અંગપૂજા એટલે શુદ્ધ વસ્તુઓ વડે પ્રભુના શરીરે પૂજા થાય તે. પહેલી ત્રણ (૧) જલપૂજા. (૨) ચંદનપૂજા (૩) પુષ્પપૂજા. અંગપૂજામાં ગણાય છે.

સ. ૬૮ અગ્રપૂજા એટલે શું? કઈ કઈ પૂજા અગ્રપૂજામાં ગણાય છે?
જ. અગ્રપૂજા એટલે પ્રભુની સામે રહી પૂજા થાય તે, છેલ્લી પાંચ

પૂજાઓ અગ્રપૂજાઓમાં ગણાય છે.
(૪) ધૂપપૂજા (૫) દીપકપૂજા (૬) અક્ષતપૂજા (૭) નૈવેદ્યપૂજા (૮) ફળપૂજા.

સ. ૬૯ પંચામૃત એટલે શું ?
જ. દૂધ-દહીં-ઘી-સાકર અને પાણી.

સ. ૭૦ જળપૂજા એટલે શું ?
જ. જળપૂજા એટલે પ્રથમ પંચામૃતથી પ્રભુને અભિષેક કરી પછી પાણીથી પ્રક્ષાલ કરવો તે.

સ. ૭૧ ચંદનપૂજા એટલે શું ?
જ. ચંદનપૂજા એટલે કેસર, સુખડ, બરાસ, કસ્તૂરી વગેરેથી પ્રભુની પૂજા કરવી તે.

સ. ૭૨ પુષ્પપૂજા એટલે શું ?
જ. પુષ્પપૂજા એટલે સુગંધી-રંગબેરંગી અને ભાત ભાતનાં ઉત્તમ ફૂલો પ્રભુને ચઢાવવાં તે.

સ. ૭૩ ધૂપપૂજા એટલે શું ?
જ. ધૂપપૂજા એટલે પ્રભુની સામે ઊભા રહીને દશાંગ-કપૂર અગરબત્તી-ચંદન વગેરેનો ધૂપ કરવો તે.

સ. ૭૪ દીપકપૂજા એટલે શું ?
જ. પ્રભુની સામે ઉભા રહીને આરતિ-મંગળદીવો ઉતારવો તે અથવા પ્રભુની આગળ દીપક ધરવો તે.

સ. ૭૫ અક્ષતપૂજા એટલે શું ?
જ. અક્ષતપૂજા એટલે પ્રભુની સામે ચોખાનો સાથીઓ કરવો તે.

સ. ૭૬ નૈવેદ્યપૂજા એટલે શું ?
જ. નૈવેદ્યપૂજા એટલે સાથીઆ ઉપર પતાસું, સાકર, પેંડા, બરફી વગેરે મૂકવું તે.

સ. ૭૭ ફળપૂજા એટલે શું ?
જ. ફળપૂજા એટલે સિદ્ધશિલા ઉપર શ્રીફળ, બદામ, સોપારી, નારંગી, મોસંબી, કેરી, જામફળ વગેરે મૂકવાં.

સ. ૭૮ દેવગતિ અને મનુષ્યગતિમાં કોણ જાય ?
જ. જે જીવ દાન, શીલ, તપ, ભાવના, જિનપૂજા, સામાયિક વગેરે ઉત્તમ કાર્યો કરે તે.

સ. ૭૯ તિર્યંચગતિમાં કોણ જાય ?
જ. હૃદયમાં આંટી-ઘૂંટી રાખનારા, ઠગાઈ કરનાર, પ્રપંચી, શલ્યવાળા વગેરે તિર્યંચગતિમાં જાય છે.

સ. ૮૦ નરકગતિમાં કોણ જાય ?
જ. જે મનુષ્ય અગર તિર્યંચ ઘણાં ભયંકર પાપ કરે તે નરકમાં જાય. જેમકે-પંચેન્દ્રિય પ્રાણીનો વધ કરે-માંસાહાર વગેરે કરે તે.

સ. ૮૧ શ્રી જિનેશ્વર ભગવાને ધર્મ કેટલા પ્રકારે કહ્યો છે ?
જ. શ્રી જિનેશ્વર ભગવાને ધર્મ બે પ્રકારે કહ્યો છે (૧) સાધુ ધર્મ. (૨) શ્રાવકધર્મ.

સ. ૮૨ પ્રભુનાં દર્શન કરવાથી શો લાભ થાય ?
જ. પ્રભુ અઢાર દૂષણોથી રહિત અને સર્વ ગુણોએ સહિત છે, તેથી તેમનાં દર્શન કરવાથી આપણો આત્મા તેમના તરફ વળે છે, દોષો જતા રહે છે અને ગુણો પ્રગટ થાય છે. ટૂંકાણમાં પ્રભુનાં દર્શન કરવાથી પ્રભુ જેવા ગુણો આવે છે અને દોષો જતા રહે છે.

સ. ૮૩ કલ્યાણક એટલે શું ? અને તેનાં નામ આપો.
જ. કલ્યાણક એટલે કલ્યાણ કરનારા દિવસો, અર્થાત્ જે દિવસોમાં તીર્થંકર પરમાત્મા દેવગતિમાંથી કે નરકગતિમાંથી ચ્યવી માતાની કુક્ષિમાં આવે, જન્મ પામે, દીક્ષા લે, કેવળ જ્ઞાન પામે અને મોક્ષ જાય-તે પવિત્ર દિવસો.

(૧) ચ્યવન (૨) જન્મ (૩) દીક્ષા (૪) કેવળજ્ઞાન (૫) અને મોક્ષ. આ પાંચ કલ્યાણક છે.

સ. ૮૪ શ્રી મહાવીર પ્રભુનાં પાંચ કલ્યાણક ક્યારે ક્યારે થયાં ?

જ. ચ્યવન-કલ્યાણક ........ અષાડ સુદ ૬
જન્મ-કલ્યાણક ........ ચૈત્ર સુદ ૧૩
દીક્ષા-કલ્યાણક ........ કારતક વદ ૧૦
કેવલજ્ઞાન - કલ્યાણક ....વૈશાખ સુદ ૧૦
મોક્ષ-કલ્યાણક ........, - આસો વદ ૦))

સ. ૮૫ ત્રેસઠ શલાકા પુરુષ કયા કયા ?

જ. ૨૪ તીર્થંકર, ૯ વાસુદેવ, ૯ બળદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૧૨ ચક્રવર્તી.

સ. ૮૬ વધુમાં વધુ અને ઓછામાં ઓછા તીર્થંકરો, કેવલજ્ઞાનીઓ અને સાધુઓ કેટલી સંખ્યામાં વિચરે ?

જ. વધુમાં વધુ તીર્થંકરો ૧૭૦, કેવલજ્ઞાનીઓ ૯ ક્રોડ અને સાધુઓ ૯ હજાર ક્રોડ, (૯૦ અબજ) વિચરે, ઓછામાં ઓછા તીર્થંકરો ૨૦, કેવળજ્ઞાનીઓ ૨ ક્રોડ અને સાધુઓ બે હજાર ક્રોડ (૨૦ અબજ) વિચરે.

સ. ૮૭ ત્રણેય લોકમાં શાશ્વતાં દહેરાસરો કેટલાં છે ?

જ. ૮,૫૭,૦૦૨૮૨ (આઠ ક્રોડ, સત્તાવન લાખ, બસો બ્યાસી.)

સ. ૮૮ ત્રણેય લોકમાં શાશ્વતી પ્રતિમાઓ કેટલી છે ?

જ. ૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦ (પંદર અબજ, બેતાલીશ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર, એંશી.)

સ. ૮૯ થોય-જોડાની દરેક ગાથામાં કોની કોની સ્તુતિ હોય છે ?

જ. પહેલી ગાથામાં જે મુખ્ય ભગવાનની થોય હોય તે ભગવાનની, બીજી ગાથામાં સર્વ શ્રી જિનેશ્વર ભગવાનની, ત્રીજી ગાથામાં જ્ઞાનની અને ચોથી ગાથામાં શાસનના અધિષ્ઠાયક દેવ-દેવીઓની સ્તુતિ હોય છે.

સ. ૯૩ પરમેષ્ઠિ એટલે શું ?
જ. પરમેષ્ઠિ એટલે પ્રરમ-ઉચ્ચ સ્થાને બિરાજમાન આત્મા.

સ. ૯૪ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ કોને કહેવાય ?
જ. (અ) અરિહંતના ત્રણ અર્થ છે.
(૧) અરિહંત એટલે ચાર ઘાતીકર્મનો નાશ કરી, કેવલજ્ઞાન પામી, ભવ્ય જીવોને ઉપદેશ દેતા તીર્થંકર ભગવાન.
(૨) ૧૮ દોષોથી રહિત, ૧૨ ગુણોથી યુક્ત, ૩૪ અતિશયો સહિત અને વાણીના ૩૫ ગુણોથી યુક્ત તીર્થના સ્થાપક તે અરિહંત.
(૩) અરિ-શત્રુ, હંત-હણનાર એટલે કે રાગ-દ્વેષ-આદિ આંતરશત્રુને હણનાર.
(બ) સિદ્ધ એટલે આઠેય કર્મનો નાશ કરી મોક્ષે ગયા તે.
(ક) આચાર્ય એટલે ગચ્છના નાયક... આચાર્ય પદથી વિભૂષિત હોય તે.
(ડ) ઉપાધ્યાય એટલે ભણે-ભણાવે... ઉપાધ્યાયપદથી વિભૂષિત હોય તે.
(ઇ) સાધુ એટલે પાંચ મહાવ્રતો પાળે તે.
(કંચન-કામિનીના ત્યાગી.)

સ. ૯૫ શ્રી જિનેશ્વર ભગવાન સિવાય બીજા દેવ-દેવીઓને શા માટે ન માનવા ?
જ. બીજા દેવ-દેવીઓ રાગ-દ્વેષથી ભરેલા છે. અને તે તેઓની મૂર્તિઓ-ચિત્રો ઉપરથી માલૂમ પડે છે. તેમને માનવાથી મિથ્યાત્વ દોષ લાગે છે. તેટલા માટે તેઓને ન માનવા.

સ. ૯૬ શ્રી જિનેશ્વરની પૂજા શા માટે કરવી ?
જ. ઉપસર્ગો નાશ પામે, દુઃખો છેદાઈ જાય અને મન પ્રસન્ન થાય, તેટલા માટે શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવી,

સ. ૯૭ અષ્ટમંગલ એટલે શું ? તેનાં નામ આપો.
જ. અષ્ટમંગલ એટલે આઠ માંગલિક વસ્તુઓ.
૧. સાથીઓ. ૨. શ્રીવત્સ. ૩. કુંભ. ૪. ભદ્રાસન. ૫. નંદાવર્ત. ૬. મીનયુગ ૭. દર્પણ. ૮. વર્ધમાન.

સ. ૯૮ દહેરાસરમાં પ્રભુની પાસે ચૈત્યવંદન-સ્તવન થોય કેવાં કહેવાં ?
જ. જેમાં પ્રભુના ગુણોનું વર્ણન અને પોતાના આત્માની નિંદા કરેલી હોય તેવાં બોલવાં.

સ. ૯૯ જૈનધર્મના ચાર મંગલરૂપ કોણ ગણાય છે ? અને તેનો દુહો કહો.
જ. ૧. શ્રી વીરપ્રભુ ૨. ગૌતમસ્વામી ૩. સ્થૂલભદ્રજી વગેરે શીલવાન સાધુઓ ૪. જૈન ધર્મ.

### દુહો

**મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમઃ પ્રભુઃ;**
**મંગલં સ્થૂલભદ્રાદ્યા, જૈનધર્મોસ્તુ મંગલં.**

સ. ૧૦૦ ચૈત્યવંદન સ્તુતિ કેવી રીતિએ બોલવાં ?
જ. બીજાને હરકત ન પહોંચે, કંટાળો ન આવે - તેવી રીતે તેમજ શાન્તિપૂર્વક મધુર સ્વરે બોલવાં.

સ.૧૦૧ ચૈત્યવંદન એટલે શું ? અને તેના કેટલા પ્રકારો છે ?
જ. ચૈત્યવંદન એટલે શ્રી જિનેશ્વરદેવને વિધિપૂર્વક વંદન થાય તેવી ક્રિયા. તેના ત્રણ પ્રકાર છે.
૧. જઘન્ય ચૈત્યવંદન=અરિહંત ચેઈઆણં, અન્નત્થ૦ કહી, એક નવકારનો કાઉસગ્ગ કરી, તે પારીને થોય કહેવી તે.
૨. મધ્યમ ચૈત્યવંદન=ત્રણ-ખમાસમણ દઈ ચૈત્યવંદન-જંકિંચિ-નમુત્થુણં, જાવંતિ ચેઈઆઈ, ખમાસમણ, જાવંત કેવિ સાહૂ, નમોર્હત્, સ્તવન (ઉવસગ્ગહરં), જય વીયરાય કહી ઉભા થઈ અરિહંત ચેઈયાણં-અન્નત્થ કહી નવકારનો

કાઉસગ્ગ કરી પારી નમોર્હત્ કહી છેલ્લે થોય કહેવી.
૩. ઉત્કૃષ્ટ ચૈત્યવંદન=દેવવંદન કરવું.

સ. ૧૦૨ પ્રભુની અષ્ટપ્રકારી પૂજા શા માટે કરવી?
જ. આઠેય કર્મનો નાશ કરી મોક્ષે જવા માટે અષ્ટ પ્રકારી પૂજા કરવી.

---

## લેખિત ધોરણ ત્રીજું

સ. ૧૦૩ શ્રાવકનાં વ્રત કેટલાં છે? કયાં કયાં છે? તેનો અર્થ સમજાવો.
જ. શ્રાવકનાં વ્રત ૧૨ છે. તે નીચે પ્રમાણે છે :-

૧. સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત. એટલે અપરાધ વિનાના ત્રસ જીવને ઈરાદાપૂર્વક મારવો નહિ. અને સ્થાવર જીવોની શક્ય જયણા કરવી.

૨. સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત. એટલે કન્યા-ગાય-ભૂમિ સંબંધી અર્થાત્ માનવ-પ્રાણી-જર-જમીન આદિ કોઈ પણ બાબતમાં જૂઠું બોલી કોઈને છેતરવાં નહિ. પારકી થાપણ ઓળવવી નહિ. અને કોઈ બાબતમાં ખોટી સાક્ષી ભરવી નહિ.

૩. સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત. એટલે કોઈની થાપણ મૂકેલી કોઈપણ વસ્તુ, અગર પડેલી કે ભૂલાયેલી અથવા ખોવાયેલી કે છોડી દેવાયેલી પારકી વસ્તુ માલિકની રજા સિવાય લેવી નહિ.

૪. સ્વદારાસંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રત. એટલે કે પોતાની પરણેલી સ્ત્રી સિવાય જગતની તમામ સ્ત્રીને માતા સમાન કે બહેન સમાન ગણવી તે.

૫. પરિગ્રહપરિમાણ વ્રત એટલે ધન-ધાન્યાદિ નવ પ્રકારનો પરિગ્રહ મર્યાદિત પ્રમાણમાં રાખવો અને તેમાં અધિક મૂર્છા રાખવી નહી.

૬. દિક્‌પરિમાણ વ્રત એટલે સંસાર વહેવારના કામ અંગે દરેક દિશામાં જરૂરિયાત મુજબ જવાનું મોકળું રાખી બાકીના ક્ષેત્રોમાં જવાનો ત્યાગ કરવો.

૭. ભોગોપભોગપરિમાણ વ્રત એટલે ભોગમાં અને ઉપભોગમાં લેવાતી વસ્તુઓની મર્યાદા નક્કી કરી બાકીનાનો ત્યાગ કરવો. આ વ્રતથી મહા-આરંભં અને હિંસાજનક પાપ વ્યાપારોનો ત્યાગ થાય છે.

૮. અનર્થદંડવિરમણ વ્રત. એટલે જીવન જીવવામાં જરૂરી ન હોય તેવી નકામી દુષ્ટ પ્રવૃત્તિઓનો શક્ય પરિત્યાગ કરવો જેવી કે - (૧) ખોટી ચિંતારૂપ-આર્ત-રૌદ્ર ધ્યાન, (૨) બીન સંબંધીને હિંસામય વ્યાપાર આદિની સલાહ. (૩) ગમે તે માગનારને હિંસક ઉપકરણો છરી-શસ્ત્ર-ઘંટી વગેરે આપવાં તથા (૪) ખેલ-જુગાર-આદિ કુતૂહલ જોવાં, (૫) કામક્રીડા કરવી વગેરે પ્રમાદાચરણ સેવવું. એ બધી અશુભ પ્રવૃત્તિઓ આ વ્રતથી ત્યજાય છે.

૯. સામાયિક વ્રત. એટલે પાપમય સંસારની પ્રવૃત્તિઓમાંથી ફારેગ થઈ. 'વારંવાર સામાયિક કરવું.' એટલે કે અડતાલીસ મિનિટ સુધી મન-વચન કાયાથી સર્વ વ્યાપારોનો ત્યાગ કરીને ધર્મધ્યાન એટલે કે સ્વાધ્યાય અને ધ્યાનમાં રહેવું તે.

૧૦. દેશાવગાશિક વ્રત. એટલે દિક્‌પરિમાણ અને ભોગોપભોગપરિમાણ વ્રતમાં જે નિયમનો-મર્યાદાઓ રાખેલી હોય તેમાં અતિસંકોચ કરી 'એક દિવસ પૂરતો' વિશિષ્ટ અભિગ્રહ કરી 'દસ સામાયિક' કરવાં, (અને ચૌદ નિયમ વગેરે ધારવા તે દેશાવગાસિક વ્રત કહેવાય છે.)

૧૧. પૌષધોપવાસ વ્રત. એટલે પર્વતિથિએ આહાર, શરીરસત્કાર. ગૃહવ્યાપાર તથા અબ્રહ્મચર્યના ત્યાગપૂર્વક

ગુરુનિશ્રાએ ધર્મનું પોષણ થાય એ રીતે ચાર પ્રહર કે આઠ પ્રહરની ધર્મ-પ્રવૃત્તિ કરવી.

૧૨. અતિથિસંવિભાગ વ્રત. એટલે ઉપવાસને પારણે એકાસણું કરી 'અતિથિ' એવા મુનિવરને સૂઝતું વહોરાવી તેઓએ વહોરેલી વસ્તુઓથી એકાસણું કરવું તે વ્રત.

આ વ્રતોમાંનાં પહેલાં ૧ થી ૫ વ્રત અણુવ્રત કહેવાય છે. પછીનાં ૬ થી ૮ વ્રત ગુણવ્રત કહેવાય છે. છેલ્લાં ૯ થી ૧૨ વ્રત શિક્ષાવ્રત કહેવાય છે.

સ. ૧૦૪ અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત એટલે શું ?

જ. અણુવ્રત એટલે મહાવ્રતની અપેક્ષાએ નાનાં વ્રત, ગુણવ્રત એટલે અણુવ્રતને ગુણ કરનારાં વ્રત અને શિક્ષાવ્રત એટલે વારંવાર સેવવા યોગ્ય વ્રત.
(સંયમનું શિક્ષણ આપનાર વ્રત)

સ. ૧૦૫ પૌષધ એટલે શું ?

જ. પૌષધ એટલે ધર્મની પુષ્ટિ થાય તે અથવા ધર્મ વધારે થાય એવી શ્રી જિનેશ્વરદેવોએ બતાવેલી (ચાર કે આઠ પ્રહરપર્યંતની સાધુ ભગવંત જેવા આચારના અભ્યાસની) ક્રિયા.

સ. ૧૦૬ પૌષધના કેટલા પ્રકારો છે ? તે કયા કયા ? અને તેનો અર્થ સમજાવો.

જ. ૧ આહાર પૌષધ. (ઉપવાસ, આયંબીલ કે એકાસણું કરીને પૌષધ કરવો તે.) ૨. શરીરસત્કાર પૌષધ (પૌષધ નિમિત્તે શરીરને શણગારવું નહિ તે.) ૩. અવ્યાપાર પૌષધ. (પાપના કાર્યનો ત્યાગ કરવો તે.) ૪. બ્રહ્મચર્ય પૌષધ. (શિયળ પાળવું તે.)

સ. ૧૦૭ સમ્યક્ત્વ એટલે શું ?

જ. સુદેવ, સુગુરુ અને સુધર્મ પ્રત્યે પૂરેપૂરી શ્રદ્ધા રાખવી તે.

સ. ૧૦૮ આગમ એટલે શું? અને તે કેટલાં છે?

જ. શ્રી તીર્થંકરદેવોએ અર્થરૂપે કહેલાં અને શ્રી ગણધર ભગવંતોએ સૂત્રરૂપે ગૂંથેલાં વચનો તે આગમ કહેવાય. તે ૪૫ છે.

સ. ૧૦૯ ૪૫ આગમની સંખ્યા ગણાવો.

જ. ૧૧ અંગ. ૧૨ ઉપાંગ. ૬ છેદસૂત્ર. ૪ મૂલસૂત્ર. ૧ નંદિસૂત્ર. ૧ અનુયોગદ્વાર. ૧૦ પયન્ના.

સ. ૧૧૦ આગમો કેટલાં વર્ષો પહેલાં લખાયાં, ક્યાં લખાયાં? અને તે કોણે લખાવ્યાં?

જ. ભગવાન શ્રી મહાવીરદેવ મોક્ષે ગયા પછી ૯૮૦ વર્ષે શ્રી દેવર્દ્ધિગણિ નામના આચાર્ય મહારાજે વલ્લભીપુરમાં લખાવ્યાં.

સ. ૧૧૧ આગમનાં બીજાં નામ આપો.

જ. શ્રુત-આગમ, સિદ્ધાન્ત, પ્રવચન, જિનાગમ અને શાસ્ત્ર

સ. ૧૧૨ પંચાંગી કોને કહેવાય?

જ. (૧) મૂળ-સૂત્રો. (૨) નિર્યુક્તિ. (૩) ભાષ્ય. (૪) ચૂર્ણિ, (૫) ટીકા કે વૃત્તિ. આ પાંચ મળીને પંચાંગી કહેવાય.

સ. ૧૧૩ દ્વાદશાંગી એટલે શું? તે કોણે બનાવી?

જ. બાર અંગ અથવા શ્રી ગણધરદેવોએ રચેલાં બાર મહાન સૂત્રો તે દ્વાદશાંગી કહેવાય અને તે ભગવાન્ શ્રી મહાવીરદેવના શિષ્ય શ્રી સુધર્મા-સ્વામીજીએ બનાવેલ છે.

સ. ૧૧૪ સૂત્રો એટલે શું? અને તે કોણે રચ્યાં?

જ. સૂત્રો એટલે ટૂંકમાં વધારે અર્થ જણાવનાર ગ્રંથો અને તે શ્રી ગણધરદેવ, ચૌદપૂર્વી અને પ્રત્યેક બુદ્ધે રચ્યાં છે.

સ. ૧૧૫ સૂત્રો ઉપરાંત જૈન આચાર્યોએ બીજા કયા કયા ગ્રંથો લખ્યા છે?

જ. ન્યાયના, જૈન તત્ત્વના, આચારના, કથાઓના,

વૈરાગ્યોપદેશના અને વાદવિવાદના. તે ઉપરાંત સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના, વ્યાકરણ, કોષ, અલંકાર અને કાવ્ય ઇત્યાદિ વિવિધ વિષયોના ગ્રંથો ઘણી જ સારી રીતિએ જૈનાચાર્યોએ લખેલ છે.

સ. ૧૧૬ કેવળજ્ઞાની અને તીર્થંકરમાં શો તફાવત છે?

જ. કેવળજ્ઞાની અને તીર્થંકર બંને જ્ઞાનાદિ-શક્તિમાં સમાન છે, પરંતુ તીર્થંકરને તીર્થંકરનામકર્મનો ઉદય હોવાથી તેઓ તીર્થની સ્થાપના કરે છે. તેમજ આઠ પ્રાતિહાર્યો, વાણીના પાંત્રીશ ગુણ અને ચોત્રીશ અતિશયો વગેરે ઋદ્ધિ તેઓને હોય છે.

સ. ૧૧૭ વંદન કરવાથી શો લાભ થાય છે?

જ. ૧. વિનય આવે. ૨. અભિમાનનો નાશ થાય. ૩. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન થાય. ૪. ધર્મની આરાધના થાય. ૫. વડીલજનની પૂજા થાય. ૬. મોક્ષની પ્રાપ્તિ થાય.

સ. ૧૧૮ મુદ્રા એટલે શું? તે કેટલી છે? અને તેનાં નામ આપો.

જ. સૂત્રો બોલતી વખતની હાથ, પગ આદિ અંગોની વિશિષ્ટ રચના તે મુદ્રા કહેવાય, તે ત્રણ છે. ૧. યોગમુદ્રા ૨. જિનમુદ્રા અને ૩. મુક્તાશુક્તિ મુદ્રા.

સ. ૧૧૯ યોગમુદ્રા, જિનમુદ્રા અને મુક્તાશુક્તિમુદ્રા એ દરેક કેવી રીતિએ થાય? અને એ મુદ્રાઓ વડે કયાં કયાં સૂત્રો બોલાય?

જ. ૧-યોગમુદ્રા એટલે બે હાથના અંગૂઠા સામે સામે રાખી ડાબા હાથની આંગળી છેલ્લે આવે તેમ પરસ્પરના આંતરામાં આંગળીઓ બરાબર મેળવી, કમળના ડોડાના આકારે બંને હાથ રાખી પેટ ઉપર કોણી રાખવી તે. આ મુદ્રા વડે **ચૈત્યવંદન. નમુત્થુણં** અને **સ્તવનાદિ** બોલાય છે.

૨-જિનમુદ્રા એટલે પગના આગલા ભાગમાં ચાર આંગળ

અને પાછળ કાંઈક ઓછું અંતર રાખી ઉભા રહેવું તે. આ મુદ્રા વડે **કાઉસ્સગ્ગ, વંદન** વગેરે થાય.

૩-મુક્તાશુક્તિમુદ્રા એટલે બે હાથ મોતીની છીપની જેમ પોલા રાખીને-જોડીને કપાળે લગાડવા તે. આ મુદ્રા વડે **જાવંતિ ચેઈઆઈ. જાવંત કેવિ સાહૂ અને જયવીયરાય 'આભવમખંડા'** સુધી કહેવાય છે.

સ. ૧૨૦ દહેરાસરમાં કઈ વસ્તુઓ સાથે લઈ ન જવાય?

જ. (૧) ખાવા-પીવાની જે આપણા વપરાશમાં લેવાની હોય તે વસ્તુઓ. (૨) લાકડી, છત્રી, જોડાં, બૂટ, ચંપલ, હથિયાર વગેરે.

સ. ૧૨૧ પ્રભુની જલપૂજા શા માટે કરવી?

જ. જેમ સ્નાન કરવાથી શરીર ઉપરનો મેલ નાશ થઈ જાય અને શરીર ચોખ્ખું થઈ જાય છે, તેમ ઘણા કાળથી લાગેલ પાપના સમૂહનો નાશ કરી આત્માને પાણીના જેવો નિર્મળ કરવા માટે જલપૂજા કરવી.

સ. ૧૨૨ પ્રભુની ચંદનપૂજા શા માટે કરવી?

જ. જેમ ચંદનનો લેપ કરવાથી શરીરે ઠંડક અને શાંતિ થાય છે, તેમ ક્રોધ, માન, માયા અને લોભ-એ ચાર કષાયોથી સળગી રહેલા આત્માને શીતલ કરવા માટે અને અખંડ શાંતિ મેળવવા માટે ચંદનપૂજા કરવી.

સ. ૧૨૩ પ્રભુની ફૂલપૂજા શા માટે કરવી?

જ. જેમ ફૂલની સુગંધીથી મન પ્રફુલ્લિત થાય છે તેમ તમારી ફૂલપૂજા વડે મારું મન ધર્મ વડે સુવાસિત બનો. એ ભાવનાથી ફૂલપૂજા કરવી.

સ. ૧૨૪ ધૂપપૂજા શા માટે કરવી?

જ. જેમ ધૂપપૂજા કરવાથી દુર્ગંધ નાશ થાય છે, તેમ આત્માને

ઘણા કાળથી લાગેલ મિથ્યાત્વ, મમતા, માન વગેરે કુવાસનારૂપી દુર્ગંધ દૂર કરવા માટે ધૂપપૂજા કરવી.

સ. ૧૨૫ દીપકપૂજા શા માટે કરવી ?

જ. જેમ દીવો અંધકારને દૂર કરી અજવાળું કરે છે, તેમ આત્મામાં રહેલ અજ્ઞાનનો નાશ કરી કેવળજ્ઞાનરૂપી દીવો પ્રગટાવવા માટે દીપકપૂજા કરવી.

સ. ૧૨૬ અક્ષતપૂજા શા માટે કરવી ?

જ. નાશ ન થાય એવું અખંડ મોક્ષસુખ મેળવવા માટે અક્ષતપૂજા કરવી.

સ. ૧૨૭ નૈવેદ્યપૂજા શા માટે કરવી ?

જ. ભૂખ અને તૃષાનો નાશ કરી આત્માનો અણાહારી સ્વભાવ પ્રગટાવવા માટે નૈવેદ્યપૂજા કરવી.

સ. ૧૨૮ ફળપૂજા શા માટે કરવી ?

જ. પ્રભુને ફળ અર્પણ કરી તેના બદલામાં ત્યાગરૂપ સર્વોત્તમ ફળની અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ માટે ફળપૂજા કરવી.

સ. ૧૨૯ જીવોનાં જન્મ-મરણનાં દુઃખો શાથી નાશ પામે છે ?

જ. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રની પ્રાપ્તિથી અને તેના નિર્મલ આરાધનથી જીવોનાં જન્મ-મરણનાં દુઃખો નાશ પામે છે.

સ. ૧૩૦ જીવની સદ્ગતિ શાથી થાય ?

જ. રાગ દ્વેષ ન કરવા. સારા પરિણામ રાખવા. ધર્મની રુચિ રાખવી. પાપનો ભય રાખવો. એ વગેરેથી સદ્ગતિ મળે છે.

સ. ૧૩૧ જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતો કયા કયા ?

જ. અનેકાંતવાદ, નય, નિક્ષેપ અને સપ્તભંગીથી તત્ત્વનું સ્વરૂપ, કર્મસિદ્ધાંત, ક્ષમા, મૃદુતા આદિ દશ પ્રકારનો ધર્મ વગેરે સિદ્ધાંતો છે તથા -

(૧) સર્વ જીવો પર દયા રાખવી. (૨) સાચું બોલવું. (૨)

ચોરી ન કરવી. (૪) બ્રહ્મચર્ય પાળવું. (૫) ધનધાન્યાદિ ઉપર મૂર્છા ન કરવી.

સ. ૧૩૨ વિગઈ એટલે શું ? તે કેટલી છે ? અને તેનાં નામ આપો.

જ. વિગઈ એટલે બુદ્ધિને બગાડી આત્માને દુર્ગતિમાં મોકલે તે વિગઈ ૬ છે.

૧. ઘી. ૨. દૂધ. ૩. દહીં. ૪. તેલ. ૫. ગોળ. ૬. કડાવિગઈ (તળેલી વસ્તુઓ).

સ. ૧૩૩ ચોવીસ તીર્થંકરો ક્યાં ક્યાં મોક્ષે ગયા ? અને તેનો દુહો બોલો.

જ. શ્રી અષ્ટાપદ પર્વત ઉપર શ્રી ઋષભદેવ ભગવાન મોક્ષે ગયા. શ્રી પાવાપુરીમાં ભગવાન શ્રી મહાવીરદેવ મોક્ષે ગયા, શ્રી ચંપાપુરીમાં શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન મોક્ષે ગયા, શ્રી ગિરનાર પર્વત ઉપર શ્રી નેમિનાથ ભગવાન મોક્ષે ગયા, અને બાકીના વીશ તીર્થંકરદેવો શ્રી સમેતશિખરજી ઉપર મોક્ષે ગયા.

**દુહો -**

**અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરીવરૂ,**
**વાસુપૂજ્ય ચંપા નયર સિધ્યા, નેમ રૈવતગિરિવરૂ,**
**સંમેતશિખરે વીસ જિનવર, મુક્તિ પહોંચ્યા મનહરૂ,**
**ચોવીસ જિનવર નિત્ય વંદું, સયલ સંઘને સુખકરૂ,**

સ. ૧૩૪ ઘંટ શા માટે વગાડવો ?

જ. દર્શનપૂજા કરીને થયેલા આનંદને જાહેર કરવા માટે અને "તું જ એક મારો નાથ છે." - એમ જણાવવા ઘંટ વગાડવો.

સ. ૧૩૫ સિદ્ધ ભગવંતો આઠેય કર્મનો નાશ કરી મોક્ષે ગયેલા હોય છે, છતાં અરિહંત ભગવંતોને પહેલાં શા માટે નમસ્કાર કરવામાં આવે છે ?

જ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ૧૪૪૪ ગ્રંથો બનાવ્યા છે, (કેટલાક ૧૪૪૦ અથવા ૧૪૦૦ ગ્રંથ બનાવ્યા એમ કહે છે.) તેઓશ્રીના ગ્રંથોમાં છેડે 'વિરહ' અગર યાકિની મહત્તરાસૂનુ શબ્દ મૂકવામાં આવ્યો છે.

સ. ૧૩૮ પાંચ સ્તવનાં (દંડક સૂત્રોનાં) નામ આપો અને તે કયાં સૂત્રો છે?

જ. ૧. નામસ્તવ... લોગસ્સ.
૨. શક્રસ્તવ... નમુત્થુણં.
૩. ચૈત્યસ્તવ.... અરિહંત-ચેઈઆણં.
૪. શ્રુતસ્તવ.... પુક્ખરવરદી.
૫. સિદ્ધસ્તવ.... સિદ્ધાણં બુદ્ધાણં.

સ. ૧૩૯ જીવયોનિ એટલે શું? અને એકેન્દ્રિયાદિ જીવોની કેટલી કેટલી યોનિ હોય છે?

જ. જીવયોનિ એટલે જીવને ઊપજવાનાં સ્થાનો.

એકેન્દ્રિય-

પૃથ્વીકાયની સાત લાખ, અપ્કાયની સાત લાખ યોનિ.
તેઉકાયની સાત લાખ, વાયુકાયની સાત લાખ યોનિ.
પ્રત્યેક વનસ્પતિકાયની દશ લાખ યોનિ.
સાધારણ વનસ્પતિકાયની ચૌદ લાખ યોનિ.

વિકલેન્દ્રિય-

બેઈન્દ્રિયની બે લાખ, તેઈન્દ્રિયની બે લાખ યોનિ.
ચઉરિન્દ્રિયની બે લાખ યોનિ.

પંચેન્દ્રિય-

દેવતાની ચાર લાખ યોનિ. નારકીની ચાર લાખ યોનિ.
તિર્યંચ પંચેન્દ્રિયની ચાર લાખ યોનિ.
મનુષ્યની ચૌદ લાખ યોનિ.

એમ એકેન્દ્રિયની ૫૨ (બાવન) લાખ, વિકેલેન્દ્રિયની ૬ (છ) લાખ અને પંચેન્દ્રિયની ૨૬ (છવ્વીસ) લાખ મળીને કુલ ૮૪ (ચોરાશી) લાખ યોનિ થાય.

---

## લેખિત ધોરણ ચોથું

સ. ૧૪૦ પ્રભુના અંગૂઠે શા માટે પૂજા કરવી ?

જ. શરીરનાં સર્વ અંગોમાં ચરણ એટલે પગ એ વિનયને લાવનાર ઉત્તમ અંગ છે. એટલા માટે યુગલિયાઓ પ્રભુના ચરણકમળની સેવા કરી સંસાર રૂપ સમુદ્રને તરી ગયા. (જન્મ-મરણનાં દુઃખો નિવાર્યાં). આપણે પણ પ્રભુના ચરણની પૂજા કરી સંસારરૂપ સમુદ્ર તરી જઈએ તે માટે પ્રભુના અંગુઠે પૂજા કરવી.

સ. ૧૪૧ પ્રભુના ઢીંચણે શા માટે પૂજા કરવી ?

જ. પ્રભુ ઢીંચણની શક્તિથી ગામેગામ વિચરી. કર્મ ખપાવી જેમ કેવલજ્ઞાન પામ્યા, તેમ આપણે પણ કર્મ ખપાવવા ઊભા ઊભા કાઉસ્સગ્ગ ધ્યાને રહી કેવળજ્ઞાન-મોક્ષ-સુખ પામીએ, તે માટે પ્રભુના ઢીંચણે પૂજા કરવી.

સ. ૧૪૨ પ્રભુના કાંડે શા માટે પૂજા કરવી ?

જ. પ્રભુએ બે કાંડા વડે જેમ દીન-દુઃખી, આંધળા, લૂલા, પાંગળા અને દાનના અર્થી જીવોને ક્રોડો સોનૈયાનું દાન દઈને દુઃખથી મુકાવ્યા, તેમ આપણે પણ પ્રભુના કાંડે પૂજા કરી દીન-દુઃખી જીવોને યથાશક્તિ દાન આપી અનંત દાન ગુણને પ્રાપ્ત કરીએ, તેટલા માટે પ્રભુના કાંડે પૂજા કરવી.

સ. ૧૪૩ પ્રભુના ખભે શા માટે પૂજા કરવી ?

જ. પ્રભુનું અનંત બળ દેખીને જેમ માન ચાલ્યું ગયું અને પ્રભુ નિરભિમાની થયા, તેમ પ્રભુના ખભે પૂજા કરી આપણે પણ નિરભિમાની બનીએ તેટલા માટે પ્રભુના ખભે પૂજા કરવી.

સ. ૧૪૪ પ્રભુના મસ્તકે શા માટે પૂજા કરવી ?
જ. લોકના અંતે ઊંચામાં ઊંચું ગુણોનું સ્થાન મોક્ષ તીર્થંકર પરમાત્મા પામ્યા, તેથી પ્રભુના મસ્તકે પૂજા કરી આપણે પણ ઉત્તમોત્તમ મોક્ષસુખ પામીએ. તેટલા માટે પ્રભુના મસ્તકે પૂજા કરવી.

સ. ૧૪૫ પ્રભુના કપાળે શા માટે પૂજા કરવી ?
જ. તીર્થંકરનામકર્મના પુણ્યોદયથી જેમ ત્રણેય જગતના ઉત્તમોત્તમ પુરુષો પ્રભુની ભક્તિ કરે છે, તેમ ત્રણેય ભુવનમાં તિલક સમાન પ્રભુની આપણે પણ ભક્તિ કરીને ત્રણેય ભુવનમાં તિલક જેવા ઉત્તમ થઈએ. એટલા માટે પ્રભુના કપાળે પૂજા કરવી.

સ. ૧૪૬ પ્રભુના કંઠે શા માટે પૂજા કરવી ?
જ. પ્રભુએ અનુપમ એકધારી દેશના આપીને જેમ ભવ્ય જીવોને દુ:ખથી મુકાવ્યા, તેમ આપણે પણ પ્રભુના ગુણો ગાઈ દુ:ખથી છૂટીને મોક્ષ પામીએ તે માટે પ્રભુના કંઠે પૂજા કરવી.

સ. ૧૪૭ પ્રભુના હૃદયે શા માટે પૂજા કરવી ?
જ. હિમ શીતલ હોવા છતાં જેમ વન અને ખેતરોને બાળી મૂકે છે તેમ પ્રભુએ હૃદયમાંના શાંત રસથી રાગ અને દ્વેષનો નાશ કર્યો છે. આપણે પણ રાગ-દ્વેષનો નાશ કરી શાન્તિને પામીએ તે કારણે પ્રભુના હૃદયે પૂજા કરવી.

સ. ૧૪૮ પ્રભુની નાભિએ શા માટે પૂજા કરવી ?
જ. જેમ નાભિસ્થાને રહેલા આઠરૂચક પ્રદેશો કર્મથી રહિત છે, તેમ સર્વ આત્મપ્રદેશે પ્રભુ કર્મથી રહિત થયા છે. હે પ્રભુ ! દીનોદ્ધારક ! આપની નાભિની પૂજા મને પણ કર્મપ્રદેશોથી રહિત કરે ! એટલા માટે પ્રભુની નાભિએ પૂજા કરવી.

સ. ૧૪૯ ધર્મશાસ્ત્રકારોએ ઉકાળેલું પાણી શા માટે પીવાનું કહ્યું છે? પાણી ઉકાળવાથી તો જીવો મરી જાય અને પાપ લાગે.

જ. ત્રણ ઊભરા આવેલું ઉકાળેલું પાણી નિર્જીવ-જીવ વગરનું બને છે અને તેમાં શીયાળામાં ૪ પ્રહર, ઉનાળામાં ૫ પ્રહર અને ચોમાસામાં ૩ પ્રહર સુધી જીવો ઉત્પન્ન થતા નથી, જ્યારે કાચા પાણીમાં સમયે સમયે અસંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે, અને મૃત્યુ પામે છે. આથી ઉકાળેલું પાણી પીવાથી તે સર્વ જીવોનું રક્ષણ થાય છે.

સ. ૧૫૦ દ્વિદળ એટલે શું? અને તેની સાથે કયી વસ્તુ ખાવાથી પાપ લાગે?

જ. દ્વિદળ એટલે જેની બે ફાડ પડી શકે. જેમ વાલ-વટાણા-મગ-અડદ-ચોળા-તુવેર-ચણા વગેરે. કોઈ પણ કઠોળ સાથે કાચું દૂધ, કાચું દહીં, કાચી છાશ (કાચી એટલે ગરમ કર્યા વગરની) ખાઈ શકાય નહિ, કારણ કે તે ભેગાં થતાં અસંખ્યાતા બેઈન્દ્રિયાદિ જીવો તેમાં ઉત્પન્ન થાય છે, એટલે તે ખાતાં તે જીવોની હિંસાનું પાપ લાગે છે.

સ. ૧૫૧ આખો દિવસ ખાવા છતાં રાત્રિભોજન ન કરવાનું પચ્ચક્ખાણ લેનારને શો લાભ મળે?

જ. રાત્રિભોજન ન કરવાનું પચ્ચક્ખાણ લેનારને એક મહિનામાં પંદર ઉપવાસનો લાભ મળે છે.

સ. ૧૫૨ નવકારશીનું પચ્ચક્ખાણ લેનારને શો લાભ મળે?

જ. નારકીમાં રહેલો આત્મા સો વર્ષ સુધી દુઃખો સહન કરીને જેટલાં કર્મો ખપાવે, તેટલાં કર્મો માત્ર નવકારશીનું પચ્ચક્ખાણ કરનારો આત્મા ખપાવી શકે છે.

સ. ૧૫૩ કાળના સમયે કામળી ઓઢવાનું શું કારણ?

જ. કાળના સમયે તમસ્કાયના (અપ્કાયના ન દેખી શકાય

તેવા) જીવો વરસે છે. તે જીવો કામળી ઓઢવાથી બચી જાય છે. જો તે જીવો સુતરાઉ કાપડ ઉપર અગર ખાલી શરીર ઉપર પડે તો મરી જાય છે.

સ. ૧૫૪ કાઉસ્સગ્ગ એટલે શું ?

જ. કાઉસ્સગ્ગ એટલે કાયાને હલાવ્યા-ચલાવ્યા વગર રાખી, કાંઈ પણ બોલ્યા વિના એક ધ્યાને નવકારમંત્ર કે લોગસ્સ આદિ દ્વારા પરમેષ્ઠી ભગવંતોનું સ્મરણ કરવું તે.

સ. ૧૫૫ કાઉસ્સગ્ગના ૧૬ આગારોનાં નામ આપો.

જ. ૧. ઊંચો શ્વાસ લેવો. ૨. નીચો શ્વાસ મૂકવો. ૩. ખાંસી આવવી. ૪. છીંક આવવી. ૫. બગાસું આવવું. ૬. ઓડકાર આવવો. ૭. વાછૂટ થવી. ૮. ચકરી આવવી. ૯. પિત્ત વડે મૂર્ચ્છા આવવી. ૧૦. સૂક્ષ્મ રીતિએ શરીર હાલવું. ૧૧. સૂક્ષ્મ રીતિએ કફ-બળખો આવવો. ૧૨. સૂક્ષ્મ રીતિએ દૃષ્ટિ હાલવી. ૧૩. અગ્નિના ઉપદ્રવથી બીજે સ્થાને જવું પડે ૧૪. પંચેન્દ્રિય જીવ આડા આવતા હોય તો બીજે સ્થાને જવું પડે. ૧૫. રાજાદિના ભયથી બીજે સ્થાને જવું પડે. ૧૬. સર્પાદિ પ્રાણીઓના ઉપદ્રવથી બીજે સ્થાને જવું પડે.

સ.૧૫૬ સામાયિકના પચ્ચક્ખાણનું કયું સૂત્ર છે ?

જ. 'કરેમિ ભંતે' સામાયિકના પચ્ચક્ખાણનું સૂત્ર છે.

સ. ૧૫૭ સામાયિકમાં શું નહિ કરવું જોઈએ ? અને શું કરવું જોઈએ ?

જ. સામાયિકમાં પાપનું કામ, પાપની આજ્ઞા, કોઈની નિંદા કે વિકથા ન કરવી જોઈએ, પણ ધર્મનું ભણવું, વાંચવું, ભણેલું યાદ કરવું, નવકારવાળી ગણવી, વગેરે ધર્મકાર્ય કરવું જોઈએ.

સ. ૧૫૮ સામાયિકમાં કઈ વસ્તુઓને ન અડકી શકાય ?

જ. કાચી માટી, કાચું પાણી, અગ્નિ, ઝાડ-પાન, સ્ત્રી-પૈસા વગેરેને ન અડકી શકાય.

સ. ૧૫૯ સામાયિક વારંવાર કરવા માટે કયા સૂત્રમાં ફરમાન કર્યું છે ?
જ. **'સામાઇય વયજુત્તો'** નામના સૂત્રમાં **'બહુસો સામાઇઅં કુજ્જા'** એ પદથી સામાયિક વારંવાર કરવાનું ફરમાન કર્યું છે.

સ. ૧૬૦ સામાયિકમાં ત્યાગ કરવાના દોષો કેટલા છે ?
જ. (૧) મનના ૧૦ દોષ, (૨) વચનના ૧૦ દોષ, (૩) કાયાના ૧૨ દોષ-એમ કુલ ૩૨ દોષ, સામાયિકમાં ત્યાગ કરવાના કહ્યા છે.

સ. ૧૬૧ મનના ૧૦ દોષ કયા કયા ?
જ. ૧. શત્રુને જોઈ દ્વેષ કરે. ૨. અવિવેકથી સામાયિક કરે. ૩. તત્ત્વનો વિચાર ન કરે. ૪. ખેદ ધારણ કરે. ૫. યશની ઈચ્છા કરે. ૬. વિનય ન કરે. ૭. ભય ચિંતવે. ૮. વ્યાપાર ચિંતવે. ૯. ફળનો સંદેહ કરે. ૧૦. નિયાણું કરે. (ધર્મના બદલામાં સંસારના ફળની ઈચ્છા કરે.)

સ. ૧૬૨ વચનના ૧૦ દોષ કયા કયા ?
જ. ૧. ખરાબ વચન બોલે. ૨. હુંકારા કરે. ૩. પાપના કામની આજ્ઞા આપે. ૪. લવારો કરે. ૫. કજિયો કરે. ૬. આગતા સ્વાગતા કરે. (આવો-જાઓ કહે) ૭. ગાળ દે. ૮. બાળકને રમાડે. ૯. ધર્મ સિવાયની વાતો કરે. ૧૦. મશ્કરી કરે.

સ. ૧૬૩ કાયાના ૧૨ દોષ કયા કયા ?
જ. ૧ સ્થિર આસને ન બેસે. ૨. ચારે બાજુ જોયા કરે. ૩. પાપવાળું કામ કરે. ૪. આળસ મરડે. ૫. અવિનયથી બેસે. ૬. ભીંત વગેરેનો ટેકો લઈ બેસે. ૭. શરીરનો મેલ ઉતારે. ૮. ખરજ ખણે. ૯. પગ ઉપર પગ ચઢાવે. ૧૦. (કામવાસનાથી) અંગ ઉઘાડું રાખે. ૧૧. ચારે તરફથી (આખું) શરીર ઢાંકે, ૧૨. નિદ્રા લે.

સ. ૧૬૪ **'સામાઈઅ વયજુત્તો'** એ સૂત્ર બોલતાં જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર શા માટે મૂકીએ છીએ ? અને તે સૂત્રનું બીજું નામ શું છે ?

જ. 'મારી સામાયિકની પ્રતિજ્ઞા પૂરી થઈ છે, એ દર્શાવવા માટે. આ સૂત્રનું બીજું નામ સામાયિક પારવાનું સૂત્ર છે.'

સ. ૧૬૫ સામયિક લેતાં (૧) નવકાર, પંચિંદિઅ બોલતાં જમણો હાથ સ્થાપનાજી સામે શા માટે રાખવામાં આવે છે ? (૨) તેમ જ સામાયિક પારી રહ્યા પછી જમણો હાથ સવળો રાખીને નવકાર શા માટે બોલવામાં આવે છે ?

જ. (૧) આચાર્ય મહારાજના ૩૬ ગુણોનું આરોપણ કરવા માટે જમણો હાથ સ્થાપનાજી સામે રખાય છે. (૨) ગુણોને ખેંચી લેવા માટે જમણો હાથ સવળો રાખી નવકાર બોલાય છે.

સ. ૧૬૬ દેસાવગાસિક એટલે શું ?

જ. ઓછામાં ઓછું એકાસણું કરવા પૂર્વક સવાર-સાંજ પ્રતિક્રમણ અને બીજાં આઠ સામાયિક કરવાં તે.

સ. ૧૬૭ ૮૪ લાખ યોનિવાળા જીવોમાં મૂંગા, આંધળા અને બહેરા કેટલી યોનિવાળા જીવો છે ? અને બોલતા, દેખતા અને સાંભળતા કેટલી યોનિવાળા જીવો છે ?

જ. એકેન્દ્રિય જીવોની બાવન લાખ યોનિવાળા જીવો મૂંગા, આંધળા અને બહેરા છે, બેઈન્દ્રિય અને તેઈન્દ્રિય જીવોની ચાર લાખ યોનિવાળા જીવો આંધળા અને બહેરા છે. ચઉરિન્દ્રિય જીવોની બે લાખ યોનિવાળા જીવો બહેરા છે, અને પંચેન્દ્રિય જીવોની ૨૬ લાખ યોનિવાળા જીવો બોલતા, દેખતા અને સાંભળતા છે.

સ. ૧૬૮ ચૌદ નિયમ કેવી રીતિએ ધારવા ?

જ. ૧. **સચિત્ત** - દિવસમાં જેટલાં સચિત્ત (સચેતન) દ્રવ્ય મુખમાં નાખવાં પડે તેની સંખ્યા નક્કી કરવી.

૨. **દ્રવ્ય** - જુદા જુદા નામવાળી અને સ્વાદવાળી જેટલી ચીજો ખાવી હોય તેની સંખ્યા ધારવી.

૩. **વિગઈ** - ઘી, ગોળ, દૂધ, દહીં, તેલ અને કડા (તળેલી વસ્તુ) - એ છ વિગઈઓમાંથી હંમેશાં ઓછામાં ઓછી (મૂળથી અથવા કાચી) એક વિગઈનો ત્યાગ કરવો.

૪. (ઉ) **વાણહ** - જોડા, ચંપલ, મોજાં, પાવડી વગેરેની સંખ્યા ધારવી.

૫. **તંબોલ** - સોપારી, એલચી વગેરે મુખવાસ ખાવાનું માપ ધારવું.

૬. **વત્થ** - દિવસમાં અમુક વસ્ત્ર પહેરવાં એમ સંખ્યા ધારવી.

૭. **કુસુમ** - સૂંઘવાની વસ્તુનું વજન ધારવું.

૮. **વાહન** - ગાડી, ઘોડા ઊંટ, મોટર, ટ્રેઈન, રીક્ષા, બસ વગેરે વાહનોમાં બેસવાની સંખ્યા ધારવી.

૯. **શયન** - શય્યા, આસન, ગાદી વગેરે સૂવા-બેસવાનાં સાધનોની સંખ્યા ધારવી.

૧૦. **વિલેપન** - શરીરે વિલેપન કરવાનું માપ ધારવું.

૧૧. **બ્રહ્મચર્ય** - યથાશક્તિ તે વિષે નિયમ ધારવો. (દિવસે સર્વથા બ્રહ્મચર્ય પાળવું.)

૧૨. **દિશિ** - દશેય દિશામાં જવાની મર્યાદા બાંધવી.

૧૩. **સ્નાન** - સ્નાનની ગણતરી કરવી. તે માટે વાપરવાના પાણીનું પરિમાણ (માપ) કરવું. બને તેટલું ઓછું પાણી વાપરવું.

૧૪. **ભત્તેસુ** - ભોજન - પાણીનું વજન ધારવું.

**પૃથ્વીકાય** - માટી, ખારો, ચાક, મીઠું આદિ વાપરવાનું પરિમાણ-માપ ધારવું. **અપ્કાય** - પાણી પીવાનું તથા વાપરવાનું વજન ધારવું. **તેઉકાય** - ચૂલા અને દીવાનું પરિમાણ કરવું. **વાઉકાય** - પંખા, હીંડોળા, વસ્ત્રની ઝાપટ

વગેરેનું પરિમાણ કરવું. **વનસ્પતિ** - ઉપયોગમાં આવતી લીલોતરીનું નામથી તથા તોલથી પરિમાણ કરવું. **અસિ**- સોય, કાતર, સૂડી, છરી, ચપ્પુ, તલવાર વગેરે વાપરવાની સંખ્યાનું પરિમાણ કરવું. **મસી**-ખડીઆ, કલમ, ઈન્ડીપેન આદિ વાપરવાની સંખ્યા ધારવી. **કૃષિ** - હળ, કુહાડા, પાવડા, તરાજ (કોસ) વગેરે વાપરવાની સંખ્યાનું પરિમાણ કરવું. ઉપર પ્રમાણે ચૌદ નિયમો ધારવાથી જગતમાં થતાં અનેક પાપોથી આત્મા બચી જાય છે.

સ. ૧૬૯ બાવીશ અભક્ષ્ય વસ્તુઓનાં નામ આપો.

જ. ૧. મધ, ૨. માખણ, ૩. મદિરા, ૪. માંસ, ૫. ઉંબરાનાં ફળ, ૬. વડના ટેટા, ૭. કોઠીંબડાં, ૮. પીંપળાની પીંપડી, ૯. પીંપળાના ટેટા, ૧૦. બરફ, ૧૧. અફીણ-સોમલ (સર્વ જાતનાં ઝેર), ૧૨. કરા, ૧૩. કાચી માટી, ૧૪. રાત્રિભોજન, ૧૫. બહુબીજ, ૧૬. બોળ અથાણું, ૧૭. વિદળ (કાચા દૂધ-દહીં છાશ સાથે કઠોળ અને કઠોળવાળી કોઈ ચીજ ખાવી તે), ૧૮. રીંગણાં, ૧૯. અજાણ્યાં ફળ, ૨૦. તુચ્છ ફળ (જેમાં ખાવાનું અલ્પ હોય અને ફેંકી દેવાનું ઘણું હોય તે), ૨૧. ચલિત રસ (જેનો સ્વાદ બિલકુલ બગડી ગયો હોય તે) અને ૨૨. અનંતકાય (જેમાં અનંત જીવો હોય તે).

સ. ૧૭૦ બત્રીશ અનંતકાય વસ્તુઓનાં નામ આપો.

જ. ૧. સૂરણ, ૨. લસણ, ૩. લીલી હળદર, ૪. બટાટા ૫. લીલો કચૂરો, ૬. સતાવરી, ૭. હીરલી કદ, ૮. કુંવર, ૯. થોર, ૧૦. ગળો, ૧૧. સકરિયાં, ૧૨. વાંસ-કારેલાં, ૧૩. ગાજર, ૧૪. લુણી, ૧૫. લોઢી, ૧૬. ગિરિકર્ણિકા (ગરમર), ૧૭. કુમળાં પાંદડાં, ૧૮. ખરસયો, ૧૯. થેગની ભાજી, ૨૦. લીલી મોથ, ૨૧. લૂણીના ઝાડની

છાલ, ૨૨. ખીલોડા, ૨૩. અમૃતવેલી ૨૪. મૂળાના કંદ, ૨૫. બિલાડીના ટોપ, ૨૬. નવા અંકૂરા, ૨૭. વથ્થુલાની ભાજી, ૨૮. સુવર વેલ, ૨૯. પાલખની ભાજી, ૩૦. કૂણી આંબલી, ૩૧. રતાળુ, ૩૨. પીંડાળુ.

સ. ૧૭૧ અણાહારી વસ્તુઓનાં નામ આપો.

જ. ૧. લીમડાનાં પાંચ અંગો, ૨. હરડાં, બેડાં અને આમળાં - એ ત્રણ ભેગાં કરી - તેની ગોળી ગાયના મૂત્રમાં વાળેલી હોય તો જ અણાહારી ગણાય છે, ૩. કડુ, ૪. કરીયાતું, ૫. ગળો, ૬. નાહીયા; ૭. ધમાશો, ૮. કેરડાનાં મૂળ, ૯. બોરડી છાલ-મૂળ, ૧૦. કેથરલી મૂળ, ૧૧. ચિત્રો, ૧૨. ખેરસાર, ૧૩. સુખડ, ૧૪. મલાયાગરુ, ૧૫. ચીડી, ૧૬. અંબર, ૧૭. કસ્તુરી, ૧૮. રાખ, ૧૯. ચૂનો, ૨૦. રોહિણી, ૨૧. હળદર, ૨૨. પાતલી, ૨૩, ખાસગંધી, ૨૪. કુંદરૂ, ૨૫. ગડુચી, ૨૬. સુડડી, ૨૭. દીકામલી, ૨૮. બોરબીયું, ૨૯. સંઘી લીંગરી, ૩૦. રીંગણી, ૩૧. અફીણ, ૩૨. સર્વ જાતનાં ઝેર, ૩૩. સાજીખાર, ૩૪. જીકો, ૩૫. ઉપલેટ, ૩૬. ગૂગળ, ૩૭. અતિવિષની કળી, ૩૮. પુંવાડ. ૩૯. એળિયો, ૪૦. ચુણીફળ, ૪૧. સુરોખાર, ૪૨. ટંકણખાર, ૪૩. ગોમૂત્ર, ૪૪. બોળ, ૪૫. મજીઠ, ૪૬. કણયરનાં મૂળ, ૪૭. કુંવારી, ૪૮. થોર ૪૯. પંચમૂળ, ૫૦. ખારો ૫૧. ફટકડી, ૫૨. ચીમેડ, ૫૩. હરડેદલ અને ૫૪. વખમો.

સ. ૧૭૨ સંમૂર્ચ્છિમ મનુષ્યને ઉપજવાનાં ચૌદ સ્થાનકોનાં નામ આપો.

જ. ૧. ઝાડામાં, ૨. પેશાબમાં, ૩. બળખામાં, ૪. શરીરના મેલમાં, ૫. નાકના મેલમાં, ૬. ઊલટીમાં, ૭. પિત્તમાં, ૮. પરૂમાં ૯. લોહીમાં, ૧૦. વીર્યમાં, ૧૧. મડદામાં. ૧૨.

નહિ પરંતુ શક્તિ હોય તો તેના દુઃખને દૂર કરવા માટે તૈયાર હોય.

૧૧. **મધ્યસ્થ** - કર્મની ગહન ગતિનો વિચાર કરી ખરાબ વૃત્તિવાળાં પ્રાણીઓની ઉપર દ્વેષ નહિ કરનારો.

૧૨. **ગુણાનુરાગી** - જીવો થોડા-ઘણા અવગુણોથી ભરેલા હોય છે, માટે જ્યાં ગુણો દેખાય તેને જ ગ્રહણ કરવા તૈયાર રહેનારો અને નિર્ગુણી ઉપર ઉપેક્ષા ભાવ રાખનારો હોય.

૧૩. **સત્કથ** - વિકથાઓને છોડી ધર્મકથાને જ કરનારો હોય.

૧૪. **સુપક્ષયુક્ત** - સુશીલ અને અનુકૂળ પરિવારવાળો હોય.

૧૫. **સુદીર્ઘદર્શી** - લાભાલાભનો વિચાર કરીને કાર્ય કરનારો હોય. પણ આંખ મીંચીને ભૂસકો મારનાર ન હોય.

૧૬. **વિશેષજ્ઞ** - ગુણ - દોષને અને ધર્મ - અધર્મને સારી રીતે સમજનારો હોય.

૧૭. **વૃદ્ધાનુગ** - જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ અને ચારિત્રવૃદ્ધ આત્માઓનો સેવક હોય અને તેઓની આજ્ઞાને અનુસરનારો હોય. (વૃદ્ધની અવજ્ઞા કરનાર ન હોય.)

૧૮. **વિનીત** - પોતાનાથી અધિક ગુણવાળાની ઉચિત સેવા, વિનય, વિવેક અને મર્યાદા સાચવનારો હોય, પણ થોડું-ઘણું જાણ્યું એટલે અક્કડ રહેનારો ન હોય.

૧૯. **કૃતજ્ઞ** - કોઈએ પોતાના ઉપર સહેજ પણ ઉપકાર કર્યો હોય તેને મોટા રૂપમાં બતાવનાર અને તે ઉપકારને કદી પણ નહિ ભૂલનાર.

૨૦. **પરહિતકારી** - બદલાની જરા પણ આશા રાખ્યા વિના ગમે તેનું પ્રસંગ આવ્યે ભલું-હિત કરવામાં તત્પર હોય.

૨૧. **લબ્ધલક્ષ્ય** - દરેક પ્રકારના ધર્મકૃત્યમાં સુશિક્ષિત હોય,

જે કાંઈ ધર્મક્રિયા કરે તે ધ્યેય-બિન્દુને લક્ષમાં રાખીને કરનાર અને ઇંગિત-આકારથી અન્યના માનસિક ભાવોને જાણવાવાળો હોય.

સ. ૧૭૫ માર્ગાનુસારી એટલે શું ?

જ. સમ્યક્ત્વ પામ્યા પહેલાં પણ વીતરાગના માર્ગને અનુસરતા માતા-પિતાનો વિનય, વિવેક, નીતિ વગેરે ઉચિત આચરણવાળો જીવ માર્ગાનુસારી કહેવાય છે.

--------------

## લેખિત ધોરણ પાંચમું

સ. ૧૭૬ સંસારી જીવોના કેટલા ભેદ છે ? અને તે કયા કયા છે ?

જ. સંસારી જીવોના બે ભેદ (૧) સ્થાવર (૨) ત્રસ.

સ. ૧૭૭ સ્થાવર એટલે શું ? તેમને કેટલી ઇન્દ્રિય હોય ? અને તે કયા કયા ?

જ. સ્થાવર એટલે એક સ્થાનકેથી બીજા સ્થાનકે પોતાની ઇચ્છાથી જઈ શકે નહિ તે. તે એકેન્દ્રિય જીવો જાણવા. પૃથ્વીકાય, અપ્‌કાય વગેરે.

સ. ૧૭૮ ત્રસ એટલે શું ? તેમને કેટલી ઇન્દ્રિય હોય ? અને તે ક્યા ક્યા ?

જ. ત્રસ એટલે ઇચ્છાનુસાર એક સ્થાનકથી બીજે સ્થાનકે જઈ શકે તેવા, તે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો જાણવા.

સ. ૧૭૯ એકેન્દ્રિય વગેરે જીવોને કઈ કઈ ઇન્દ્રિય હોય ?

જ. (૧) એકેન્દ્રિય....શરીર (૨) બેઇન્દ્રિય....શરીર અને જીભ. (૩) તેઇન્દ્રિય-શરીર, જીભ, નાક. (૪) ચઉરિન્દ્રિય-શરીર, જીભ, નાક અને આંખ (૫) પંચેન્દ્રિય-શરીર, જીભ, નાક, આંખ અને કાન.

સ. ૧૮૦ એકેન્દ્રિય જીવ કયા કયા ?

જ. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. આ જીવો એકેન્દ્રિય છે, તેઓને ફક્ત શરીર હોય છે.

સ. ૧૮૧ બેઇન્દ્રિય જીવ કયા કયા ?

જ. શંખ, કોડા, છીપ, અળસિયા, પોરા, જળો, કરમિયા વગેરે. આ જીવોને શરીર અને જીભ હોય છે.

સ. ૧૮૨ તેઇન્દ્રિય જીવ કયા કયા ?

જ. કાનખજૂરા, કીડી, મકોડા, જુ, ઊધઈ, ઇયળ, ધાન્યના કીડા, વિષ્ટાના કીડા, છાણના કીડા, કુંથુઆ વગેરે. આ જીવોને શરીર, જીભ અને નાક હોય છે.

સ. ૧૮૩ ચઉરિન્દ્રિય જીવ કયા કયા ?

જ. વીંછી, ભમરા, ભમરીઓ, તીડ, ખડમાંકડી, પતંગિયાં, મચ્છર, ડાંસ, કંસારી વગેરે, આ જીવોને શરીર, જીભ, નાક અને આંખ હોય છે.

સ. ૧૮૪ પંચેન્દ્રિય જીવ કયા કયા ?

જ. દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકી, આ જીવોને શરીર, જીભ, નાક, આંખ અને કાન હોય છે.

સ. ૧૮૫ દેવતા, નારકી, મનુષ્ય, અને તિર્યંચ એટલે શું ?

જ. (૧) દેવતા એટલે વધારે પુણ્યથી દેવગતિમાં ઉત્પન્ન થયેલા હોય તે, (૨) નારકી એટલે ઘણું પાપ કરવાથી દુઃખ ભોગવવા નારકીમાં ઉપજેલા હોય તે, (૩) મનુષ્ય એટલે સરળ અને શાન્ત સ્વભાવથી મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય તે, (૪) તિર્યંચ એટલે કપટ વગેરે કરવાથી પશુ-પંખીમાં ઉત્પન્ન થાય તે.

સ. ૧૮૬ નવ તત્ત્વનાં નામ આપો અને તેનો અર્થ સમજાવો.

જ. ૧. જીવતત્ત્વ એટલે જીવવાળા પદાર્થો. ૨. અજીવતત્ત્વ

એટલે જીવ વગરના પદાર્થો. ૩. પુણ્યતત્ત્વ એટલે સારાં કાર્યો. (૪) પાપતત્ત્વ એટલે ખરાબ કાર્યો. ૫. આશ્રવતત્ત્વ એટલે જેનાથી કર્મ આવે તે. ૬. સંવરતત્ત્વ એટલે જેનાથી આવતાં કર્મ રોકાઈ જાય તે. ૭. નિર્જરાતત્ત્વ એટલે જેનાથી કર્મનો ધીમે ધીમે નાશ થાય તે. ૮. બંધતત્ત્વ એટલે જેનાથી કર્મ બંધાય તે. ૯. મોક્ષતત્ત્વ એટલે જેનાથી આત્મા કર્મરહિત થાય તે.

સ. ૧૮૭ પુણ્ય કેટલા પ્રકારે બંધાય? અને તે કઈ કઈ રીતિએ બંધાય?

જ. પુણ્ય નવ પ્રકારે બંધાય છે.

૧. પાત્રને અન્ન આપવાથી. ૨. પાત્રને પાણી આપવાથી. ૩. પાત્રને સ્થાન આપવાથી. ૪. પાત્રને બિછાનું આપવાથી. ૩. પાત્રને વસ્ત્ર આપવાથી. ૬. પ્રાણીઓના કલ્યાણ માટે સારો વિચાર કરવાથી. ૭. પ્રાણીઓના કલ્યાણ માટે સારું બોલવાથી. ૮. પ્રાણીઓના કલ્યાણ માટે શરીરના શુભ વ્યાપારથી. ૯. દેવ-ગુરુને નમસ્કાર આદિથી.

આ ઉપરાંત જિનમંદિર આદિ સાતે ક્ષેત્રની ભક્તિ વગેરેથી વિશિષ્ટ પુણ્ય બંધાય છે અને નિર્જરા થાય છે.

સ. ૧૮૮ પાપ કેટલા પ્રકારે બંધાય? અને તે કઈ કઈ રીતિએ બંધાય?

જ. પાપ અઢાર પ્રકારે બંધાય છે.

૧. જીવને મારી નાખવા (દુઃખ દેવું). ૨. જૂઠું બોલવું. ૩. ચોરી કરવી. ૪. વિષયો સેવવા. ૫. ધન-ધાન્યનો સંગ્રહ કરવો. ૬. ગુસ્સો કરવો. ૭..અહંકાર કરવો. ૮. કપટ કરવું. ૯. અસંતોષ રાખવો. ૧૦. પ્રીતિ કરવી. ૧૧. તિરસ્કાર કરવો. ૧૨. કજિયો કરવો. ૧૩. ખોટું આળ દેવું. ૧૪. ચાડી ખાવી. ૧૫. સુખમાં હર્ષ કરવો અને દુઃખમાં શોક કરવો. ૧૬. પારકી નિંદા કરવી. ૧૭. કપટ

સાથે જૂઠું બોલી છેતરવું. ૧૮. કુદેવ, કુગુરુ અને કુધર્મને માનવા.

સ. ૧૮૯ ધર્મ કેટલા પ્રકારે થાય છે? અને કઈ કઈ રીતિએ થાય છે?

જ. ધર્મ ચાર પ્રકારે થાય છે.
૧. દાન દેવાથી ૨. શિયળ પાળવાથી. ૩. તપ કરવાથી. ૪. ભાવના ભાવવાથી.

સ. ૧૯૦ પ્રભુનો જન્માભિષેક કરવા ૬૪ ઇન્દ્રો જાય છે. તો તે ૬૪ ઇન્દ્રો કયા કયા?

જ. ૧૦ ભવનપતિ દેવોના ૨૦ ઇન્દ્રો, ૮ વ્યંતર દેવોના ૧૬ ઇન્દ્રો, ૮ વાણવ્યંતર દેવોના ૧૬ ઇન્દ્રો. ૫. જ્યોતિષી દેવોના ૨ ઇન્દ્રો. બાર વૈમાનિક દેવોના ૧૦ ઇન્દ્રો. આ ચોસઠ ઇન્દ્રો પ્રભુનો જન્માભિષેક કરવા માટે મેરુપર્વત ઉપર જાય છે.

સ. ૧૯૧ ભવનપતિ વગેરે દેવો ક્યાં રહે છે?

જ. ભવનપતિ અને પરમાધામી દેવો અધોલોકમાં રહે છે. વ્યંતર, વાણવ્યંતર, જ્યોતિષી અને તિર્યગ્જૃંભક દેવો મનુષ્યલોકમાં રહે છે, વૈમાનિક, કિલ્બીષીયા, નવ લોકાન્તિક, નવ ગ્રૈવેયેક અને પાંચ અનુત્તરવાસી દેવો સ્વર્ગ (ઊર્ધ્વ) લોકમાં રહે છે.

સ. ૧૯૨ ચૌદ રાજલોકના કયા રાજમાં કયા જીવો આવે છે?

જ. લોકના નીચેના ભાગથી શરૂઆતના છ રાજ્યમાં છ નારકી અને સાતમા રાજમાં પહેલી નારકીના જીવો, ભવનપતિ,વ્યંતર, વાણવ્યંતર, જ્યોતિષી, મનુષ્ય અને તિર્યંચો રહે છે. પછીના પાંચ રાજમાં ૧૨ દેવલોક અને પછીના બે રાજમાં નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરના દેવો રહે છે. સાતમા રાજની રત્નપ્રભા પૃથ્વીની સમભૂમિથી

ઉપરના ૯૦૦ યોજન અને નીચેના ૯૦૦ યોજન મળીને ૧૮૦૦ યોજનમાં મનુષ્યો અને તિર્યંચો રહે છે.

સ. ૧૯૩ કષાય એટલે શું ? તે કેટલા છે અને કયા કયા છે ? તે સમજાવો.

જ. કષાય એટલે જેનાથી સંસાર વધે અને જન્મ મરણ કરવાં પડે તે. તે ચાર છે. ૧. ક્રોધ (ગુસ્સો) ૨. માન (ગર્વ) ૩. માયા (કપટ) ૪. લોભ (મૂર્ચ્છા.)

સ. ૧૯૪ ચારેય ગતિના જીવોમાં કોને કયો કષાય વધારે હોય ?

જ. દેવતાઓને લોભ, નારકીને ક્રોધ,. મનુષ્યને માન અને તિર્યંચને માયા વધારે હોય છે.

સ. ૧૯૫ છ દ્રવ્યોનાં નામ આપો. એમાં જીવ અને અજીવ દ્રવ્ય કેટલાં છે ?

જ. (૧) ધર્માસ્તિકાય............. અજીવ દ્રવ્ય છે.
(૨) અધર્માસ્તિકાય........... અજીવ દ્રવ્ય.
(૩) આકાશાસ્તિકાય..........અજીવ દ્રવ્ય.
(૪) પુદ્ગલાસ્તિકાય.......... અજીવ દ્રવ્ય.
(૫) જીવાસ્તિકાય............ ચેતન દ્રવ્ય (જીવદ્રવ્ય)
(૬) કાળ.................. અજીવ દ્રવ્ય.

સ. ૧૯૬ છયે કાયાના જીવોનું વધારેમાં વધારે આયુષ્ય કેટલું ?

જ. પૃથ્વીકાયનું બાવીશ હજાર વર્ષનું, અપ્કાયનું સાત હજાર વર્ષનું, તેઉકાયનું ત્રણ અહોરાત્રનું, (૭૨ કલાકનું), વાઉકાયનું ત્રણ હજાર વર્ષનું, પ્રત્યેક વનસ્પતિનું દશ હજાર વર્ષનું, સાધારણ વનસ્પતિ (અનંતકાયનું) અંતર્મુહૂર્તનું, બેઇન્દ્રિયનું બાર વર્ષનું, તેઇન્દ્રિયનું ઓગણપચાસ દિવસનું, ચઉરિન્દ્રિયનું છ માસનું, પંચેન્દ્રિયમાં મનુષ્ય અને તિર્યંચનું ત્રણ પલ્યોપમનું અને દેવતા તથા નારકીનું તેત્રીશ સાગરોપમનું વધારેમાં વધારે આયુષ્ય હોય છે.

સ. ૧૯૭ પ્રાણ એટલે શું ? તે કેટલા છે ? અને તેનાં નામ આપો.

જ. જીવ જે વડે જીવી શકે, સર્વ કામો કરી શકે તે અથવા શરીરમાં રહી શકે તે પ્રાણ કહેવાય. તે દશ છે. પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ (મનબળ, વચનબળ, અને કાયબળ), એક શ્વાસોચ્છ્વાસ અને એક આયુષ્ય.

સ. ૧૯૮ એકેન્દ્રિયાદિ જીવોને કેટલા પ્રાણ હોય છે ?

જ. એકેન્દ્રિયને ચાર પ્રાણ (સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય). બેઈન્દ્રિયને છ પ્રાણ ([૧]શરીર, જીભ, કાયબળ, વચનબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય) તેઈન્દ્રિયને સાત પ્રાણ, (શરીર, જીભ, નાક, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય), ચઉરિન્દ્રિયને આઠપ્રાણ. (શરીર, જીભ, નાક, આંખ, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય), અસંજ્ઞી પંચેન્દ્રિયને નવ પ્રાણ (શરીર, જીભ, નાક, આંખ, કાન, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.) સંજ્ઞી પંચેન્દ્રિયને દશ પ્રાણ (શરીર, જીભ, નાક, આંખ, કાન, મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય)

સ. ૧૯૯ મનબળ, વચનબળ, અને કાયબળ એટલે શું ?

જ. જેનાથી વિચાર કરી શકીએ તે મનબળ, જેનાથી બોલી શકીએ છીએ તે વચનબળ. જેનાથી ઊઠવું-બેસવું, મૂકવું વગેરે કામ કરી શકીએ છીએ તે કાયબળ.

સ. ૨૦૦ શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એટલે શું ?

જ. હવાને શરીરમાં ખેંચવાની અને બહાર કાઢવાની શક્તિ તે શ્વાસોચ્છ્વાસ. જેનો ઉદય થવાથી તે ભવમાં અમુક વખત સુધી રહેવું પડે તે આયુષ્ય.

---

૧ જ્યાં શરીર લખ્યું છે તેનો અર્થ સ્પર્શનેન્દ્રિય સમજવો.

સ. ૨૦૧ એકેન્દ્રિયાદિ જીવો પોતાની કાયમાં નિરંતર કેટલા વખત સુધી જન્મ લે, અને મરે છે ?

જ. એકેન્દ્રિય જીવો (પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય અને પ્રત્યેક વનસ્પતિકાય) અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ સુધી જન્મ લે છે અને મરે છે, સાધારણ વનસ્પતિકાય (અનંતકાય જીવો) અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ સુધી જન્મ લે છે અને મરે છે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, અને ચઉરિન્દ્રિય, જીવો સંખ્યાતા-સેંકડો વર્ષો સુધી પોતાની કાયમાં જન્મ લે છે અને મરે છે. મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવો સાત-આઠ ભવ સુધી જન્મ લે છે અને મરે છે દેવતા મરીને (તરત) દેવતા થતા નથી તેમજ નારકીના જીવો મરીને (તરત) નારકીમાં જતા નથી.

સ. ૨૦૨ ઉત્સર્પિણી તથા અવસર્પિણી એટલે શું ?

જ. જે કાળમાં ક્રમે-ક્રમે મનુષ્ય આદિ જીવોનાં શરીર, આયુષ્ય, બુદ્ધિ, બળ વગેરે વધે તે ઉત્સર્પિણી અને જે કાળમાં ક્રમે-ક્રમે શરીર, આયુષ્ય, બુદ્ધિ, બળ વગેરે ઓછાં થાય તે અવસર્પિણી.

સ. ૨૦૩ પર્યાપ્તિ એટલે શું ? તેનો અર્થ સમજાવો.

જ. પર્યાપ્તિ એટલે સંસારી જીવને જીવન જીવવામાં ઉપયોગી શક્તિ. તે છ છે.

(૧) આહારપર્યાપ્તિ-આહારયોગ્ય પુદ્‌ગલો લઈને રસ અને ખળરૂપે બનાવવાની આત્માની શક્તિ.

(૨) શરીર પર્યાપ્તિ-રસયોગ્ય પુદ્‌ગલોને સાત ધાતુ રૂપે બનાવી શરીર રૂપે કરવાની શક્તિ.

(૩) ઈન્દ્રિય પર્યાપ્તિ-ઈન્દ્રિયયોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી ઈન્દ્રિયો રૂપે બનાવવાની શક્તિ.

(૪) શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ-શ્વાસોચ્છ્‌વાસ લેવા-મૂકવાની શક્તિ.

(૫) ભાષા પર્યાપ્તિ-વચન-વ્યાપારમાં સમર્થ બનવાની શક્તિ.

(૬) મનઃપર્યાપ્તિ-વિચાર કરવાની શક્તિ.

સ. ૨૦૪ એકેન્દ્રિયાદિ જીવોને કેટલી કેટલી પર્યાપ્તિ હોય છે ?

જ. એકેન્દ્રિય જીવને આહાર, શરીર, ઈન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પર્યાપ્તિ હોય છે. વિકલેન્દ્રિય જીવો (બેઇંદ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય) અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ અને ભાષા એ પાંચ પર્યાપ્તિ હોય છે. સંજ્ઞીપંચેન્દ્રિય જીવોને, આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિ હોય છે.

સ. ૨૦૫ કર્મ કયા હેતુઓ વડે બંધાય છે ?

જ. કર્મ ચાર હેતુઓ વડે બંધાય છે. (૧) મિથ્યાત્વ-અરિહંત ભગવંતોએ કહેલા તત્ત્વને ન માનવું, અથવા વિપરીત સ્વરૂપે માનવું. (૨) અવિરતિ-પાપપ્રવૃત્તિને પ્રતિજ્ઞા દ્વારા ન રોકવી. (૩) કષાય-ક્રોધ, માન, માયા, અને લોભ કરવા. (૪) યોગ-મન, વચન અને કાયાનો વ્યાપાર.

સ. ૨૦૬ કર્મ કયા હેતુઓ વડે રોકાય છે ?

જ. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીસ પરિષહ, દશ યતિ ધર્મ, બાર ભાવના અને પાંચ ચારિત્ર દ્વારા કર્મ રોકાય છે.

સ. ૨૦૭ સમિતિ એટલે શું ? તે કેટલી અને કઈ કઈ છે ?

જ. સમિતિ એટલે સારી રીતિએ વર્તવું તે. (અગર ઉપયોગપૂર્વકનું કાર્ય.) તે પાંચ છે. (૧) ઈર્યાસમિતિ.
(૨) ભાષાસમિતિ. (૩) એષણાસમિતિ.
(૪) આદાનભંડમત્તનિક્ખેવણાસમિતિ.
(૫) પારિષ્ઠાપનિકાસમિતિ.

સ. ૨૦૮ પાંચ સમિતિનો અર્થ સમજાવો.

જ. ૧. ઈર્યાસમિતિ એટલે જીવોની રક્ષા માટે જતાં-આવતાં જોઈને ચાલવું. ૨. ભાષાસમિતિ એટલે પાપવાળું વચન ન બોલવું. ૩. એષણાસમિતિ એટલે ૪૨ દોષ ન લાગે તેવા આહાર-પાણી વગેરે લેવાં. (૪) આદાનભંડમત્તનિક્ખેવણાસમિતિ એટલે વસ્ત્ર-પાત્રાદિ કોઈ પણ વસ્તુ પૂંજી-પ્રમાર્જી લેવી-મૂકવી તે. (૫) પારિષ્ઠાપનિકાસમિતિ એટલે મળ-મૂત્ર-બળખો વગેરે જીવ વગરની ભૂમિમાં પરઠવવાં તે.

સ. ૨૦૯ ગુપ્તિ એટલે શું ? તે કેટલી છે ? તેનો અર્થ સમજાવો.

જ. ગુપ્તિ એટલે મન, વચન અને કાયાનું રક્ષણ કરવું તે. તે ત્રણ છે. ૧. મનગુપ્તિ-કલ્પનાઓના તરંગોને રોકી મનને શમભાવમાં સ્થિર કરવું તે. ૨. વચનગુપ્તિ-મૌન રહેવું. ૩. કાયગુપ્તિ-શરીરને પાપ-પ્રવૃત્તિથી રોકવું.

સ. ૨૧૦ સમિતિ-ગુપ્તિને અષ્ટ પ્રવચનમાતા શા માટે કહેવાય છે ?

જ. **અષ્ટપ્રવચનમાતા** - જેમ માતા પુત્રને જન્મ આપે છે, તેનું પાલન કરે છે અને સંસ્કાર સિંચન કરે છે તેમ 'પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ' અષ્ટ પ્રવચનમાતા સાધુઓના અછતા ચારિત્ર ધર્મને ઉત્પન્ન કરે છે, હોય તેનું પરિપાલન અને વૃદ્ધિ કરે છે તેમજ વિશુદ્ધ કરે છે તેથી, તે પ્રવચનમાતા કહેવાય છે અને ઉત્તરોત્તર અજરામર સ્થાને પહોંચાડે છે.

---

## લેખિત ધોરણ છઠ્ઠું

સ. ૨૧૧ પરીષહ એટલે શું ? તે કેટલા છે ? અને કયા કયા છે ?

જ. પરીષહ એટલે કર્મનિર્જરા માટે ઇચ્છાપૂર્વક સારી રીતિએ સહન કરવું તે. તે બાવીસ છે.

૧. ક્ષુધા પરીષહ, ૨. પિપાસા પરીષહ, ૩. શીત પરીષહ, ૪. ઉષ્ણ પરીષહ, ૫. દંશ પરીષહ, ૬. અચેલક પરીષહ, ૭. અરતિ પરીષહ, ૮. સ્ત્રી પરીષહ, ૯. ચર્યા પરીષહ ૧૦. નૈષેધિકી પરીષહ, ૧૧. શય્યા પરીષહ, ૧૨. આક્રોશ પરીષહ, ૧૩. વધ પરીષહ, ૧૪. યાચના પરીષહ, ૧૫. અલાભ પરીષહ, ૧૬. રોગ પરીષહ, ૧૭. તૃણસ્પર્શ પરીષહ, ૧૮. મલ પરીષહ, ૧૯. સત્કાર પરીષહ, ૨૦. પ્રજ્ઞા પરીષહ, ૨૧. અજ્ઞાન પરીષહ, ૨૨. સમ્યક્ત્વ પરીષહ.

સ. ૨૧૨ યતિધર્મ એટલે શું ? તે કેટલા છે ? અને કયા કયા છે ? તે સમજાવો.

જ. યતિધર્મ એટલે સંયમધર્મમાં દોષો ન લાગે અને તેનું સારી રીતે પાલન થાય તેવા નિયમો, યતિધર્મ દશ છે., ૧. ક્ષમાધર્મ એટલે ક્રોધ ન કરવો-ક્ષમા રાખવી. ૨. માર્દવધર્મ એટલે અભિમાન ન કરવું-નમ્રતા રાખવી. ૩. આર્જવધર્મ એટલે કપટ ન કરવું-સરળતા રાખવી. ૪. મુક્તિધર્મ એટલે લોભ ન કરવો. ૫. તપધર્મ એટલે પાપકારી ઇચ્છાને રોકવી. ૬. સંયમધર્મ એટલે પાંચ અવ્રત. પાંચ ઇન્દ્રિયોનું નિરંકુશપણું, ચાર કષાય, ત્રણ દંડ, -એમ સત્તરનો ત્યાગ કરવો, ૭. સત્યધર્મ એટલે સાચું બોલવું, ૮. શૌચધર્મ એટલે શરીર શુદ્ધ રાખવું તથા આત્માના શુદ્ધ પરિણામ રાખવા. ૯. અકિંચનધર્મ એટલે કોઈ પણ વસ્તુ ઉપર મમતા ન રાખવી. ૧૦. બ્રહ્મચર્ય ધર્મ એટલે શિયળ પાળવું.

સ. ૨૧૩ ભાવના એટલે શું ? તે કેટલી છે ? અને કઈ કઈ છે ? તે સમજાવો.

જ. ભાવના એટલે સંસાર ઉપરનો મોહ ઘટે અને મોક્ષ મેળવવાની ઈચ્છા થાય તેવી વિચારણા, તે ભાવના ૧૨ છે.

૧. **અનિત્ય ભાવના**-શરીર, ધન, ધાન્ય, કુટુંબ વગેરે કાયમ રહેવાનું નથી અને નાશવંત છે એમ વિચારી તેના ઉપરના મમત્વનો ત્યાગ કરવો.

૨. **અશરણ ભાવના**-જન્મ-મરણનાં દુઃખોથી બચવા માટે ધર્મ સિવાય કોઈનું શરણું નથી, એવું ચિંતવવું તે.

૩. **સંસાર ભાવના**-આ સંસારમાં માતા મરીને સ્ત્રી થાય છે, સ્ત્રી મરીને માતા થાય છે, પિતા મરીને પુત્ર થાય છે અને પુત્ર મરીને પિતા થાય છે, -એવી સંસારની ઘટના વિચારવી તે.

૪. **એકત્વ ભાવના**-જીવ એકલો જન્મ્યો છે અને એકલો મરણ પામે છે, એકલો કર્મ બાંધે છે અને એકલો કર્મ ભોગવે છે, માટે જન્મ-મરણથી કેમ છુટાય? એ પ્રમાણે ચિંતવવું તે.

૫. **અન્યત્વ ભાવના**-આત્મા શરીર થકી જુદો છે, શરીર અનિત્ય છે, હું નિત્ય છું, શરીર જડ છે, હું ચેતન છું, એ પ્રમાણે આત્મ-રમણતામાં સ્થિર રહેવા માટે ચિંતવવું તે.

૬. **અશુચિત્વ ભાવના**-આ શરીર માંસ-લોહી-પરૂ વગેરેથી ઘણું જ અપવિત્ર છે અને નગરની ગટરની પેઠે તેમાંથી હંમેશાં અશુચિ વહ્યા કરે છે, -એવું વિચારીને શરીર ઉપરની મમતા દૂર કરવા માટે ચિંતવવું તે.

**આશ્રવ ભાવના**-દાન-દયાથી શુભ કર્મ બંધાય છે અને ક્રોધાદિ કષાયોથી અશુભ કર્મ બંધાય છે,-એમ વિચારી આત્મા મલિન ન થાય તે માટે ચિંતવવું તે.

૮. **સંવર ભાવના**-સમિતિ, ગુપ્તિ વગેરે પાળવાથી કર્મ રોકાઈ જાય છે, -એમ ચિંતવીને કર્મ રોકવા માટે પ્રયત્ન કરવો તે.

૯. **નિર્જરા ભાવના**-બાર પ્રકારના તપ વડે કર્મનો ધીમે ધીમે નાશ થાય છે, માટે તપ દ્વારા કર્મને ખપાવવાનો વિચાર તે.

૧૦. **લોકસ્વભાવ ભાવના**-આ જગતનું સ્વરૂપ ઉત્પત્તિ,

સ્થિતિ અને નાશના સ્વભાવવાળું છે-એમ વિચારીને તેમાં જાગ્રત રહેવું તે.

૧૧. **બોધિદુર્લભ ભાવના**-જીવોને સઘળી સામગ્રી મળી શકે છે, પણ સમકિત પામવું ઘણું દુર્લભ છે, એવું સમકિત પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો તે.

૧૨. **ધર્મ ભાવના**-આ સંસારમાં શ્રી વીતરાગદેવે કહેલો ધર્મ તેમજ શ્રી અરિહંતાદિ ભગવંતોનો યોગ પામવો મહાદુર્લભ છે, -એવું વિચારીને શ્રી અરિહંતાદિ ભગવંતોની ભક્તિ કરવી તે.

સ. ૨૧૪ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવના એટલે શું ?

જ. (૧) મૈત્રી ભાવના એટલે સર્વજીવોની સાથે મિત્રતા ભાવવી. (૨) પ્રમોદ ભાવના એટલે ગુણી મનુષ્યોના ગુણો દેખીને હર્ષ પામવો. (૩) કારુણ્ય ભાવના એટલે દરેક દુ:ખી જીવો તથા ધર્મહીન જીવો ઉપર દયા રાખવી, (૪) માધ્યસ્થ ભાવના એટલે અજ્ઞાની અથવા મૂઢ પ્રાણીઓ ઉપર મધ્યસ્થપણું રાખવું તે.

સ. ૨૧૫ ચારિત્ર એટલે શું ? તે કેટલાં છે ? અને કયાં કયાં છે ?

જ. ચારિત્ર એટલે કર્મસમૂહને ખાલી કરે અથવા કર્મસમૂહનો નાશ કરે તે. ચારિત્ર પાંચ. ૧. સામાયિક ચારિત્ર. ૨. છેદોપસ્થાપનીય ચારિત્ર. ૩. પરિહારવિશુદ્ધિ ચારિત્ર. ૩. સૂક્ષ્મસંપરાય ચારિત્ર. યથાખ્યાત ચારિત્ર.

સ. ૨૧૬ ઉપરના પાંચ ચારિત્રનો અર્થ સમજાવો.

જ. ૧. સામાયિક ચારિત્ર - જેમાં સમતાનો લાભ થાય તેવા સાધુના આચારનું પ્રતિજ્ઞાપૂર્વકનું સમ્યક્ પાલન.

૨. છેદોપસ્થાપનીય ચારિત્ર - યોગ્યતા પ્રાપ્ત કર્યા પછી મહાવ્રતોનું આરોપણ કરાય છે તે.

૩. પરિહારવિશુદ્ધિ ચારિત્ર - અઢાર (૧૮) માસ સુધી

વિશિષ્ટ તપશ્ચર્યા કરીને વિશેષ પ્રકારે ચારિત્રની આરાધના કરાય છે તે, આ ચારિત્ર નવ પૂર્વથી વધારે અને દશપૂર્વથી ઓછું ભણેલા સાધુઓને હોય છે.

૪. સૂક્ષ્મસંપરાય ચારિત્ર-જ્યાં થોડા પણ લોભ કષાયનો ઉદય હોય છે તે (આ ચારિત્ર દશમા ગુણસ્થાનકે હોય છે.)

૫. યથાખ્યાત ચારિત્ર-સર્વથા કષાયના ઉદયનો અભાવ હોય તેવું ચારિત્ર.

સ. ૨૧૭ તપ એટલે શું? તે કેટલા પ્રકારનો છે. અને કયો કયો છે?

જ. તપ એટલે કર્મને તપાવવું તે. તે છ બાહ્ય અને છ અભ્યંતર - એમ બાર પ્રકારનો છે.

સ. ૨૧૮ છ પ્રકારના બાહ્ય તપનાં નામ આપો અને તે સમજાવો.

જ.. છ પ્રકારનો બાહ્ય તપ-૧ અનશન તપ એટલે ચારેય પ્રકારના આહારનો થોડા અથવા ઘણા વખત સુધી ત્યાગ કરવો તે. ૨. ઊણોદરી તપ એટલે ભૂખ હોય તે કરતાં ઓછું ખાવું તે. ૩. વૃત્તિસંક્ષેપ તપ એટલે ખાવા-પીવાની તથા બીજી ચીજોનો ઘટાડો કરવો તે. ૪. રસત્યાગ તપ એટલે દૂધ, દહીં, ઘી વગેરે છ વિગઈઓમાં એક અથવા અધિકનો ત્યાગ કરવો તે. ૫. કાયક્લેશ તપ એટલે લોચ, કાઉસ્સગ્ગ વગેરે વડે કાયાને દમવી તે. ૬. સંલીનતા તપ એટલે અંગોપાંગ સંકોચી રાખવાં તે.

સ. ૨૧૯ છ પ્રકારના અભ્યંતર તપનાં નામ આપો અને તે સમજાવો.

જ. છ પ્રકારનો અભ્યંતર તપ-૧ પ્રાયશ્ચિત્ત તપ એટલે લાગેલા દોષોની ગુરુ પાસે આલોયણા લેવી તે. ૨. વિનય તપ એટલે જ્ઞાન, દર્શન વગેરેનો વિનય કરવો તે. ૩. વૈયાવચ્ચ તપ એટલે આચાર્યાદિની ભક્તિ કરવી તે. ૪. સ્વાધ્યાય તપ એટલે ધર્મનું ૧-વાંચવું, ૨-પૂછવું, ૩-ભણેલું સંભારવું, ૪-અર્થનું ચિંતવન કરવું અને ૫-ધર્મનો ઉપદેશ કરવો,

ધર્મ સાંભળવો, (વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા-ધર્મકથા-એમ પાંચ પ્રકારે ધર્મનો અભ્યાસ કરવો તે,) ૫ ધ્યાન તપ એટલે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનને છોડીને ધર્મધ્યાન અને શુક્લધ્યાન ધ્યાવવું તે, ૬. કાયોત્સર્ગ તપ એટલે કર્મના ક્ષય માટે કાઉસ્સગ્ગ કરવો તે.

સ. ૨૨૦ આચાર એટલે શું ? તે કેટલા છે ? અને કયા કયા છે ?

જ. આચાર એટલે સમ્યગ્ આચરણ, તે પાંચ છે.

૧. જ્ઞાનાચાર-જ્ઞાન ભણવું, ભણાવવું, તેમ જ ભણતાને સહાય કરવી તે.

૨. દર્શનાચાર-શ્રી જિનેશ્વરદેવે કહેલાં વચનોમાં શ્રદ્ધા રાખવી, રખાવવી તેમ જ ધર્મથી પડતાને સ્થિર કરવો, અરિહંત આદિની ભક્તિ કરવી તે.

૩. ચારિત્રાચાર-ચારિત્ર પાળવું, પળાવવું, તેમજ ચારિત્રથી પડતાને સ્થિર કરવો તે.

૪. તપાચાર-તપ કરવો, કરાવવો અને કરતાને સહાય કરવી તે.

૫. વીર્યાચાર-ધર્મકાર્યમાં શક્તિનો ઉપયોગ કરવો, કરાવવો અને અનુમોદના કરવી તે.

સ. ૨૨૧ લેશ્યા એટલે શું ? તે કેટલી છે ? અને કઈ કઈ છે ?

જ. લેશ્યા એટલે જીવના પરિણામ, તેના છ પ્રકારો છે.

(૧) કૃષ્ણલેશ્યા, (૨) નીલલેશ્યા, (૩)કાપોતલેશ્યા, (૪) તેજોલેશ્યા, (૫) પદ્મલેશ્યા, (૬) શુક્લલેશ્યા.

સ. ૨૨૨ સાત પૃથ્વીનાં નામ આપો અને તે નામ શાથી પડ્યાં છે ? તે જણાવો.

જ. ૧. રત્નપ્રભા એટલે જેમાં રત્નો વધારે હોય તે પૃથ્વી, ૨. શર્કરાપ્રભા એટલે જેમાં કાંકરા વધારે હોય તે પૃથ્વી ૩. વાલુકાપ્રભા એટલે જેમાં રેતી વધારે હોય તે પૃથ્વી, ૪.

પંકપ્રભા એટલે જેમાં કાદવ વધારે હોય તે પૃથ્વી, ૫. ધૂમપ્રભા એટલે જેમાં ધુમાડો વધારે હોય તે પૃથ્વી, ૬. તમ:પ્રભા એટલે જેમાં અંધકાર ઘણો હોય તે પૃથ્વી, ૭. તમસ્તમઃ પ્રભા એટલે જેમાં અતિશય વધુ અંધકાર હોય તે પૃથ્વી.

સ. ૨૨૩ સાત નારકીનાં નામ આપો અને તે કઈ પૃથ્વી સ્વરૂપે છે તે જણાવો.

જ. ૧. ઘમ્મા, ૨. વંશા, ૩. શૈલા, ૪. અંજના, ૫. રિષ્ઠા, ૬. મઘા, ૭. માઘવતી.

આ સાત નારકીઓમાંની દરેક નારકી અનુક્રમે રત્નપ્રભા આદિ એક એક પૃથ્વી સ્વરૂપે છે.

સ. ૨૨૪ પરમાધામી દેવો એટલે શું ? તે કેટલા છે ? અને તેમનાં નામ આપો.

જ. પરમાધામી દેવો એટલે નારકી-જીવોને દુઃખ આપનાર દેવો, તે પંદર જાતના છે, તેમનાં નામ :

૧. અંબ ૨. અંબરિષ ૩. શ્યામ ૪. શબલ ૫. રુદ્ર ૬. ઉપરુદ્ર ૭. કાળ ૮. મહાકાળ ૯. અસિપત્ર ૧૦. વન ૧૧. કુંભિ ૧૨. વાલુકા ૧૩. વૈતરણી ૧૪. ખરસ્વર ૧૫. મહાઘોષ.

સ. ૨૨૫ ભવનપતિ દેવો એટલે શું ? તે કેટલા છે ? અને તેમનાં નામ આપો.

જ. ભવનપતિ દેવો એટલે ભવનમાં રહેનારા દેવો. તે દશ પ્રકારે છે, તેમનાં નામ :

૧. અસુરકુમાર ૨. નાગકુમાર ૩. સુવર્ણકુમાર ૪. વિદ્યુતકુમાર ૫. અગ્નિકુમાર ૬. દ્વીપકુમાર ૭. ઉદધિકુમાર ૮. દિશિકુમાર ૯. પવનકુમાર ૧૦. સ્તનિતકુમાર-મેઘકુમાર.

સ. ૨૨૬ વ્યંતર અને વાણવ્યંતર દેવો કેટલા પ્રકારે છે? તેમનાં નામ આપો, તેમજ તેઓ ક્યાં રહે છે?

જ. વ્યંતર અને વાણવ્યંતર દેવો વ્યંતર નિકાયમાં તથા નદી, પર્વત, ખીણ વગેરેમાં રહેનારા છે, તે આઠ આઠ છે.

| વ્યંતરોનાં નામ | વાણવ્યંતરોનાં નામ |
|---|---|
| ૧ પિશાચ | ૧ અણપન્ની |
| ૨ ભૂત | ૨ પણપન્ની |
| ૩ યક્ષ | ૩ ઈસિવાદિ |
| ૪ રાક્ષસ | ૪ ભૂતવાદિ |
| ૫ કિન્નર | ૫ કંદિત |
| ૬ કિંપુરુષ | ૬ મહાકંદિત |
| ૭ મહોરગ | ૭ કોહંડ |
| ૮ ગંધર્વ | ૮ પતંગ |

સ. ૨૨૭ તિર્યગ્જાંભક દેવો એટલે શું? તે કેટલા પ્રકારના છે? તે ક્યાં રહે છે? અને તેમનાં નામ આપો.

જ. તિર્યગ્જાંભક દેવો એટલે તીર્થંકર ભગવાનના ઘરમાં અન્ન-પાણી-વસ્ત્ર વગેરેથી ભક્તિ કરનાર તેમજ અન્ન આદિનું સરસ-વિરસપણું જાણનારા દેવો, તે વૈતાઢ્ય પર્વત ઉપર રહે છે, તે દશ પ્રકારે છે,

૧. અન્નજૃંભક ૨. પાનજૃંભક ૩. વસ્ત્રજૃંભક ૪. લેણ (ઘર) જૃંભક ૫. પુષ્પજૃંભક ૬. ફળજૃંભક ૭. પુષ્ફફળજૃંભક ૮. શયનજૃંભક ૯. વિદ્યાજૃંભક ૧૦. અવિયત્તજૃંભક.

સ. ૨૨૮ જ્યોતિષી દેવો એટલે શું? તે કેટલા પ્રકારના છે? તે ક્યાં રહે છે? અને તેમનાં નામ આપો.

જ. જ્યોતિષી દેવો એટલે પ્રકાશ આપનાર દેવો, તે પાંચ પ્રકારના છે, મેરુપર્વતની સમભૂતલા પૃથ્વીથી ૭૯૦ યોજન ઊંચે તારાનાં વિમાન આવે છે, ત્યાંથી દશ યોજન ઊંચે

સૂર્યનું વિમાન આવે છે, ત્યાંથી ૮૦ યોજન ઊંચે ચંદ્રનું વિમાન આવે છે, ત્યાંથી ૪ યોજન ઊંચે નક્ષત્રનાં વિમાન આવે છે અને ત્યાંથી ઊંચે ૧૬ યોજનમાં ગ્રહોનાં વિમાન આવે છે તેમાં તેઓ રહે છે, તેમનાં નામ આ પ્રમાણે - ૧. ચંદ્ર, ૨. સૂર્ય, ૩. ગ્રહ, ૪. નક્ષત્ર, ૫. તારા.

સ. ૨૨૯ વૈમાનિક દેવો એટલે શું ? તે કેટલા પ્રકારના છે ? અને તે કયા કયા છે ?

જ. વૈમાનિક દેવો એટલે વિમાનમાં ઉત્પન્ન થનારા દેવો, તે બે પ્રકારના છે. ૧.કલ્પોપપન્ન-ઈન્દ્ર વગેરે દશ પ્રકારની વ્યવસ્થાવાળા દેવો, ૨. કલ્પાતીત-સ્વામિ-સેવક ભાવ રહિત દેવો.

સ. ૨૩૦ બાર દેવલોકનાં નામ આપો :

જ. ૧ સૌધર્મ ૨. ઈશાન ૩. સનત્ કુમાર ૪. માહેન્દ્ર ૫. બ્રહ્મલોક ૬. લાંતક ૭. મહાશુક્ર ૮. સહસ્ત્રાર ૯. આનત ૧૦. પ્રાણત ૧૧. આરણ ૧૨. અચ્યુત

સ. ૨૩૧ નવ લોકાંતિકનાં નામ આપો :

જ. ૧. સારસ્વત ૨. આદિત્ય ૩. વહ્નિ ૪. અરુણ ૫. ગર્દતોય ૬. તૃષિત ૭. અવ્યાબાધ ૮. મરુત ૯. અરિષ્ટ
આ લોકાંતિક દેવો પાંચમા દેવલોકમાં રહે છે. તેઓ તીર્થંકર પરમાત્માના દીક્ષા અવસરને જણાવનારા અને પ્રાયઃ એકાવતારી હોય છે.

સ. ૨૩૨ નવ ગ્રૈવેયકનાં નામ આપો :

જ. ૧. સુદર્શન ૨. સુપ્રતિબદ્ધ ૩. મનોરમ ૪. સર્વતોભદ્ર ૫. સુવિશાલ ૬. સુમનસ ૭. સૌમનસ ૮. પ્રિયંકર ૯. નંદિકર

સ. ૨૩૩ પાંચ અનુત્તરનાં નામ આપો :

જ. ૧. વિજય ૨. વિજયંત ૩. જયંત ૪. અપરાજિત ૫. સર્વાર્થસિદ્ધ

સ. ૨૩૪ શાશ્વતી અઠ્ઠાઈ એટલે શું? અને તે કઈ કઈ? દેવો શાશ્વતી અઠ્ઠાઈમાં મહોત્સવ કરવા માટે ક્યાં જાય છે?

જ. શાશ્વતી અઠ્ઠાઈ એટલે સદાકાળ પ્રભુભક્તિ આદિ આરાધના માટેના દિવસો, શાશ્વતી અઠ્ઠાઈ બે છે. (૧) ચૈત્ર મહિનાની આયંબિલની ઓળીની, (૨) આસો મહિનાની આયંબિલની ઓળીની, શાશ્વતી અઠ્ઠાઈમાં દેવો મહોત્સવ કરવા માટે શ્રી નંદીશ્વર દ્વીપે જાય છે.

સ. ૨૩૫ જ્ઞાન કેટલાં છે? તે કયાં કયાં? અને તેનું સ્વરૂપ સમજાવો :

જ. જ્ઞાન પાંચ છે.

૧. **મતિજ્ઞાન** - પાંચ ઈન્દ્રિયો અને મન વડે વિશેષ બોધ થાય તે.

૨. **શ્રુતજ્ઞાન** - ગુરુમહારાજના ઉપદેશથી અથવા પુસ્તકો દ્વારા જાણી શકાય તે.

૩. **અવધિજ્ઞાન** - પાંચ ઈન્દ્રિયો અને મનની સહાય વગર રૂપી દ્રવ્યોને વિશિષ્ટ રીતે જણાવે તે.

૪. **મનઃપર્યવજ્ઞાન** - સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનના ભાવ જેના દ્વારા જાણી શકાય તે.

૫. **કેવલજ્ઞાન** - જગતની સર્વ વસ્તુઓ પ્રતિસમય જેના દ્વારા સાક્ષાત્ જાણી અને દેખી શકાય તે.

સ. ૨૩૬ તીર્થંકર પરમાત્મા પહેલાં કેટલાં જ્ઞાન લઈને જન્મે છે? અને પછી બીજાં જ્ઞાન ક્યારે પ્રાપ્ત થાય છે?

જ. તીર્થંકર પરમાત્મા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન સાથે લઈને જન્મે છે, ચોથું મનઃપર્યવજ્ઞાન દીક્ષા લે કે તરત જ તેઓને પ્રાપ્ત થાય છે અને પાંચમું કેવલજ્ઞાન ઘાતીકર્મોનો નાશ કરવાથી તેઓને પ્રાપ્ત થાય છે.

સ. ૨૩૭ તીર્થંકર પરમાત્મા શી રીતે ઓળખી શકાય?

જ. (૧) દરેક પ્રાણી પોતપોતાની ભાષામાં તેઓનું વચન સમજી શકે.

(૨) તેઓ જ્યાં વિચરે ત્યાં રોગ, શોક અને ઉપદ્રવનો નાશ થઈ જાય.

(૩) દેવો અને ઇન્દ્રો પણ તેઓની દેશના સાંભળવા માટે આવે, તેમ જ તે ભગવંતો હંમેશાં અષ્ટ પ્રાતિહાર્ય યુક્ત હોય છે.

(૪) જગતની સર્વ વસ્તુઓને તેઓ સાક્ષાત્ જાણી શકે અને દેખી શકે.

સ. ૨૩૮ તીર્થંકર, ગણધરો તેમ જ સામાન્ય કેવલી કોણ થઈ શકે?

જ. (૧) સર્વ જીવોનું ભલું કરવાની ભાવનાવાળા જીવો તીર્થંકર પરમાત્મા થાય. (૨) પોતાની આજુબાજુના કે સ્વજનોનું ભલું કરવાની ભાવનાવાળા જીવો ગણધર ભગવંતો થાય. (૩) ફક્ત પોતાનું ભલું કરવાની ભાવનાવાળા જીવો કેવળજ્ઞાન પામી સામાન્ય કેવલી થાય.

સ. ૨૩૯ તીર્થંકર પરમાત્માની માતાને ૧૪ સ્વપ્નો આવે છે, તેનાં નામ આપો :

જ. ૧. હાથી ૨. બળદ ૩. કેસરીસિંહ ૪. લક્ષ્મી ૫. ફૂલની માળા ૬. ચંદ્ર ૭. સૂર્ય ૮. ધજા ૯. કળશ ૧૦. પદ્મસરોવર ૧૧. રત્નાકર ૧૨. વિમાન ૧૩. રત્નરાશિ ૧૪. ધૂમ્ર વિનાની અગ્નિશિખા.

સ. ૨૪૦ પ્રભુના જન્મ સમયે ૫૬ દિક્કુમારિકાઓ આવીને શું કરે છે?

જ. આઠ દિક્કુમારિકાઓ કચરો કાઢવાનો આચાર કરે છે.
આઠ દિક્કુમારિકાઓ સુગંધી પંચામૃત જળની વૃષ્ટિ કરે છે.
આઠ દિક્કુમારિકાઓ કળશ ધારણ કરે છે.
આઠ દિક્કુમારિકાઓ દર્પણ ધારણ કરે છે.
આઠ દિક્કુમારિકાઓ ચામર વીંઝે છે.
આઠ દિક્કુમારિકાઓ પંખા નાંખે છે.

ચાર દિક્કુમારિકાઓ પ્રભુના હાથે રાખડી બાંધે છે.
ચાર દિક્કુમારિકાઓ પ્રભુની પાસે દીપક લઈને ઊભી રહે છે.

સ. ૨૪૧ પ્રભુના જન્માભિષેક વખતે દેવતાઓ કેટલા સોનૈયાની વૃષ્ટિ કરે છે ? તેમજ કેટલા કળશો વડે મેરુગિરિ ઉપર ઈન્દ્રાદિ દેવો જન્માભિષેક કરે છે.

જ. ૧. પ્રભુના જન્માભિષેક વખતે બત્રીસ ક્રોડ સોનૈયાની દેવતાઓ વૃષ્ટિ કરે છે. ૨. એક ક્રોડ, સાઠ લાખ (૧,૬૦,૦૦,૦૦૦) કળશો વડે ઈન્દ્રાદિ દેવો અભિષેક કરે છે.

સ. ૨૪૨ શ્રી મહાવીર પરમાત્માને કેટલા ગણધર હતા ? તેમનાં નામ આપો.

જ. શ્રી મહાવીર પરમાત્માને ૧૧ ગણધરો હતા.

| | |
|---|---|
| ૧. ગૌતમસ્વામી. (ઈન્દ્રભૂતિ) | ૭ મૌર્ય પુત્ર. |
| ૨ અગ્નિભૂતિ. | ૮ અકંપિત |
| ૩ વાયુભૂતિ. | ૯ અચલભ્રાતા |
| ૪. વ્યક્ત. | ૧૦ મેતાર્ય |
| ૫ સુધર્મા. | ૧૧ પ્રભાસ |
| ૬ મંડિત. | |

સ. ૨૪૩ શ્રી મહાવીર પ્રભુના મુખ્ય સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાનાં નામ આપો.

જ. શ્રી મહાવીર પ્રભુના મુખ્ય સાધુ શ્રી ગૌતમસ્વામીજી, સાધ્વી ચંદનબાલા, શ્રાવક આનંદ અને શ્રાવિકા સુલસા હતાં.

સ. ૨૪૪ શ્રી તીર્થંકર પરમાત્માને કેટલું બળ હોય ? તે સમજાવો.

જ. ૧૨ યોદ્ધાનું બળ ૧ આખલામાં હોય.
૧૦ આખલાનું બળ ૧ ઘોડામાં હોય.

૧૨ ઘોડાનું બળ ૧ પાડામાં હોય.
૧૫ પાડાનું બળ ૧ હાથીમાં હોય.
૫૦૦ હાથીનું બળ ૧ સિંહમાં હોય.
૨૦૦૦ સિંહનું બળ ૧ અષ્ટાપદ (પ્રાણી) માં હોય.
૧૦ લાખ અષ્ટાપદનું બળ ૧ બળદેવમાં હોય.
૨ બળદેવનું બળ ૧ વાસુદેવમાં હોય.
૨ વાસુદેવનું બળ ૧ ચક્રવર્તીમાં હોય.
૧૦ લાખ ચક્રવર્તીનું બળ ૧ નાગેન્દ્રમાં હોય.
૧ ક્રોડ નાગેન્દ્રનું બળ ૧ ઇન્દ્રમાં હોય.
અનંત ઇન્દ્રોનું બળ શ્રી જિનેશ્વરદેવની ટચલી આંગળીમાં હોય છે.

સ. ૨૪૫ તીર્થંકર એટલે શું ? તીર્થંકરો કેટલા થયા ? અને કેટલા થશે ?

જ. તીર્થંકર એટલે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા-એ ચારની સંઘ રૂપે સ્થાપના કરનાર અને ધર્મ તીર્થને પ્રવર્તાવનાર. એવા અનંતા તીર્થંકરો થયા છે અને અનંતા તીર્થંકરો થશે.

સ. ૨૪૬ શ્રી જિનેશ્વરદેવના જન્મ સમયે કેવા ચમત્કાર થાય છે ?

જ. ૧. નારકીના જીવોને પણ ક્ષણભર શાતા રહે છે.
૨. શીતળ પવન દશેય દિશાએ વાય છે.
૩. ઇન્દ્રમહારાજ અને દિક્કુમારિકાઓનાં આસન ચલાયમાન થાય છે.

સ. ૨૪૭ તીર્થંકર પરમાત્મા દીક્ષા સમય પહેલાં દરરોજ કેટલા સોનૈયાનું દાન કરે છે ?

જ. તીર્થંકર પરમાત્મા દરરોજ એક ક્રોડ, આઠ લાખ (૧,૦૮,૦૦૦૦૦) સોનૈયાનું દાન કરે છે.

સ. ૨૪૮ શ્રી મહાવીર પ્રભુના સાધુ-સાધ્વી-શ્રાવક શ્રાવિકાની સંખ્યા કેટલી હતી ?

જ. શ્રી સુધર્માસ્વામીજી આદિ ૧૪૦૦૦ સાધુઓ, ચંદનબાળા આદિ ૩૬૦૦૦ સાધ્વીઓ. આનંદ આદિ ૧, ૫૯૦૦૦ શ્રાવકો, સુલસા આદિ ૩,૧૮૦૦૦ શ્રાવિકાઓ.

સ. ૨૪૯ શ્રી મહાવીર પ્રભુએ સાડાબાર વર્ષમાં કેટલાં પારણાં કર્યાં ?

જ. શ્રી મહાવીર પ્રભુએ ૩૪૯ પારણાં કર્યાં છે.

સ. ૨૫૦ કર્મ એટલે શું ? તે કેટલાં છે ? તે કયાં કયાં છે ? અને તેના ઉત્તરભેદ કેટલા છે ?

જ. મિથ્યાત્વ-ખોટી સમજ આદિ હેતુઓથી જીવ વડે જે કરાય તે કર્મ, તે જ્ઞાનાવરણીય વગેરે મૂળભેદે આઠ પ્રકારે છે.

| | |
|---|---|
| ૧ જ્ઞાનાવરણીય કર્મ | - તેના ઉત્તરભેદ ૫ |
| ૨ દર્શનાવરણીય કર્મ | - તેના ઉત્તરભેદ ૯ |
| ૩ વેદનીય કર્મ | - તેના ઉત્તરભેદ ૨ |
| ૪ મોહનીય કર્મ | - તેના ઉત્તરભેદ ૨૮ |
| ૫ આયુકર્મ | - તેના ઉત્તરભેદ ૪ |
| ૬ નામકર્મ | - તેના ઉત્તરભેદ ૯૩ કે ૧૦૩ |
| ૭ ગોત્રકર્મ | - તેના ઉત્તરભેદ ૨ |
| ૮ અંતરાય કર્મ | - તેના ઉત્તરભેદ ૫ |

એમ આઠેય કર્મોના કુલ ઉત્તરભેદ ૧૪૮ અથવા ૧૫૮ છે.

સ. ૨૫૧ ઘાતીકર્મ એટલે શું ? તે કેટલાં છે ? કયાં કયાં છે ? તથા તેનો નાશ થવાથી શું પ્રાપ્ત થાય છે ?

જ. ઘાતીકર્મ એટલે આત્માના જ્ઞાનાદિ ગુણોને આવરનારાં (ઢાંકનારાં) કર્મો. તે ચાર છે : (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય. (૩) મોહનીય. (૪) અંતરાય.

(૧) જ્ઞાનાવરણીયનો નાશ થવાથી અનંતજ્ઞાન ગુણ.

(૨) દર્શનાવરણીયનો નાશ થવાથી અનંતદર્શન ગુણ.

(૩) મોહનીયનો નાશ થવાથી ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્ર ગુણ.

(૪) અંતરાયનો નાશ થવાથી અનંત દાન આદિ ગુણ પ્રાપ્ત થાય છે.

સ. ૨૫૨ અઘાતીકર્મ એટલે શું ?

જ. અઘાતીકર્મ એટલે શરીરને સુખ-દુઃખ આપનાર કર્મ.

સ. ૨૫૩ જ્ઞાનાવરણીયકર્મ શાથી બંધાય છે ? અને તેનાં કેવાં માઠાં ફળ ભોગવવાં પડે છે ?

જ. જ્ઞાન કે જ્ઞાનીની નિંદા, અવજ્ઞા-આશાતના વગેરે કરવાથી જ્ઞાનાવરણીયકર્મ બંધાય છે. તેથી પરભવમાં બુદ્ધિ, અક્કલ મળે નહિ : યાદશક્તિ રહે નહિ, શરીરે ખોડ પામે, જ્યાં જાય ત્યાં અપમાન પામે, આખો દિવસ મજૂરી કરે પણ પેટ પૂરતું ખાવાનું પામે નહિ.

સ. ૨૫૪ દર્શનાવરણીય કર્મ શાથી બંધાય છે ? અને તેનાં કેવાં ફળ ભોગવવાં પડે ?

જ. જે જીવ દર્શન-દર્શનીની નિંદા કરે-જ્ઞાનીની સાથે વિતંડાવાદ વગેરે કરે, તે જીવ દર્શનાવરણીય કર્મ બાંધે. તેથી પરભવમાં ચક્ષુ વગેરે ઇન્દ્રિયો પામે નહિ, રતાંધળા થાય : મોતીયા, ફુલુ, કમળો વગેરે આંખના રોગો થાય.

સ. ૨૫૫ મોહનીય કર્મ કોણ બાંધે ? અને તેનાં કેવાં ફળ ભોગવવાં પડે ?

જ. ક્રોધ કરે, વૈર રાખે અને ઈર્ષ્યા વગેરે કરે, તે મોહનીય કર્મ બાંધે. પરભવમાં સર્પ, વીછી, ઝેરી જાનવરોનો અવતાર પામીને મહા દુઃખી થાય. સમકિત, ચારિત્ર વગેરે આત્માના ગુણો પામી શકે નહિ.

સ. ૨૫૬ અંતરાય કર્મ કોણ બાંધે? અને તેનાં કેવાં ફળ ભોગવવાં પડે ?

જ. જે કોઈ ધન, અન્ન, પાણી કે વસ્ત્રનું દાન વગેરે કરવા દે નહિ અને દાન વગેરે કરતાને વિઘ્ન કરે, તે અંતરાય કર્મ બાંધે.

તેથી પરભવમાં ઘણી મહેનત કરવા છતાં પણ દુઃખી રહે.

સ. ૨૫૭ શ્રી અરિહંત ભગવંતના બાર ગુણો સમજાવો.

જ. તીર્થંકર પરમાત્માના પ્રબળ પુણ્યોદયથી દેવતાઓ ખેંચાઈને પ્રભુભક્તિ કરે છે - તે આઠ ગુણો અને તીર્થંકરનામ કર્મના ઉદયથી પ્રાપ્ત થતા ચાર ચમત્કારિક ગુણો મળીને બાર ગુણો થાય છે.

૧ **અશોકવૃક્ષ** - દેવતાઓ પ્રભુના શરીરથી બાર ગણું ઊંચું આસોપાલવનું (અશોક) વૃક્ષ રચે છે.

૨ **સુરપુષ્ટવૃષ્ટિ** - દેવતાઓ ચાર ગાઉ સુધી ફૂલોની વૃષ્ટિ કરે છે.

૩ **દિવ્યધ્વનિ** - દેવતાઓ વીણા, વાંસળી આદિ વાજિંત્રો વડે પ્રભુની વાણીમાં સ્વર પુરાવે છે.

૪ **ચામર** - દેવતાઓ ભગવંતને ચામર વીંઝે છે.

૫ **આસન** - દેવતાઓ ભગવાનને બેસવા માટે રત્ન જડિત સોનાનું સિંહાસન રચે છે.

૬ **ભામંડલ** - દેવતાઓ ભગવાનના મસ્તકની પાછળ તેજનું માંડલું (કુંડાળું) રચે છે. જે ભગવાનના તેજને સંહરી લે છે. જો તે માંડલું ન હોય તો ભગવાનના મુખ સામું જોઈ શકાય નહિ.

૭ **દુંદુભિ**-દેવતાઓ દુંદુભિ નામનું વાજિંત્ર વગાડે છે તેમાંથી 'હે ભવ્ય જીવો ! શિવપુરના સથવારા તુલ્ય આ ભગવાનને સેવો,' -એવો અવાજ નીકળે -એવું આપણને લાગે છે.

૮ છત્ર - દેવતાઓ હીરા, માણેક અને મોતીના હારોથી સુશોભિત ત્રણ ત્રણ છત્રો રચે છે.

ઉપરના આઠ ગુણોને પ્રાતિહાર્ય કહેવાય. પ્રાતિહાર્ય =પ્રભુની સાથે રહેનારી શોભા.

૯ **અપાયાપગમાતિશય** - ભગવાનને-રાગ-દ્વેષ રૂપ

અપાય=ઉપદ્રવ, તેનો અપગમ એટલે નાશ થવાથી સર્વ જીવ પ્રત્યે અનુપમ કરુણા અને સમભાવ હોય છે. અને તેથી ભગવાન જ્યાં વિચરે, ત્યાં દરેક દિશામાં સવાસો યોજન સુધીમાં રોગ, મરકી દુકાળ વગેરે થતું નથી તથા જીવો પરમ શાંતિ પામે છે.

૧૦ **જ્ઞાનાતિશય** - ભગવાન લોકાલોકને સંપૂર્ણ રીતિએ જાણે છે.

૧૧ **પૂજાતિશય** - ભગવાનની પૂજા દેવતા, ઈન્દ્રો વગેરે કરે છે.

૧૨ **વચનતિશય** - ભગવાનની પાંત્રીસ ગુણયુક્ત વાણી દેવ, મનુષ્ય અને તિર્યંચો પોતપોતાની ભાષામાં સમજી શકે છે. અને તે વાણી યોજન સુધી અસ્ખલિત અને એક સરખી રીતે બધાંને સંભળાય છે. ઉપરના ચાર ગુણોને અતિશય કહેવાય છે. અતિશય એટલે અદ્ભુત ચમત્કારવાળા ગુણો.

સ. ૨૫૮ શ્રી સિદ્ધ ભગવાનના આઠ ગુણોનાં નામ આપો અને કયા કર્મનો નાશ થવાથી કયા ગુણો પ્રાપ્ત થાય છે ? તે જણાવો.

જ. ૧ જ્ઞાનાવરણીયકર્મનો નાશ થવાથી અનંત જ્ઞાન ગુણ.

૨. દર્શનાવરણીયકર્મનો નાશ થવાથી અનંતદર્શન ગુણ.

૩. વેદનીયકર્મનો નાશ થવાથી સર્વ પ્રકારની પીડા વગરનું અવ્યાબાધ સુખ.

૪. મોહનીયકર્મનો નાશ થવાથી ક્ષાયિક સમ્યકત્વ અને અનંત ચારિત્રગુણ.

૫. આયુકર્મનો નાશ થવાથી કદી પણ નાશ ન થાય તેવી અક્ષય સ્થિતિ.

૬. નામકર્મનો નાશ થવાથી અરૂપીપણું.

૭. ગોત્રકર્મનો નાશ થવાથી અગુરુલઘુ એટલે અનન્ત કાળ

સુધી એકસરખું સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

૮. અંતરાયકર્મનો નાશ થવાથી અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ અને અનંત વીર્ય આમ આઠ ગુણો પ્રાપ્ત થાય છે.

સ. ૨૫૯ શ્રી જિનેશ્વરદેવો અઢાર દોષ વગરના હોય છે, તો તે અઢાર દોષ કયા?

જ. (૧) દાનાંતરાય
(૨) લાભાંતરાય
(૩) ભોગાંતરાય
(૪) ઉપભોગાંતરાય
(૫) વીર્યાંતરાય
(૬) હાસ્ય
(૭) રતિ
(૮) અરતિ
(૯) ભય
(૧૦) શોક
(૧૧) જુગુપ્સા-નિંદા
(૧૨) કામ
(૧૩) મિથ્યાત્વ
(૧૪) અજ્ઞાન
(૧૫) નિદ્રા
(૧૬) અવિરતિ.
(૧૭) રાગ
(૧૮) દ્વેષ

સ. ૨૬૦ શ્રી તીર્થંકર ભગવાનને ૩૪ અતિશયો ક્યારે ક્યારે પ્રાપ્ત થાય છે?

જ. ભગવાનને ૪ અતિશયો જન્મથી પ્રાપ્ત થાય છે. ૧૯ અતિશયો દેવતાઓ કરે છે અને ૧૧ અતિશયો કેવલજ્ઞાન થતાં પ્રાપ્ત થાય છે. આમ ૩૪ અતિશયો શ્રી તીર્થંકર ભગવાનને પ્રાપ્ત થાય છે.

**જન્મથી પ્રાપ્ત થતા ૪ અતિશયો-**

૧. અદ્‌ભુત રૂપ, મનોહર સુવાસ, રોગરહિત અને મલ-પસીનાથી રહિત શરીર હોય છે. ૨. કમળની સુવાસ-સરખા શ્વાસોચ્છ્‌વાસ હોય છે. ૩. ગાયના દૂધની ધારા સમાન ઉજ્જ્વલ શરીરમાંનાં લોહી-માંસ હોય છે. ૪. આહાર-નિહારની ક્રિયા કોઈ નજરે જોઈ શકતું નથી.

**દેવકૃત ૧૯ અતિશયો-** ૧. આકાશમાં ધર્મચક્ર ચાલે છે. ૨. દેવતાઈ ચામરો વીંઝાય છે. ૩. દેવો પાદપીઠ સહિત સુવર્ણનું ઉજ્જ્વલ સિંહાસન બનાવે છે. ૪. માથે ત્રણ છત્ર ઉપરા-ઉપરી હોય છે ૫. રત્નમય હજાર યોજન ઊંચો ધર્મધ્વજ સૌથી આગળ ચાલે છે. ૬. ચાલતી વખતે નવ સુવર્ણ-કમળો ગોઠવાય છે. ૭. ત્રણ ગઢ-રૂપાના, સુવર્ણના અને રત્નના રચાય છે અને દરેકની ઉપર અનુક્રમે સોનાના, રત્નના અને મણિના કાંગરા હોય છે. ૮. મનોહર ચાર મુખે ધર્મદિશના દે છે. ૯.ચૈત્યવૃક્ષ બનાવે છે. ૧૦. કાંટા અવળા થઈ જાય છે ૧૧. વૃક્ષો નમન કરે છે. ૧૨. દુંદુભિનાદ થાય છે. ૧૩. અનુકૂળ વાયુ વાય છે. ૧૪. પક્ષીઓ પ્રદક્ષિણા દે છે. ૧૫. મનોહર સુગંધી જળનો છંટકાવ થાય છે. ૧૬. બહુવર્ણનાં પુષ્પો પથરાય છે. ૧૭. મસ્તક અને દાઢી-મૂછના વાળ તથા નખ વધતા નથી. ૧૮. જઘન્યથી ક્રોડ દેવો સેવામાં રહે છે. ૧૯. ઋતુઓ અને વિષયો અનુકૂળ રહે છે.

**કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં થનાર ૧૧ અતિશયો**

૧. એક યોજન માત્ર ભૂમિમાં ક્રોડક્રોડ દેવો, મનુષ્યો અને તિર્યંચો નિરાબાધપણે બેસીને દેશના સાંભળે છે. ૨. યોજનગામિની વાણી દેવો, મનુષ્યો અને તિર્યંચો પોતપોતાની ભાષામાં સમજી શકે છે. ૩. મસ્તકની પાછળ સૂર્યમંડલથી અધિક શોભાવાળું સુંદર ભામંડલ હોય છે. ૪. શ્રી તીર્થંકરદેવ વિચરતા હોય તે સ્થળથી પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ-એમ ચારેય દિશામાં ૨૫-૨૫ યોજન (સો-સો ગાઉ) સુધી અને ઊર્ધ્વ-અધો. ૫૦-૫૦ ગાઉ સુધી રોગો ઉત્પન્ન થતા નથી. ૫. પાંચસો ગાઉ સુધી વૈર ઉત્પન્ન થતું નથી. ૬. પાંચસો ગાઉ સુધી ઇતિઓ ઉત્પન્ન થતી નથી.

૭. પાંચસો ગાઉ સુધી મરકી (મારી) ઉત્પન્ન થતો નથી. ૮. પાંચસો ગાઉ સુધી અતિવૃષ્ટિ ઉત્પન્ન થતી નથી. ૯. પાંચસો ગાઉ સુધી દુકાળ ઉત્પન્ન થતો નથી. ૧૧. પાંચસો ગાઉ સુધી સ્વચક્રભય તેમજ 'અન્યચક્ર ભય ઉત્પન્ન થતો નથી.

સ. ૨૬૧ તીર્થંકર પરમાત્માની વાણી કયા કયા ૩૫ ગુણોવાળી હોય છે?

જ. (૧) અક્ષર આદિના સંસ્કારવાળી
(૨) ઊંચા સ્વરે બોલાતી
(૩) શોભાયુક્ત (ગામડિયાપણું ન જણાય તેવી)
(૪) મેઘ જેવા ગંભીર અવાજવાળી
(૫) પડઘો પાડનારી
(૬) સરળ
(૭) માલકોશ વગેરે રાગથી યુક્ત (આ સાત ગુણો શબ્દની અપેક્ષાએ છે)
(૮) મહાન્ અર્થવાળી
(૯) પૂર્વાપર વાક્યોના અર્થમાં વિરોધ ન આવે તેવી
(૧૦) વક્તાના શિષ્ટપણાને (સજ્જનતાને) દર્શાવનારી
(૧૧) સંદેહ વિનાની
(૧૨) જેમાં બીજાનાં દૂષણો ન જણાય તેવી
(૧૩) મનને આનંદ ઉપજાવનારી
(૧૪) પદો અને વાક્યોની પરસ્પર અપેક્ષાવાળી
(૧૫) અવસર-ઉચિતપણું જણાય તેવી
(૧૬) વસ્તુના રૂપને અનુસરનારી
(૧૭) ત્રુટકપણા વિનાની અને અતિ વિસ્તાર વિનાની
(૧૮) પોતાની પ્રશંસા અને પરની નિંદા વિનાની
(૧૯) કહેવા યોગ્ય વિષયને ઉત્તમ રીતે વર્ણવનારી

(૨૦) અતિશય સ્નિગ્ધતા અને મધુરતાવાળી
(૨૧) પ્રશંસા કરવા યોગ્ય
(૨૨) બીજાના મર્મને નહિ પ્રગટ કરનારી
(૨૩) ઉદારતાવાળી (તુચ્છપણા વિનાની)
(૨૪) ધર્મ અને અર્થના સંબંધવાળી
(૨૫) વિભક્તિ, કાળ, વચન, લિંગ વગેરેના વિરોધ વિનાની
(૨૬) વિભ્રમ, વિક્ષેપ વગેરે દોષોથી રહિત
(૨૭) સાંભળનારાઓને આશ્ચર્ય ઉત્પન્ન કરનારી
(૨૮) અદ્રુતપણાવાળી (ઉતાવળ રહિતપણાવાળી-બહુ ઉતાવળે નહીં બોલાતી વાણી)
(૨૯) વિલંબ વિનાની.
(૩૦) વર્ણવવા યોગ્ય વસ્તુને વિવિધ રીતે વર્ણવનારી.
(૩૧) બીજા વક્તાઓ કરતાં જેમાં વિશેષતા જણાય તેવી.
(૩૨) સત્ત્વગુણની પ્રધાનતાવાળી.
(૩૩) અક્ષર, પદ, વાક્ય, સ્પષ્ટ સમજાય તેવી.
(૩૪) ઈચ્છિત વસ્તુ સિદ્ધ ન થાય ત્યાં સુધી વિચ્છેદ નહિ પામનારી. (નહિ અટકનારી)
(૩૫) સાંભળનારને ખેદ ન ઉપજાવે તેવી.

---

## લેખિત ધોરણ સાતમું

સ. ૨૬૨ સમ્યક્ત્વનાં મુખ્ય લક્ષણો કયાં કયાં ?

જ. ૧. શમ ૨. સંવેગ. ૩. નિર્વેદ. ૪. અનુકંપા ૫. આસ્તિકતા.

(૧) શમ-કષાયની શાન્તિ.

(૨) સંવેગ-મોક્ષસુખની ઇચ્છા. (તે સિવાય કોઈ પણ

સુખની ઈચ્છા ન હોય.)

(૩) નિર્વેદ-સંસાર ઉપર વિરક્તભાવ.

(૪) અનુકંપા-દયાભાવ.

(૫) આસ્તિકતા-શ્રી જિનેશ્વર ભગવાનનાં વચનો ઉપર શ્રદ્ધા.

સ. ૨૬૩ પાંચ પ્રકારના સમ્યક્ત્વનાં નામ આપો.

જ. ૧. ઔપશમિક સમ્યક્ત્વ. ૨. ક્ષાયિક સમ્યક્ત્વ. ૩. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ. ૪. વેદક સમ્યક્ત્વ ૫. સાસ્વાદન સમ્યક્ત્વ.....

સ. ૨૬૪ પાંચ પ્રકારના મિથ્યાત્વનાં નામ આપો અને તેનો અર્થ સમજાવો.

જ. ૧. અભિગ્રહિક મિથ્યાત્વ - પોતે ગ્રહણ કરેલ (સ્વીકારેલ) કુધર્મને છોડવો નહિ. ૨. અનભિગ્રહિક મિથ્યાત્વ - સર્વ ધર્મોને એકસરખા માનવા. ૩. આભિનિવેશિક મિથ્યાત્વ - ખોટું જાણવા છતાં તેને છોડવું નહિ. ૪. સાંશયિક મિથ્યાત્વ - શ્રી વીતરાગદેવના વચનમાં શંકા રાખવી. ૫. અનાભોગિક મિથ્યાત્વ - અજાણપણે સાચું-ખોટું કંઈ સમજવું નહિ.

સ. ૨૬૫ શ્રાવક સવા વસાની દયા પાળે તે શી રીતે ?

જ. મુનિમહારાજ ત્રસ અને સ્થાવર એમ બંને પ્રકારના જીવોની દયા પાળે, એટલે તેમને વીસ વસાની દયા પાળનાર કહેવાય છે. શ્રાવક માત્ર ત્રસ જીવોની દયા પાળી શકે. એટલે રહ્યા દશ વસા, ત્રસ જીવોની દયામાં પણ નિરપરાધી ત્રસ જીવોને જ બચાવી શકે. એટલે અપેક્ષા વિના હણવાની બુદ્ધિએ ન મારવા, તેથી રહ્યા પાંચ વસા. નિરપરાધી જીવો પણ આરંભ-સમારંભથી હણાય છે, એટલે રહ્યા અઢી વસા. પોતાના સ્વજન સંબંધી અગર પશુ વગેરેના રોગની દવા

કરવી પડે તેમાં જીવો હણાય, એટલે રહ્યો સવા વસો. આમ શ્રાવકો સવા વસાની દયા પળી શકે.

સ. ૨૬૬ ધ્યાન એટલે શું ? તે કેટલાં છે અને કયાં કયાં છે ?

જ. ધ્યાન એટલે એકાગ્રતાપૂર્વક વિચાર. તે ચાર છે. (૧) આર્ત્તધ્યાન (૨) રૌદ્રધ્યાન. (૩) ધર્મધ્યાન. (૪) શુક્લધ્યાન.

સ. ૨૬૭ ચાર ધ્યાનનો અર્થ સમજાવો.

જ. (૧) અર્ત્તધ્યાન-દુનિયાદારીના સુખ માટે ચિંતવના કરવી તેમ જ દુઃખની બળતરા કરવી. (૨) રૌદ્રધ્યાન-હિંસા, જૂઠ, ચોરી વગેરેના ખરાબ વિચારો કરવા. (૩) ધર્મધ્યાન આત્મકલ્યાણ માટે વિચાર કરવા તેમ જ જન્મ-મરણથી છૂટવા પ્રયત્ન કરવો. (૪) શુક્લધ્યાન-કેવલજ્ઞાન પ્રાપ્ત થતાં પહેલાંનું ધ્યાન અને કેવલી ભગવાનની યોગ નિરોધ અવસ્થાની ક્રિયા.

સ. ૨૬૯ પ્રભુની અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા કરવાથી કયો લાભ થાય છે ? અને તેથી પૂજાનાં બીજાં કયાં નામ આપવામાં આવ્યાં છે ?

જ. પ્રભુની અંગપૂજા કરવાથી સર્વપ્રકારનાં વિઘ્નોનો નાશ થાય છે. તેટલા માટે તેને "વિઘ્નોપશામિની" પૂજા કહેવાય છે. પ્રભુની અગ્રપૂજા કરવાથી આપણી આબાદી થાય છે. તેટલા માટે તેને "અભ્યુદયસાધિની" કહેવાય છે.
પ્રભુ સમક્ષ ભાવપૂજા કરવાથી આપણાં કર્મો નાશ થઈ જાય છે. અને મોક્ષસુખ પમાય છે. તેટલા માટે તેને "નિવૃત્તિદાયિની" પૂજા કહેવાય છે.

સ. ૨૬૯ પ્રણામ એટલે શું ? તેના કેટલા પ્રકારો છે ? તે જણાવો.

જ. પ્રણામ એટલે વંદન કરવું તે. (૧) બે હાથ જોડવા તે અંજલિબદ્ધ પ્રણામ. (૨) બે હાથ જોડીને અર્ધું અંગ નમાવવું

તે અર્ધાવનત પ્રણામ. (૩) બે ઢીંચણ, બે હાથ અને માથું - એમ પાંચ અંગો ભૂમિને સ્પર્શે તે રીતે નમસ્કાર કરવા તે પંચાંગ પ્રણામ કહેવાય.

સ. ૨૭૦ અવસ્થાત્રિકનાં નામ આપો અને તે સમજાવો.

જ. (૧) **પિંડસ્થ અવસ્થા**-કેવલજ્ઞાન પામ્યા પહેલાંની અવસ્થા. છદ્મસ્થ અવસ્થા - જન્મ, રાજ્ય અને દીક્ષા વખતે ઈન્દ્રાદિ દેવો પ્રભુને જળવડે અભિષેક કરીને ચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી પૂજે છે તે. આપણે પણ પ્રભુને અભિષેક કરીને ચંદન આદિથી પૂજા કરી પ્રભુની પિંડસ્થ અવસ્થા ભાવવી.

(૨) **પદસ્થ અવસ્થા**-કેવલજ્ઞાન પામ્યા પછીની અવસ્થા (કેવલી અવસ્થા) અશોક વૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, ચામર, છત્ર વગેરે આઠ પ્રાતિહાર્યો પ્રભુની સાથે રહે છે તે વગેરે જોઈને આપણે પ્રભુની પદસ્થ અવસ્થા ભાવવી.

(૩) **રૂપાતીત અવસ્થા**-સિદ્ધસ્થ અવસ્થા (સિદ્ધાવસ્થા) પદ્માસન, કાઉસ્સગ્ગ અને ધ્યાન વડે પ્રભુની રૂપાતીત અવસ્થા વિચારી આપણે પ્રભુની રૂપાતીત અવસ્થા ભાવવી.

સ. ૨૭૧ પ્રણિધાન-ત્રિક એટલે શું ?

જ. ૧. જાવંતિ ચેઈઆઈ-ત્રણ ભુવનમાં જિનચૈત્યોને વંદન કરવા રૂપ ચૈત્યવંદન.

૨. જાવંત કેવિસાહૂ-ભરત, ઐરાવત અને મહાવિદેહમાં રહેલા સાધુ-મુનિરાજોને વંદન કરવા રૂપ ગુરૂવંદન.

૩. જય વીયરાય-વીતરાગ પરમાત્માને વિનંતિ કરવા રૂપ પ્રાર્થના સૂત્ર.

ઉપરનાં ત્રણેય મન-વચન-કાયાની એકાગ્રતાપૂર્વક કરવાં તે પ્રણિધાનત્રિક કહેવાય.

સ. ૨૭૨ ગુરુવંદન કેટલા પ્રકારે અને કઈ રીતિએ થાય છે ?

જ. ગુરુવંદન ત્રણ પ્રકારે થાય છે. ૧. **ફિટ્ટાવંદન** - બે હાથ

જોડી, મસ્તક નમાવીને "મત્થએણ વંદામિ" કહેવું તે. ૨. **થોભવંદન**-બે ખમાસમણ દઈ ઈચ્છકાર-અબ્ભુટ્ઠિઓ બોલી વંદન કરવું તે. ૩. **દ્વાદશાવર્ત્તવંદન**-વાંદણાં દેવાપૂર્વક વંદન થાય તે.

સ. ૨૭૩ અતિથિસંવિભાગ એટલે શું ?

જ. ચૌવિહાર ઉપવાસપૂર્વક રાત-દિવસનો પૌષધ કરી; પારણે એકાસણું કરી, મુનિ મહારાજને, વહોરાવી, જેટલી ચીજ મુનિરાજ વહોરે તેમાંની જ ચીજ વાપરવી તે.

સ. ૨૭૪ છ'રી પાળતો સંઘ એટલે શું ? તથા છ'રીનાં નામ આપો.

જ. જે સંઘમાં - ૧. રોજ એકાસણું. ૨. દેવ-ગુરુ-ધર્મની ભક્તિ. ૩. સંથારે સૂવું ૪. સચિત્ત વસ્તુનો ત્યાગ. ૫. પગે ચાલવું. ૬. શિયળ પાળવું. આ છ નિયમો સાચવવાના હોય તે છ'રી પાળતો સંઘ કહેવાય.

(૧) એકાહારી (૨) ભૂમિસંથારી (૩) સમકિતધારી (૪) પાદચારી (૫) બ્રહ્મચારી (૬) સચિત્ત પરિહારી. (આ છ'રીનાં નામ છે.)

સ. ૨૭૫ જીવ ત્રણ કરણ કરે છે, તેનાં નામ આપો અને તેનો અર્થ સમજાવો.

જ. યથાપ્રવૃત્તિકરણ - આયુષ્ય વિના સાતે કર્મની સ્થિતિને એક કોડાકોડી સાગરોપમથી પણ ઓછી કરી નાંખે એવો વિશુદ્ધ અધ્યવસાય.

૨. અપૂર્વકરણ - કોઈ વખત નહિ પ્રાપ્ત થયેલો એવો સમકિતની પ્રાપ્તિ પૂર્વેનો અપૂર્વ અધ્યવસાય. જેનાથી રાગ-દ્વેષની ગ્રંથિ ભેદાઈ સમ્યક્ત્વની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

૩. **અનિવૃત્તિકરણ**-મોક્ષ રૂપી વૃક્ષના બીજ સમાન સમ્યક્ત્વને પામ્યા વગર પાછું ન વળે તેવું કરણ. આ ત્રણ કરણ ભવ્ય જીવો જ કરી શકે છે.

સ. ૨૭૬ સંસારમાં જીવો ભવી આદિ કેટલા પ્રકારના છે? અને કયા કયા?

જ. સંસારમાં ભવી આદિ જીવો ત્રણ પ્રકારના છે : (૧) ભવી. (૨) અભવી. (૩) જાતિભવી.

સ. ૨૭૭ ભવી, અભવી અને જાતિભવી એટલે શું ?

જ. (૧) ભવી એટલે કર્મ ખપાવીને મોક્ષે જનાર જીવો. (૨) અભવી એટલે કોઈ પણ કાળે મોક્ષે નહિ જનાર જીવો (૩) જાતિભવી એટલે મોક્ષ મેળવવાની યોગ્યતાવાળા પણ સામગ્રી નહિ મળવાથી મોક્ષે જઈ શકે નહિ તેવા જીવો.

સ. ૨૭૮ જાતિસ્મરણ જ્ઞાન એટલે શું ? તે કેટલા ભવ સુધીનું થાય ?

જ. પાછલા ભવમાં અનુભવેલી વસ્તુનું, તેવું કાંઈ દેખીને કે સાંભળીને સ્મરણ થાય અને જાણી શકાય તે. તે જ્ઞાનથી વધારેમાં વધારે સંખ્યાતા ભવનું જ્ઞાન થાય છે.

સ. ૨૭૯ રાગ અને દ્વેષ એટલે શું ? તેનો અર્થ સમજાવો.

જ. રાગ અને દ્વેષ એ આત્માના ભયંકર શત્રુ છે અને આત્માને સંસારમાં જન્મ-મરણ કરાવનાર છે. રાગ એટલે મનગમતી વસ્તુ ઉપર મોહ રાખવો અને દ્વેષ એટલે અણગમતી વસ્તુ ઉપર ખરાબ વિચાર કરવા. (અપ્રીતિ રાખવી)

સ. ૨૮૦ આત્મ-કલ્યાણ એટલે શું ?

જ. આત્માને જન્મ-મરણ કરવાં ન પડે તેવી આત્માની સ્થિતિ પ્રાપ્ત કરવી, તે આત્મ-કલ્યાણ છે.

સ. ૨૮૧ મોક્ષ એટલે શું ? મોક્ષમાં શું ન હોય ?

જ. મોક્ષ એટલે જ્યાં જન્મ-મરણ કરવાં ન પડે એવું ઉત્તમ સ્થાન. ત્યાં કોઈ જાતનું દુઃખ કે રોગ ન હોય, સુખ પણ કદી જાય નહિ એવું હોય અને જ્યાંથી ફરીથી સંસારમાં આવવું ન પડે.

સ. ૨૮૨ આઠ મદનાં નામ આપો અને તે કોણે કોણે કર્યા હતા ? તે જણાવો.

જ. ૧. જાતિમદ-હરિકેશી મુનિએ કર્યો હતો.
૨. કુળમદ-મરીચિએ કર્યો હતો.
૩. બળમદ-[1]શ્રેણિક તથા વસુભૂતિએ કર્યો હતો.
૪. રૂપમદ-સનત્કુમાર ચક્રવર્તીએ કર્યો હતો.
૫. તપમદ-કુરગડુ ઋષિએ પૂર્વ ભવમાં કર્યો હતો.
૬. ઋદ્ધિમદ-દશાર્ણભદ્ર રાજાએ કર્યો હતો.
૭. વિદ્યામદ-સ્થૂલિભદ્રજીએ કર્યો હતો.
૮. લોભમદ-સુભૂમ ચક્રવર્તીએ કર્યો હતો.

સ. ૨૮૩ સાત ભયોનાં નામ આપો અને તે સમજાવો.

જ. ૧ ઇહલોક ભય-મનુષ્યથી ભય.
૨. પરલોક ભય-મનુષ્યને દેવાદિનો ભય.
૩. આદાન ભય-ધન-માલ ચોરી જવાનો ભય.
૪. અકસ્માત્ ભય-અણધાર્યા સમયે નુકશાન થવાનો ભય.
૫. આજીવિકાભય-વેપાર-નોકરી છૂટી જવાનો ભય.
૬. મરણ ભય-મરવાનો ભય.
૭. અપયશ કે અપકીર્તિ ભય-ખરાબ બોલાશે અગર ખરાબ દેખાશે એવો ભય.

સ. ૨૮૪ પાંચ દાનનાં નામ આપો અને તેનો અર્થ સમજાવો.

જ. ૧. અભયદાન-જીવને મરણથી બચાવવો.
૨. સુપાત્રદાન-સાધુ-સાધ્વીજી મહારાજને આહાર-પાણી વગેરે વહોરાવવાં.

---

૧ શ્રેણિક રાજાએ હરિણીનો શિકાર કર્યો તે વખતે હરિણીને મારેલું બાણ હરિણીને વાગ્યા પછી આરપાર નીકળી એક ઝાડ પર ચોંટી ગયું હતું.તે બાણને બીજાઓ ન ખેંચી શક્યા અને શ્રેણિક રાજાએ પાછું ખેંચી લીધું તે વખતે બળમદ કર્યો હતો.

૩. અનકંપાદાન-ગરીબ, લૂલા-પાંગળા તેમ જ આંધળાને ખાવા-પીવાનું તેમજ કપડાં, પૈસા વગેરે આપવું તે.

૪. કીર્તિદાન-યશની ખાતર આપવું તે.

૫. ઉચિતદાન-જરૂરી પ્રસંગે વ્યવહાર સાચવવા આપવું તે.

સ. ૨૮૫ દાનને શોભાવનારાં પાંચ ભૂષણોનાં નામ આપો.

જ. (૧) આપતાં આનંદનાં આંસુ આવે (૨) રોમાંચ ખડાં થાય (૩) બહુમાન પેદા થાય (૪) પ્રિય વચન બોલે (૫) આપ્યા પછી અનુમોદના કરે.

સ. ૨૮૬ દાનને દૂષિત કરનારાં પાંચ કારણો કયાં ?

જ. ૧. અનાદરથી આપવું. ૨. ઘણી વાર લગાડીને આપવું. ૩. વાંકું મોઢું રાખીને આપવું. ૪. અપ્રિય વચન સંભળાવીને આપવું. ૫. દાન આપ્યા પછી ખેદ કરવો.

સ. ૨૮૭ માર્ગાનુસારીના પાંત્રીશ બોલ કયા કયા ?

જ.
૧. ન્યાયથી ધન મેળવવું.
૨. ઉત્તમ પુરુષોના આચરણનાં વખાણ કરવાં.
૩. સરખા કુળાચારવાળા પણ અન્ય ગોત્રી સાથે વિવાહ કરવો.
૪. પાપકાર્યથી ડરવું.
૫. દેશાચાર પ્રમાણે વર્તવું.
૬. કોઈની નિંદા ન કરવી.
૭. મર્યાદા જળવાય તેવા મકાનમાં સારા પાડોશમાં રહેવું.
૮. સારા આચરણવાળા પુરુષોની સોબત કરવી.
૯. માતા-પિતાની સેવા કરવી.
૧૦. લડાઈ, દુકાળ વગેરે ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો.
૧૧. નિંદવા યોગ્ય કાર્યો ન કરવાં.

૧૨. આવક પ્રમાણે ખર્ચ કરવો.

૧૩. આવક પ્રમાણે પોષાક રાખવો.

૧૪. આઠ પ્રકારની બુદ્ધિના ગુણો મેળવવા.
(૧) શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા કરવી. (૨) શાસ્ત્ર સાંભળવું. (૩) શાસ્ત્રનો અર્થ સમજવો. (૪) શાસ્ત્રને યાદ કરવું. (૫) શાસ્ત્રનું સામાન્ય જ્ઞાન મેળવવું. (૬) શાસ્ત્રનું વિશેષ પ્રકારે જ્ઞાન મેળવવું. (૭) અર્થ વિજ્ઞાન મેળવવું. (૮) તત્ત્વજ્ઞાન મેળવવું.

૧૫. હંમેશ ધર્મને સાંભળવો.

૧૬. જમેલું ભોજન પચી જાય ત્યાંર પછી જમવું, અજીર્ણ થયે ભોજન છોડી દેવું.

૧૭. ખરી ભૂખ લાગે ત્યારે પ્રકૃતિ-અનુકૂળ ખાવું.

૧૮. ધર્મ, અર્થ અને કામ-એ ત્રણનો સુમેળ કરવો.

૧૯. અતિથિ, સાધુ અને ગરીબને યથોચિત રીતે અન્ન પાણી આપવાં.

૨૦. કોઈ જાતના કદાગ્રહમાં ન પડવું.

૨૧. ગુણનો પક્ષપાત અને ગુણી પુરુષોનું બહુમાન કરવું.

૨૨. રાજા વગેરેએ નિષેધ કરેલા દેશમાં જવું નહિ

૨૩. પોતાના શક્તિ હોય તે પ્રમાણે કામ આરંભવું.

૨૪. માતા-પિતાદિકની ભક્તિ અને સ્ત્રી-પુત્રાદિકનું તેમજ વિધવા બહેન, પુત્રી આદિનું તથા ઉચિત ફરજ રૂપ આવી પડે તેનું ભરણ-પોષણ કરવું.

૨૫. વ્રતધારી તથા જ્ઞાની પુરુષોનો વિનય કરવો.

૨૬. કોઈ પણ કામ કરતાં શુભાશુભ ફળનો દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરવો.

૨૭. પોતાના આત્માના ગુણ-દોષને વિચારવા.

૨૮. કરેલા ઉપકારને ન ભૂલવો.

૨૯. વિનય, વિવેક આદિ ગુણો વડે લોકપ્રિય થવું.
૩૦. લાજ-મર્યાદા રાખવી.
૩૧. દયાભાવ રાખવો.
૩૨. ક્રૂરતા ન રાખતાં સૌમ્ય બનવું.
૩૩. પરોપકારમાં સમર્થ બનવું.
૩૪. કામ, ક્રોધ, લોભ, માન, મદ તથા હર્ષ - એ અંતરંગ છ વૈરીને જીતવા.
૩૫. ઈન્દ્રિયોને વશ કરવાનો અભ્યાસ કરવો.

---

## લેખિત ધોરણ આઠમું.

સ. ૨૮૮ આયુષ્યના કેટલા પ્રકારો છે ? તે કયા કયા છે ? અને તેનો અર્થ સમજાવો.

જ. આયુષ્યના બે પ્રકાર છે. (૧) સોપક્રમ-ઘણું આયુષ્ય છતાં ઉપક્રમ લાગવાથી આયુષ્ય જલદી ભોગવાઈ જાય તે. (૨) નિરૂપક્રમ-ઉપક્રમો લાગવા છતાં મૃત્યુ ન પામતાં આયુષ્ય પૂર્ણ થાય ત્યારે મૃત્યુ પામે.

સ. ૨૮૯ આયુષ્ય કેટલા પ્રકારે ઘટે છે ? તે જણાવો.

જ. આયુષ્ય સાત પ્રકારે ઘટે છે. ૧. રાગ, સ્નેહ, અને ભયના અત્યંત વિચારોથી. ૨. તરવાર વગેરે શસ્ત્રોથી તથા મંત્ર તંત્રના યોગથી. ૩. ઘણા આહારથી. ૪. શૂળાદિની વેદનાથી. ૫. ખાડા વગેરેમાં પડવાથી. ૬. સર્પાદિના સ્પર્શથી. ૭. પોતાના શ્વાસોચ્છ્વાસ વધી-ઘટી જવાથી કે રોકાઈ જવાથી.

સ. ૨૯૦ આત્માના કેટલા ભેદો છે ? તે કયા કયા ? તે સમજાવો.

જ. આત્માના ત્રણ ભેદો છે. (૧) બહિરાત્મા-જ્યારે મૂઢ દૃષ્ટિવાળો હોય ત્યારે. (૨) અંતરાત્મા-જ્યારે તત્ત્વ દૃષ્ટિવાળો હોય ત્યારે. (૩) પરમાત્મા-જ્યારે પૂર્ણ જ્ઞાન-પ્રકાશવાળો હોય ત્યારે.

સ. ૨૯૧ દેવતા પણ જે વસ્તુઓ ચાહે છે તેવી વસ્તુઓ કઈ ?

જ. (૧) મનુષ્યભવ (૨) આર્યદેશમાં જન્મ ૩. ધર્મ.

સ. ૨૯૨ સ્વભાવ કેટલી જાતના હોય છે ? તે કયા કયા છે ? અને તેનો અર્થ સમજાવો.

જ. સ્વભાવ ત્રણ જાતના હોય છે. (૧) સત્ત્વગુણી-જલદી ઉપદેશ ગ્રહણ કરે તે. (૨) રજોગુણી-કઠોર સ્વભાવવાળો (૩) તમોગુણી-વાતવાતમાં ઉગ્ર બને તે.

સ. ૨૯૩ સ્થવિરો કેટલી જાતના હોય છે ? તે કયા કયા છે ? અને તેનો અર્થ સમજાવો.

જ. સ્થવિરો ત્રણ જાતના હોય છે. (૧) વય:સ્થવિર સાધુ-સાઈઠ (૬૦) વર્ષથી અધિક ઉંમરવાળા (૨) શ્રુતસ્થવિર-શ્રી આચારાંગાદિ ચાર અંગથી અધિક ભણેલા મુનિવરો (૩) વ્રતસ્થવિર-વીસ વર્ષથી અધિક દીક્ષા પર્યાયવાળા સાધુઓ.

સ. ૨૯૪ તિથિઓના પ્રકાર જણાવો તેમ જ કઈ કઈ તિથિ શેની આરાધના માટે છે ? તે જણાવો.

જ. (૧) બે બીજ દર્શનતિથિ કહેવાય છે અને તે સમ્યગ્દર્શનની આરાધના માટે છે. (૨) બે પાંચમ અને બે અગિયારસ. આ ચાર પર્વતિથિઓ જ્ઞાનતિથિઓ છે અને તે ચૌદ પૂર્વ સુધીના જ્ઞાનની આરાધના માટે છે. (૩) બે આઠમ, બે ચૌદશ, પૂર્ણિમા અને અમાસ, આ છ પર્વતિથિઓ ચારિત્રતિથિ કહેવાય છે અને તે ચારિત્રના આરાધન માટે છે.

સ. ૨૯૫ વૈરાગ્ય કેટલી જાતના છે ? તેનાં નામ આપો અને તેનો અર્થ સમજાવો.

જ. વૈરાગ્ય ત્રણ જાતના છે : (૧) દુઃખગર્ભિત વૈરાગ્ય-સ્ત્રી, પુત્ર, મિત્ર, ધાન્યાદિ સુખને આપનાર ઇષ્ટ વસ્તુઓ જ્યારે પ્રાપ્ત

થઈને નાશ પામે, ત્યારે મનમાં દુઃખ ઉત્પન્ન થવાથી તે નિમિત્તે સકલ સંસાર ઉપર ઉદ્વેગ થાય તે. (૨) મોહગર્ભિત વૈરાગ્ય-સ્વર્ગાદિક સુખની આશંસાથી જે વૈરાગ્ય પ્રગટે તે, આ વૈરાગ્ય અજ્ઞાનજનિત હોય છે. કારણ કે આ વૈરાગ્યવાળા જીવાજીવાદિ તત્ત્વોના સ્વરૂપને વિપરીતરૂપે ગ્રહણ કરે છે. (૩) જ્ઞાનગર્ભિત વૈરાગ્ય-સંસાર અસાર છે, શરીર નાશવંત છે, એવી બુદ્ધિથી જે વૈરાગ્ય થાય તે.

સ. ૨૯૬ મનુષ્યજન્મમાં આદરવા યોગ્ય ધર્મનાં નામ આપો અને તે શા માટે આદરવા ? તે સમજાવો.

જ. (૧) દાન. (૨) શીલ. (૩) તપ. (૪) ભાવ.

દાન : ધનની મમતાને કાઢવા માટે.

શીલ : ભોગની લાલસા કાઢવા માટે.

તપ : આહારની ઈચ્છાને દૂર કાઢવા માટે.

ભાવ : આર્ત્ત-રૌદ્ર ધ્યાન ટાળવા માટે.

સ. ૨૯૭ ચાર કષાયો શેનો શેનો નાશ કરે છે ?

જ. (૧) ક્રોધકષાય-પ્રીતિનો નાશ કરે છે.

(૨) માનકષાય-વિનયગુણનો નાશ કરે છે.

(૩) માયાકષાય-સરળતાનો નાશ કરે છે.

(૪) લોભકષાય-સર્વ વસ્તુઓનો નાશ કરે છે.

સ. ૨૯૮ ચાર પ્રકારના જિન કયા કયા ? તે સમજાવો.

જ. ૧. નામજિન-શ્રી જિનેશ્વર ભગવાનનું નામ, ૨. સ્થાપનાજિન-શ્રી જિનેશ્વર ભગવાનની પ્રતિમા. ૩. દ્રવ્ય જિન-જેઓ તીર્થંકર થવાના છે અગર થઈ ગયા છે તે જીવો ૪. ભાવજિન-જેઓ તીર્થંકરપણે વિચરતા હોય તે.

સ. ૨૯૯ શરણ લેવા યોગ્ય કોણ કોણ છે ? તે જણાવો.

જ. શરણ લેવા યોગ્ય ચાર છે. (૧) અરિહંત. (૨) સિદ્ધ. (૩) સાધુ. (૪) ધર્મ.

સ. ૩૦૦ દાન, શીલ, તપ અને ભાવથી કોણ કોણ અતુલ સુખ પામ્યા ?

જ. (૧) દાનધર્મથી ધન્ના-શાલિભદ્ર અતુલ સુખ સંપત્તિ પામ્યા. (૨) શિયળધર્મથી સુદર્શન શેઠ, કલાવતી આદિ સ્વર્ગ સુખ પામ્યાં. (૩) તપધર્મથી દૃઢપ્રહારી, ઢંઢણ આદિ ઋષિઓ મોક્ષ પામ્યા. (૪) ભાવધર્મથી પ્રસન્નચંદ્ર, ઈલાચીકુમાર, મરુદેવી માતા આદિ સિદ્ધિ-સુખ પામ્યાં.

સ. ૩૦૧ ચાર પ્રકારના આહાર કયા કયા ? તે સમજાવો.

જ. (૧) અશન. (૨) પાન. (૩) ખાદિમ. (૪) સ્વાદિમ. ૧. અશન એટલે રાંધેલી વસ્તુઓ (દાળ-ભાત-રોટલી-શાક-મીઠાઈ વગેરે) ૨. પાન એટલે પીવા યોગ્ય વસ્તુઓ (પાણી વગેરે.) ૩. ખાદિમ એટલે શેકેલી વસ્તુઓ (ચણા, મમરા), ફળ વગેરે. ૪. સ્વાદિમ એટલે મુખવાસ (સૂંઠ-ગંઠોડા-તજ-લવીંગ-ધાણાની દાળ-વરિયાળી-પાન) વગેરે.

સ. ૩૦૨ સામા માણસને કેવી રીતિએ વશ કરાય ?

જ. માણસને વશ કરવા માટેની ચાર રીત છે.
(૧) પ્રિય વચન બોલવું. (૨) વિનય કરવો. (૩) દીન જનોને દાન કરવું. (૪) ગુણી જનોના ગુણો ગ્રહણ કરવા અને તેઓની પ્રશંસા કરવી.

સ. ૩૦૩ ચંડાળ કેટલા પ્રકારના છે ? તે કયા કયા છે ? અને તેનો અર્થ સમજાવો.

જ. ચંડાળ ચાર પ્રકારના છે. (૧) જાતિચંડાળ-ચંડાળની જાતિમાં જન્મેલો. (૨) કર્મચંડાળ-ચંડાળની જેમ નિર્દય કર્મ કરે તે. (૩) ક્રોધચંડાળ-આવેશમાં ન કરવાનાં કાર્યો કરે તે. (૪) નિંદકચંડાળ-પારકા અવર્ણવાદ બોલીને નિંદા કરે તે.

સ. ૩૦૪ દેવતાઓ મનુષ્યલોકમાં કયાં કયાં કારણોસર આવે છે ?

જ. દેવતાઓને મનુષ્યલોકમાં આવવાનાં ચાર કારણો છે. (૧)

શ્રી તીર્થંકરદેવના પાંચેય કલ્યાણક પ્રસંગે. (૨) પોતાના ઉપકારી આચાર્ય-ઉપાધ્યાય આદિને વંદન અર્થે. (૩) તપસ્વીનો મહિમા દર્શાવવા માટે (૪) સ્વજનાદિના સ્નેહથી આકર્ષાઈને.

સ. ૩૦૫ દેવતાઓ શાથી ઓળખાય ?
જ. (૧) જે આંખનું મટકું મારે નહિ. (૨) જેમના દેહનો પડછાયો પડે નહિ. (૩) જેમની ફૂલની માળા કરમાય નહિ. (૪) જે જમીનથી ચાર આંગળ ઊંચા રહે તે દેવ.

સ. ૩૦૬ દેવતાઓ પાંચ દિવ્યો કરે છે તે કયાં કયાં ?
જ. સુવર્ણવૃષ્ટિ. (૨) કુસુમવૃષ્ટિ. (૩) સુગંધી વાસક્ષેપ. (૪) દેવદુંદુભિ. (૫) અહોદાનં.....અહોદાનં...એવી ઘોષણા.

સ. ૩૦૭ પાંચ પ્રકારની ક્રિયા કઈ કઈ ? તે સમજાવો ?
જ. (૧) વિષ-આલોકમાં સુખ મેળવવાની ઈચ્છાથી જં ક્રિયા કરવામાં આવે તે. (૨) ગરલ-પરભવના સુખ માટે જે ક્રિયા કરવામાં આવે તે. (૩) અનનુષ્ઠાન-ઉપયોગશૂન્ય થતી ક્રિયા. (૪) તદ્હેતુ-શુદ્ધક્રિયાના રાગપૂર્વક કરાતી અશુદ્ધ ક્રિયા. (૫) અમૃત-ઉચ્ચ કોટિના ભાવપૂર્વક કરાતી સંપૂર્ણ શુદ્ધ ક્રિયા.

સ. ૩૦૮ મનુષ્યજન્મમાં સુખ આદિનો નાશ કરનાર છ વસ્તુઓ કઈ કઈ છે ?
જ. (૧) આળસ-સુખનો નાશ કરે. (૨) કુસંપ-લક્ષ્મીનો નાશ કરે. (૩) લડાઈ-જાન-માલનો નાશ કરે. (૪) મિતાહાર-રોગનો નાશ કરે. (૫) સરળતા-શત્રુનો નાશ કરે. (૬) તપ-પાપનો નાશ કરે.

સ. ૩૦૯ મનુષ્યગતિમાંથી આવેલનાં લક્ષણો જણાવો.
જ. (૧) સૌભાગી હોય. (૨) મીઠા વચનવાળો હોય. (૩)

દાતાર હોય. (૪) સરળ હોય. (૫) ચતુર હોય. (૬) ચતુરની સાથે પ્રીતિવાળો હોય.

સ. ૩૧૦ નરકગતિમાંથી આવેલનાં લક્ષણો જણાવો.

જ. (૧) દુર્ભાગી હોય. (૨) ક્લેશી હોય. (૩) રોગી હોય. (૪) અત્યંત ભયવાળો હોય. (૫) અત્યંત આરંભી હોય. (૬) ક્રોધી હોય.

સ. ૩૧૧ તિર્યંચગતિમાંથી આવેલનાં લક્ષણો જણાવો.

જ. (૧) લોભી હોય. (૨) કપટી હોય. (૩) જૂઠો હોય. (૪) અતિક્ષુધાવાળો હોય. (૫) મૂર્ખ હોય. (૬) મૂર્ખની જોડે પ્રીતિ કરનારો હોય.

સ. ૩૧૨ દેવગતિમાંથી આવેલનાં લક્ષણો જણાવો.

જ. (૧) સત્યવાદી, દૃઢધર્મી હોય. (૨) દેવગુરુનો ભક્ત હોય. (૩) ધનવાન હોય. (૪) રૂપવાન હોય. (૫) પંડિત હોય.

સ. ૩૧૩ લેશ્યા કેટલી ? તે કઈ કઈ છે ? તેનાં ફળ જણાવો.

જ. લેશ્યા ૬ છે.

(૧) કૃષ્ણ-કૃષ્ણલેશ્યાવાળા માણસો બોલવામાં કઠોર, દયાહીન અને સ્વભાવમાં કર્કશ હોય છે.

(૨) નીલ-નીલલેશ્યાવાળા માણસો દંભ કરવામાં ચાલાક અને લાંચ ખાવામાં હોંશિયાર હોય છે.

(૩) કાપોત-કાપોતલેશ્યાવાળા માણસો પારકાની નિંદા કરનાર તેમજ પોતાની બડાઈ કરનાર હોય છે.

(૪) તેજો-તેજોલેશ્યાવાળા માણસોમાં દયા, સરળતા, દાન વગેરે ભાવના હોય છે.

(૫) પદ્મ-પદ્મલેશ્યાવાળા માણસોમાં ધર્મ, સંકટ સમયે પણ ધૈર્ય, પ્રભુપૂજામાં રુચિ, વ્રત ધારણ કરવામાં આનંદ અને પારકાનું ભલું કરવાની ભાવના હોય છે.

(૬) શુક્લ-શુક્લલેશ્યાવાળા માણસોમાં તીવ્ર ધર્મબુદ્ધિ અને પરમાત્મદશાની સંપ્રાપ્તિ હોય છે.

કૃષ્ણલેશ્યાનું ફળ નારકપણું. નીલલેશ્યાનું ફળ સ્થાવરપણું, કાપોતલેશ્યાનું ફળ તિર્યંચપણું, તેજોલેશ્યાનું ફળ મનુષ્યપણું, પદ્મલેશ્યાનું ફળ દેવપણું અને શુક્લલેશ્યાનું ફળ મોક્ષપ્રાપ્તિ હોય છે.

સ. ૩૧૪ છ આરા કયા કયા ? તેનાં નામ આપો, તે કેટલા વર્ષ પ્રમાણના છે ? તે જણાવો.

જ. (૧) અવસર્પિણીકાળમાં સુષમસુષમા-પહેલો આરો ૪ કોડાકોડી સાગરોપમનો.

(૨) સુષમા-બીજા આરો ૩ કોડાકોડી સાગરોપમનો.

(૩) સુષમાદુષમા-ત્રીજો આરો ૨ કોડાકોડી સાગરોપમનો.

(૪) દુષમસુષમા-ચોથો આરો ૧ કોડાકોડી સાગરોપમમાં ૪૨ હજાર વર્ષ ઓછાનો.

(૫) દુષમા-પાંચમો આરો ૨૧ હજાર વર્ષનો.

(૬) દુષમદુષમા-છઠ્ઠો આરો ૨૧ હજાર વર્ષનો.

આમ છએ આરા કુલ ૧૦ કોડાકોડી સાગરોપમના હોય છે. ૧૦ કોડાકોડી સાગરોપમની એક ઉત્સર્પિણી, અને ૧૦ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી, તે બન્ને મળીને ૨૦ કોડાકોડી સાગરોપમનું એક કાલચક્ર થાય છે.

સ. ૩૧૫ 'નય' એટલે શું ? તેના પ્રકાર કેટલા ? અને કયા કયા ? તે અર્થ સાથે સમજાવો.

જ. કોઈપણ વિષયનું સાપેક્ષ નિરૂપણ કરનારો વિચાર તે નય કહેવાય, તેના સાત પ્રકાર છે. તે ક્રમસર આ પ્રમાણે : (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત નય.

(૧) નૈગમનય-એટલે જે વિચાર લોકરૂઢિ કે લૌકિક સંસ્કારથી પ્રવર્તે છે, જેમકે-કોઈ પુરુષ કાપડ ખરીદવા જતી વખતે, 'ક્યાં જાવ છો ?' એમ પૂછનારને કહે કે 'કોટ સીવડાવવા જાઉં છું.' તો આ તેનું કહેવું નૈગમનયે સાચું છે, કેમકે ત્યાંથી તે દરજીને ત્યાં કોટ સીવવા આપવા જવાનો હોય છે. વળી 'આજે મહાવીર-જન્મ છે' એમ કહેનાર લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાંના બનાવને 'આજે છે' એમ કહે છે, તે નૈગમનયે સાચું છે.

(૨) ભિન્ન ભિન્ન પ્રકારની વસ્તુઓનો તથા અનેક વ્યક્તિઓનો કોઈપણ સામાન્ય તત્ત્વના આધાર પર એકરૂપે સંકલિત કરનારો વિચાર તે સંગ્રહનય, જેમકે-કોઈ કહે કે 'હું તને આજે લાડુ જમાડીશ' આમ કહેનાર લાડુની સાથે દાળ-ભાત-શાક વગેરે બધું જમાડે, છતાં તેનું કહેવું સંગ્રહનયે સાચું છે.

(૩) વિવિધ વસ્તુઓને એકરૂપે સંકલિત કરીને તેનો વ્યવહારૂ ઉપયોગ કરવા પૃથક્કરણ કરનારો તે વ્યવહારનય જેમકે-કાપડ લેવા જનારને પોતાના ખપના કાપડનો વિભાગ કરવો પડે કે-આ ખાદી છે. આ મિલનું કાપડ વગેરે છે, તે વ્યવહારનયનો વિષય છે.

આ ત્રણ નયો દ્રવ્યાર્થિકનયના ભેદ ગણાય છે. હવેના ચાર પર્યાયાર્થિક નયો છે.

(૪) ઋજુસૂત્રનય-જે નય ભૂતકાળ અને ભવિષ્યકાળને લક્ષ્યમાં ન લેતાં માત્ર વર્તમાન પૂરતો વિચાર કરે તે. જેમ-જે પુત્ર હયાત હોઈ માતા-પિતાની સેવા કરે છે, તે પુત્ર છે.

(૫) શબ્દનય-જે મુખ્યતયા શબ્દને વળગી શાબ્દિક ધર્મો તરફ ઢળી, તે પ્રમાણે અર્થભેદ કલ્પે તે. જેમકે રાજગૃહ નામનું નગર હતું. તેમાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. આમાં 'રાજગૃહ હતું' તે હાલના રાજગૃહથી જુદું જ માને તે શબ્દ નય. આમાં કાળભેદે અર્થભેદ છે.

(૬) સમભિરૂઢનય-આ નય શબ્દની વ્યુત્પત્તિને આધારે અર્થભેદ કલ્પે છે. જેમકે, રાજચિહ્નોથી શોભે તે 'રાજા'. મનુષ્યોનું રક્ષણ કરે તે 'નૃપ'. પૃથ્વીનું પાલન કરે તે 'ભૂપાલ'. એમ વ્યુત્પત્તિ પ્રમાણે જુદાજુદા અર્થભેદ કલ્પે તે સમભિરૂઢ.

(૭) એવંભૂતનય-આ નયથી વિચાર કરનારો શબ્દથી ફલિત થતો અર્થ વસ્તુમાં જ્યારે ઘટી શકતો હોય ત્યારે જ વસ્તુને તે રૂપે સ્વીકારે, બીજી અવસ્થામાં નહિ. જેમકે, રાજા સ્નાન કરતો હોય કે ભોજન કરતો હોય ત્યારે તે રાજા નહિ પણ રાજદંડ ધારણ કરી રાજચિહ્નોથી રાજસિંહાસને શોભી રહ્યો હોય ત્યારે જ તેને રાજા કહેવાય. એમ એવંભૂતનય માને, અર્થાત્ 'કાર્ય પૂરું થયે જ કાર્ય પૂરું થયું, તેમ જે કહેવું તે. જેમ કે સ્ત્રી ઘડામાં પાણી ભરીને જતી હોય ત્યારે જ તેને ઘડો કહેવાય, તે 'એવંભૂતનય'ના આધારે ખરું છે.

સ. ૩૧૬ દશ કલ્પવૃક્ષોનાં નામ આપો અને તે શું આપે છે ? તે જણાવો.

જ. (૧) ગૃહાંગ-રહેવા માટે ઘર આપે. (૨) જ્યોતિરંગ - પ્રકાશ આપે. (૩) ભૂષણાંગ-દરેક પ્રકારના અલંકારો આપે. (૪) ભોજનાંગ - દરેક પ્રકારનાં ભોજન આપે. (૫) વસ્ત્રાંગ - દરેક જાતનાં વસ્ત્રો આપે. (૬) ચિત્રરસાંગ-દરેક પ્રકારના પીવાના પદાર્થો આપે. (૭) તૂર્યાંગ-દરેક જાતનાં વાજિંત્ર આપે. (૮) કુસુમાંગ-દરેક પ્રકારનાં સુગંધી પુષ્પો આપે. (૯) ભાજનાંગ-દરેક પ્રકારનાં વાસણો આપે. (૧૦) દીપાંગ-દીપકો પ્રગટાવે.

સ. ૩૧૭ નારકીના જીવો દસ પ્રકારની વેદના સહન કરે છે તે કઈ કઈ?

જ. (૧) શીત. (૨) ઉષ્ણ. (૩) ક્ષુધા. (૪) પિપાસા. (૫) ખંજવાળ. (૬) પરવશતા. (૭) જ્વર. (૮) દાહ. (૯) ભય. (૧૦) શોક.

સ. ૩૧૮ તેર કાઠીઆનાં નામ આપો તેમ જ તે શું કરે? તે સમજાવો.

જ. (૧) આળસ-દેવ-ગુરુ પાસે જતાં આળસ થાય. (૨) મોહ-સ્ત્રી-પુરુષ વગેરેથી વીંટળાઈ રહે. (૩) અવિનય-અવજ્ઞા-ગુરુ કંઈ ખાવા નહિ આપે, ધંધો કરીશું તો ખાઈશું. એવા વિચારો કરે. (૪) અભિમાન-મનમાં મોટાઈ રાખે. કોણ પગે લાગે? એવા વિચારો કરવા. (૫) ક્રોધ-ગુરુની આગતા-સ્વાગતા ન કરે. તેમને આક્રોશપૂર્વક બોલે. (૬) પ્રમાદ-પ્રમાદમાં પડ્યો રહે. (૭) કૃપણ-ગુરુ પાસે જઈશું તો ખર્ચ કરવો પડશે. (૮) ભય-ગુરુ પાસે વ્રત પચ્ચક્ખાણ કરવું પડે, એવો ભય રાખતાં ગુરુ પાસે ન જાય. (૯) શોક-શોકના યોગે ગુરુ પાસે ન જાય. (૧૦) અજ્ઞાન-અજ્ઞાનતાના કારણથી ગુરુ પાસે ન જાય. (૧૧) વિકથા-અનુચિત વાતો કરવામાં તત્પર રહે. (૧૨) કૌતુક - માર્ગમાં કૌતુક જોવા ઊભો રહે. (૧૩) વિષય-કામભોગમાં રત રહેતાં ગુરુ પાસે ન જાય.

સ. ૩૧૯ આગમસૂત્રો ક્યારે ન ભણાય?

જ. ૧. સૂર્યોદય પહેલાં અને પછી એક ઘડી સુધી ન ભણાય. મતાંતરે સૂર્યોદય પહેલાં બે ઘડી સુધી ન ભણાય.

૨. સૂર્યાસ્ત પહેલાં અને સૂર્યાસ્ત પછી બે ઘડી સુધી ન ભણાય.

૩. મધ્યાહ્ન સમય એટલે બપોરે બાર વાગે બે ઘડી ન ભણાય.

૪. મધ્ય રાત્રિએ એટલે રાત્રે બાર વાગે બે ઘડી સુધી ન ભણાય.

સ. ૩૨૦ શ્રી સિદ્ધગિરિ ઉપર ચૈત્યવંદન કરવાનાં મુખ્ય સ્થાનો કેટલાં? અને કયાં કયાં?

જ. તે સ્થાનો પાંચ છે.

૧. તળેટીમાં પગલાં આગળ.

૨. ગિરિરાજ ઉપર શ્રી શાન્તિનાથ પ્રભુના દહેરાસરમાં.

૩. (મૂલનાયક) શ્રી આદીશ્વર દાદા સન્મુખ.

૪. શ્રી પુંડરિકસ્વામિજી સન્મુખ.
૫. રાયણ પગલે.

સ. ૩૨૧ શ્રી સિદ્ધગિરિજી ઉપરની નવ ટૂંકોનાં નામ આપો.

જ. ૧. શ્રી આદીશ્વર દાદાની ટૂંક. ૨. મોતીશા શેઠની ટૂંક. બાલાભાઈની ટૂંક. ૪. પ્રેમચંદ મોદીની ટૂંક. ૫. હેમાભાઈ શેઠની ટૂંક. ૬. ઉજમબાઈની ટૂંક. ૭. સાકરચંદ પ્રેમચંદની ટૂંક. ૮. છીપાવસહીની ટૂંક. ૯. સદા સોમજીની ટૂંક.

સ. ૩૨૨ શ્રી સિદ્ધગિરીજી ઉપર સોલ મોટા ઉદ્ધાર કોણે કોણે કરાવ્યા ?

જ. ૧. ભરત ચક્રવર્તીએ. ૨. દંડવીર્ય રાજાએ. ૩. ઈશાનેન્દ્રે. ૪. માહેન્દ્રે. ૫. બ્રહ્મેન્દ્રે ૬. ચમરેન્દ્રે. ૭. સગર ચક્રવર્તીએ. ૮. વ્યંતરેન્દ્રે. ૯. ચંદ્રયશા રાજાએ. ૧૦. ચક્રાયુધ રાજાએ. ૧૧. રામચંદ્રજીએ. ૧૨. પાંડવોએ. ૧૩. જાંવડશાહે. ૧૪. બાહડ મંત્રીએ. ૧૫. સમરાશાહે. ૧૬. કર્માશાહે.

સ. ૩૨૩ શ્રી સિદ્ધગિરિજીનું છ આરામાં કેટલુ પ્રમાણ ગણાય ?

જ. પહેલે આરે ૮૦ યોજન, બીજે આરે ૭૦ યોજન, ત્રીજે આરે ૬૦ યોજન, ચોથે આરે ૫૦ યોજન, પાંચમે આરે ૧૨ યોજન. છઠ્ઠે આરે ૭ હાથ. એ મુજબ પ્રમાણ ગણાય છે.

સ. ૩૨૪ સ્થાપનાચાર્ય પડિલેહવાના તેર બોલ કયા કયા ?

જ. (૧) શુદ્ધ સ્વરૂપના ધારક ગુરુ. (૨) જ્ઞાનમય. (૩) દર્શનમય. (૪) ચારિત્રમય - ગુરુ (૫) શુદ્ધ શ્રદ્ધામય. (૬) પ્રરૂપણામય. (૭) સ્પર્શનામય. (૮) ગુરુ પંચાચાર પાળે. (૯) ગુરુ પંચાચાર પળાવે. (૧૦) ગુરુ પંચાચાર અનુમોદે. (૧૧) ગુરુ મનોગુપ્તિ. (૧૨) વચનગુપ્તિ. (૧૩) કાયગુપ્તિએ ગુપ્ત.

સ. ૩૨૫ જ્ઞાનીઓએ એક રાજલોકનું પ્રમાણ કેવી રીતિએ સમજાવ્યું છે ?

જ. એક દેવ સૌધર્મ દેવલોકથી ક્રીડાપૂર્વક (સહેલાઈથી) હજાર ભારલોઢાનો ગોળો પોતાના સર્વ બળથી ભૂમિ પ્રતિ (તરફ) ફેંકે, તે ૬ માસ, ૬ દિવસ, ૬ પ્રહર, ૬ મુહૂર્ત, ૬ ઘટી અને ૬ પળે પૃથ્વી ઉપર આવે છે. ત્યારે એક રાજનું પ્રમાણ થાય.

સ. ૩૨૬ ચૌદ ગુણસ્થાનકોનાં નામ આપો.

જ. (૧) મિથ્યાત્વ. (૨) સાસ્વાદન. (૩) મિશ્ર. (૪) અવિરતિ સમ્યગ્દષ્ટિ. (૫) દેશવિરતિ (૬) પ્રમત્ત. (૭) અપ્રમત્ત. (૮) અપૂર્વકરણ. (નિવૃત્તિ) (૯) અનિવૃત્તિબાદર. (૧૦) સૂક્ષ્મસંપરાય. (૧૧) ઉપશાન્તમોહ. (૧૨) ક્ષીણમોહ. (૧૩) સયોગીકેવળી. (૧૪) અયોગીકેવળી.

સ. ૩૨૭ સ્ત્રીઓ તે જ ભવમાં શું શું ન પામી શકે?

જ. (૧) તીર્થંકરપદવી. (શ્રી મલ્લિનાથ પ્રભુ તીર્થંકર થયા તે એક આશ્ચર્યમાં ગણાય છે.)

(૨) ચક્રવર્તીપણું (૩) વાસુદેવપણું. (૪) બળદેવપણું. (૫) સંભિન્નશ્રોતોલબ્ધિ. (૬) ચારણલબ્ધિ. (૭) ચૌદ પૂર્વ. (૮) ગણધર લબ્ધિ. (૯) પુલાક લબ્ધિ. (૧૦) આહારક શરીર. ઉપરની દશ વસ્તુઓ સ્ત્રીઓને તેજ ભવમાં પ્રાપ્ત ન થાય.

સ. ૩૨૮ સિદ્ધિઓ કેટલી છે અને તે કઈ કઈ છે? તે સમજાવો.

જ. સિદ્ધિઓ આઠ છે.

(૧) અણિમા-આ લબ્ધિથી શરીર એટલું બધું સૂક્ષ્મ કરી શકાય કે સોયના નાકામાંથી પોતે પસાર થઈ શકે.

(૨) મહિમા-આ લબ્ધિથી મેરુ પર્વત કરતાં પણ મોટું શરીર કરી શકાય.

(૩) લઘિમા-આ લબ્ધિથી પોતાનું શરીર વજનમાં પવન કરતાં હલકું કરી શકાય.

(૪) ગરિમા-આ લબ્ધિથી પોતાનું શરીર એટલું બધું વજનદાર બનાવી શકાય કે વજ્ર કરતાં પણ ભારે થઈ જાય.

(૫) પ્રાપ્તિશક્તિ-આ લબ્ધિથી પોતાના શરીરની એટલી ઊંચાઈ કરી શકે કે-પોતે ભૂમિ ઉપર રહ્યા છતાં અંગુલિના અગ્ર ભાગ વડે મેરુ પર્વતની ટોચને અને ગ્રહાદિને સ્પર્શ કરી શકે.

(૬) પ્રાકામ્યશક્તિ-આ લબ્ધિથી પાણીની માફક જમીનમાં ડૂબકી મારી શકે અને જમીનની માફક પાણી ઉપર ચાલી શકે.

(૭) ઈશિત્વ-આ લબ્ધિથી તીર્થંકરની, ચક્રવર્તીની અને ઈન્દ્રની ઋદ્ધિ પ્રગટ કરવા માટે શક્તિમાન થઈ શકે.

(૮) વશિત્વ-આ લબ્ધિથી સિંહાદિ ક્રૂર-વિકરાળ જનાવરો પણ પોતાને વશ થાય.

સ. ૩૨૯ જુદા જુદા પ્રકારના પચ્ચક્ખાણનાં ફળ જણાવો.

જ. (૧) નવકારશી-એક સો વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જે કર્મનિર્જરા થાય તેટલી કર્મનિર્જરા આ પચ્ચક્ખાણથી કરે.

(૨) પોરિસી-એક હજાર વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મનિર્જરા થાય તેટલી કર્મ નિર્જરા કરે.

(૩) સાઢપોરિસી-દશ હજાર વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મનિર્જરા કરે તેટલી નિર્જરા થાય.

(૪) પુરિમડ્ઢ-એક લાખ વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મનિર્જરા કરે તેટલી નિર્જરા થાય.

(૫) એકાસણું-દસ લાખ વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મનિર્જરા કરે તેટલી નિર્જરા થાય.

(૬) નિવી-એક ક્રોડ વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મનિર્જરા કરે તેટલી નિર્જરા થાય.

(૭) એકદત્તિ-સો ક્રોડ વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મનિર્જરા કરે તેટલી નિર્જરા થાય.

(૮) આયંબીલ-એક હજાર ક્રોડ વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મનિર્જરા કરે તેટલી નિર્જરા થાય.

(૯) ઉપવાસ-દશ હજાર ક્રોડ વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મનિર્જરા કરે તેટલી નિર્જરા થાય.

સ. ૩૩૦ વિહરમાન તીર્થંકર એટલે શું ? તે કેટલા છે ? તેઓનાં નામ આપો.

જ. વિહરમાન તીર્થંકર એટલે વિચરતા તીર્થંકર વીસ છે.

| | |
|---|---|
| ૧. સીમંધર | ૧૧. વજ્રંધર |
| ૨. યુગમંધર. | ૧૨. ચંદ્રાનન. |
| ૩. બાહુ. | ૧૩. ચંદ્રબાહુ. |
| ૪. સુબાહુ. | ૧૪. ભુજંગ |
| ૫. સુજાત. | ૧૫. ઈશ્વર |
| ૬. સ્વયંપ્રભ. | ૧૬. નેમિપ્રભ |
| ૭. ઋષભાનન. | ૧૭. વીરસેન |
| ૮. અનંતવીર્ય. | ૧૮. દેવયશા. |
| ૯. સુરપ્રભ. | ૧૯. ચંદ્રયશા. |
| ૧૦. શ્રી વિશાલ. | ૨૦ અજિતવીર્ય |

સ. ૩૩૧ ૐ કારમાં પાંચ પરમેષ્ઠિનો સમાવેશ શી રીતિએ થાય છે ?

જ. અરિહંતનો પ્રથમાક્ષર અ, અશરીરી (સિદ્ધ) નો પ્રથમાક્ષર અ, આચાર્યનો પ્રથમાક્ષર આ, ઉપાધ્યાયનો પ્રથમાક્ષર ઉ અને મુનિવરનો પ્રથમાક્ષર મ્-એ પ્રમાણે અ+અ+આ+ઉ-એ ચારેયની સંધિ થતાં ઓ થયો અને તેની પછીના મ્નું બિંદુ થતાં ૐ થયો.

# પરિશિષ્ટ

ભવાભિનંદી જીવોનાં લક્ષણ :-

(ભવ એટલે સંસાર, તેને જીવ અભિનંદે એટલે સારો માને. તેમાં પ્રાપ્ત થતાં ભોગ-સુખોને જ ઈચ્છે, તે જીવને વાસ્તવિક મુક્તિ સુખની ઝાંખી હોતી નથી, તેથી તે ભવાભિનંદી જીવ કહેવાય છે.)

(૧) આહારને અર્થે ધર્મકરણી કરે. (૨) પૂજાવાને અર્થે ધર્મકરણી કરે. (૩) ઉપધિ (ધર્મના સાધન) અર્થે ધર્મકરણી કરે. (૪) ઋદ્ધિ ગારવ (મોટાઈ-વૈભવ-માન આદિ) માટે ધર્મકરણી કરે. (૫) ક્ષુદ્ર-અગંભીર હોય (૬) લોભને વિષે (પુદ્‌ગલભાવને વિષે) આસક્ત હોય. (૭) દીન-પુદ્‌ગલ ભાવના વિયોગે કરીને રાંક. (૮) મત્સરી-દ્વેષ-વાળો. (૯) ભયવાન્. (૧૦) શઠ. (૧૧) અજ્ઞાની.

**મિથ્યાત્વના ચાર પ્રકાર :-**

૧. **પ્રરૂપણા મિથ્યાત્વ**-ઉપદેશ, ધર્મકથા આદિમાં શ્રી જિનકથિત સન્માર્ગથી વિપરીત નિરૂપણ કરે તે.
૨. **પ્રવર્તન મિથ્યાત્વ**-શ્રી જિનદર્શિત સમ્યગ્ આચારો અને પર્વારાધનોથી વિપરીત આચરણ કરે તે.
૩. **પરિણામ મિથ્યાત્વ**-શ્રી જિનોપદિષ્ટ ભાવવિશુદ્ધિનાં સમ્યગાલંબનો છોડી વિરુદ્ધ કલ્પનાઓ કરે તે.
૪. **પ્રદેશ મિથ્યાત્વ**-દર્શન મોહનીય કર્મનાં દળિયાં પ્રદેશોદયથી વર્તી રહ્યાં હોય તે.

**મિથ્યાત્વના દશ પ્રકાર :-**

૧. ધર્મને અધર્મ કહેવો. ૨. અધર્મને ધર્મ કહેવો. ૩. માર્ગને ઉન્માર્ગ કહેવો. ૪. ઉન્માર્ગને માર્ગ કહેવો. ૫. સાધુને અસાધુ કહેવા. ૬. અસાધુને સાધુ કહેવા. ૭. જીવને અજીવ કહેવો. ૮. અજીવને જીવ કહેવો. ૯. મૂર્ત્તને અમૂર્ત્ત કહેવો. ૧૦. અમૂર્ત્તને મૂર્ત્ત કહેવો.

**મિથ્યાત્વના પાંચ પ્રકાર :-**

૧. **આભિગ્રહિક મિથ્યાત્વ**-એટલે અનાયાસે કુળ-પરંપરા આદિથી પ્રાપ્ત થયેલ જે ધર્મમાર્ગ પોતે સ્વીકારેલ હોય તેને ઉચિત પરીક્ષા-વિધિથી તપાસ્યા સિવાય 'તે જ સાચો માર્ગ છે' એવો કદાગ્રહ રાખવો તે.

૨. **અનાભિગ્રહિક મિથ્યાત્વ**-એટલે જગતમાં વર્તતા ધર્મમાર્ગોમાં સાચા-ખોટાની પરીક્ષામાં ઊતર્યા વિનાજ 'બધાય ધર્મ સાચા છે' અગર-બધાય ધર્મો ખોટા છે, એમ માની લેવું અને સત્યધર્મની પરીક્ષા તથા સત્ય ધર્મનો આગ્રહ રાખનારા કજિયાખોર છે એમ માની લેવું તે. (વર્તમાનમાં આ મિથ્યાત્વ ઘણું વ્યાપક છે.)

૩. **આભિનિવેશિક મિથ્યાત્વ**-એટલે કોઈપણ ધર્મતત્ત્વ કે માર્ગ પોતે સ્વીકારેલ હોય, તે કોઈના બતાવ્યાથી કે સત્યમાર્ગ-દર્શનથી પોતાને ખોટો ભાસે છતાં પણ મમત્વથી કે બીજા દુરાશયોથી તેને છોડે નહીં અને તેને સાચો ઠરાવવાનો દુરાગ્રહ રાખે તે.

૪. **સાંશયિક મિથ્યાત્વ**-એટલે પોતે સ્વીકારેલ ધર્મ સાચો હોય છતાં મનમાં સંદેહ ધરે કે 'આ સાચો હશે કે પેલો' આવું સંશયયુક્ત મન રાખે તે.

૫. **અનાભોગિક મિથ્યાત્વ**-એટલે અજ્ઞાનવશ જીવને કંઈ પણ સત્યાસત્યનું ભાન જ ન હોય તે.

**મિથ્યાત્વના છ પ્રકાર :**

૧. લૌકિક દેવગત, ૨.લૌકિક ગુરુગત, ૩. લૌકિક પર્વગત, ૪. લોકોત્તર દેવગત, ૫. લોકોત્તર ગુરુગત, ૬. લોકોત્તર પર્વગત.

**ભાવ શ્રાવકનાં ૬ લિંગ :**

૧. **કૃતવ્રતકર્મા** - સુગુરુ પાસેથી સાંભળી, જાણી - સમજી, સ્વીકારી અને સારી રીતે વ્રતોનું પાલન કર્યું હોય તે.

૨. **શીલવાન્**-(૧) આયતન-ધર્મિજનોને મળવાનું સ્થાન સેવે, (૨)

વિના કાર્યે બીજાના ઘરમાં પ્રવેશ ન કરે, (૩) દેશાચાર, કુલાચાર પ્રમાણે વેષ રાખે, (૪) વિકારયુક્ત વચનો ન બોલે, (૫) બાળક્રીડા-અજ્ઞાની જીવોના રીતરિવાજો ત્યજે, (૬) કોઈ પણ કાર્ય શાંતિથી અને મધુર રીતે સાધે.

આ છ ગુણોવાળો જીવ શીલવાન્ કહેવાય છે.

૩ **ગુણવાન્** - (૧) સ્વાધ્યાય (૨) ધર્મક્રિયા (૩) વિનય — વિષે હંમેશાં ઉદ્યમવાળો હોય તે.

(૪) આ લોક-પરલોક સંબંધી કોઈ પણ કાર્યમાં આગ્રહરહિત-સરળ હોય.

(૫) જિનેશ્વર ભગવાનના આગમ ઉપર અત્યંત બહુમાન ધારણ કરનાર હોય.

આ પાંચ ગુણ યુક્ત હોય તે ગુણવાન ગણાય છે.

૪. **ઋજુ વ્યવહારી** - (૧) યથાર્થ બોલવું-ધર્મ સંબંધી અથવા સાંસારિક વ્યવહારમાં વિસંવાદ-વિરોધ ન આવે તેમ બોલવું. (૨) બીજાને છેતરવાની બુદ્ધિથી કોઈ પણ કાર્ય ન કરવું. (૩) કોઈ અશુદ્ધ વ્યવહારને કરતો હોય તેની આગળ ચોરી આદિથી ઉત્પન્ન થતાં આ લોક-પરલોકનાં કષ્ટો બતાવવાં. (૪) સદ્ભાવ પૂર્વક મિત્રતા રાખવી.

૫. **ગુરુશુશ્રૂષા**-ગુરુની સેવા કરનાર હોય, તેના ચાર ભેદ છે. (૧) પોતે ગુરુની સેવા કરે. (૨) બીજા મનુષ્યોને ગુરુની સેવામાં પ્રવર્તાવે. (૩) ગુરુને ઔષધ વગેરે આપે. (૪) મનથી ગુરુ પ્રત્યે બહુમાન ધારણ કરે.

૬. **પ્રવચન કુશળ**-(૧) સૂત્ર (૨) સૂત્રનો અર્થ (૩) ઉત્સર્ગ-સામાન્ય વચન (૪) અપવાદ-વિશેષવચન (૫) વિધિપૂર્વક ધર્મ અનુષ્ઠાન આચરવું (૬) વ્યવહાર ગીતાર્થ પુરુષોનું આચરણ. આ છએમાં કુશળપણાને પામ્યો હોય તે પ્રવચનકુશળ કહેવાય છે.

**ભાવશ્રાવકનાં ભાવગત ૧૭ લક્ષણો**

૧. **સ્ત્રી**-સ્ત્રીને અનર્થના સ્થાનરૂપ, ચંચળ ચિત્તવાળી અને નરકના માર્ગ સમાન માની તેને વશ ન થાય, આસક્તિ રહિત બને.

૨. **ઈન્દ્રિય**-ઈન્દ્રિયરૂપી ચંચળ ઘોડાઓ હંમેશાં દુર્ગતિના માર્ગે દોડનાર હોય છે. સંસારનું સ્વરૂપ વિચારી જ્ઞાનરૂપી લગામથી ઈન્દ્રિયોને કાબૂમાં રાખનાર હોય.

૩. **અર્થ**-અર્થ એટલે ધન. ધન એ સઘળા અનર્થોનું નિમિત્ત છે, માનસિક તેમજ શારીરિક અનેક દુઃખોનું કારણ છે, અને સાર વિનાનું છે એમ જાણી બુદ્ધિશાળી શ્રાવક તેને વિષે જરા પણ લોભ ન કરે.

૪. **સંસાર**-દુઃખરૂપ, દુઃખને આપનાર, દુઃખની પરંપરાને વધારનાર, અને વિડંબનારૂપ સંસારને અસાર જાણી તેમાં આનંદ ન માને.

૫. **વિષય**-ક્ષણ માત્ર સુખને આપનાર, પરિણામે દુઃખદાયી, ઝેરની ઉપમાવાળા વિષયો છે, એમ જાણી ભવથી ભય પામનાર અને તત્ત્વોના અર્થને જાણકાર શ્રાવક તેમાં આસક્તિ ધારણ ન કરે.

૬. **આરંભ**-તીવ્ર આરંભોનો ત્યાગ કરે, કદાચ નિર્વાહ ન ચાલતો હોય અને કરવાં પડે તો અનિચ્છાએ કરે. આરંભરહિત મનુષ્યોની સ્તુતિ કરે, તેમ જ સર્વ જીવો ઉપર દયાવાળો હોય.

૭. **ઘર**-ઘરમાં વસવું બન્ધન તુલ્ય માને, રહેવું પડે તો દુઃખપૂર્વક રહે, ચારિત્ર મોહનીય કર્મને જીતવાનો ઉદ્યમ કરે.

૮. **દર્શન**-દેવ, ગુરુ અને ધર્મ ઉપર અત્યંત શ્રદ્ધાવાળો હોય, પ્રભાવના, પ્રશંસા આદિ કરનારો હોય, ગુરુ ઉપર અત્યંત ભક્તિ ધારણ કરવાપૂર્વક નિર્મળ સમ્યકત્વને ધારણ કરે.

૯. **ગડ્ડરી પ્રવાહ**-લોકો ગાડર-ઘેટાના ટોળાની જેમ ગતાનુગતિક આચરણ કરનાર હોય છે-એમ જાણી લોકસંજ્ઞાનો ત્યાગ કરે. શ્રાવક સારી રીતે વિચારીને કાર્ય કરનાર બુદ્ધિશાળી હોય.

૧૦. **આગમ પુરસ્સર પ્રવૃત્તિ** - પરલોકના માર્ગમાં જિનેશ્વર ભગવાનના આગમ સિવાય બીજું કોઈ પ્રમાણ નથી, એમ વિચારી સર્વ ક્રિયાઓ આગમ અનુસાર આચરે.

૧૧. **યથાશક્તિ દાનાદિ પ્રવૃત્તિ**-શક્તિને છુપાવ્યા વિના પોતાને કલેશ ન થાય તેવી રીતે તેમ જ લાંબો કાળ આચરી શકાય તેવી રીતે દાનાદિ ચાર પ્રકારનો ધર્મ આચરે.

૧૨. **વિહ્રીક**-ચિંતામણિ રત્નસમાન દુર્લભ, હિતકારી, નિષ્પાપ એવી ધર્મક્રિયાનું આચરણ કરતાં જીવો કદાચ હાંસી કરે તો પણ તેથી શરમિંદા થઈ તેને છોડી ન દે.

૧૩. **અરક્તદ્વિષ્ટ**-શરીરની સ્થિતિ-રક્ષણ આદિમાં કારણભૂત સ્વજન, આહાર, ઘર આદિ સાંસારિક ભાવોમાં રાગ-દ્વેષ રહિતપણે પ્રવર્તે.

૧૪. **મધ્યસ્થ**-ઉપશમ વડે શ્રેષ્ઠ વિચારવાળો રાગ-દ્વેષ વડે પીડાય નહિ, પરંતુ હિતની ઈચ્છાવાળો મધ્યસ્થ-દષ્ટિ રાખી ખોટા આગ્રહનો સર્વથા ત્યાગ કરે.

૧૫. **અસંબદ્ધ**-સઘળી વસ્તુઓના ક્ષણભંગુરપણાનો નિરંતર વિચાર કરતો ધનાદિની સાથે સંબંધવાળો હોવા છતાં તેમાં મૂર્છા-આસક્તિનો ત્યાગ કરે.

૧૬. **પરાર્થકામોપભોગી**-સંસારથી વિરક્ત મનવાળો હોય, કામ-ભોગો તૃપ્તિનું કારણ નથી એમ જાણી બીજાની દાક્ષિણ્યતા આદિના કારણે જ તેમાં પ્રવૃત્તિ કરે.

૧૭. **વેશ્યાવત્ ઘરવાસ પાળનાર**-વેશ્યાની જેમ આસ્થા આસક્તિ રહિત આ જ અથવા કાલ ત્યાગ કરીશ એમ વિચારતો અલ્પ આદરવાળો પારકી વસ્તુની જેમ ઘરવાસનું પાલન કરે.

# શ્રી નવકાર મહામંત્રનું પ્રભાવક ગુણ સ્તવન

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂરવનો સાર;
એના મહિમાનો નહીં પાર,
એનો અર્થ અનંત અપાર. ૧

સુખમાં સમરો દુઃખમાં સમરો,
સમરો દિવસ ને રાત;
જીવતાં સમરો મરતાં સમરો,
સમરો સહુ સંઘાત ૨

યોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે દાનવ સમરે,
સમરે સહુ નિઃશંક. ૩

અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર. ૪

નવ પદ એનાં નવ નિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે,
વીર વચન જો હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે. ૫

# જરૂર આટલું કરો

(૧) શ્રી નવકારમંત્રને સદા યાદ કરો.

(૨) ભણેલું ભૂલી ન જાઓ.

(૩) સવાર-સાંજ પ્રભુનાં દર્શન કરો.

(૪) શ્રી જિનેશ્વરદેવની પૂજા દરરોજ કરો.

(૫) ગુરુ મહારાજને હંમેશાં વંદન કરો.

(૬) સવારે ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચક્ખાણ કરો.

(૭) સાંજે ઓછામાં ઓછું ચઉવિહાર અથવા તિવિહારનું પચ્ચક્ખાણ કરો.

(૮) કંદમૂળમાં અનંતા જીવો છે; તેને કદી પણ ન ખાઓ.

(૯) પરમ ઉપકારી ચોવીશેય શ્રી જિનેશ્વરદેવોને દરરોજ યાદ કરો.

(૧૦) મા-બાપ તથા વિદ્યાગુરુઓ સામે વિનયથી વર્તો.

## ૧૦૦ વર્ષ પ્રાચીન શ્રી રાજનગર જૈન શ્વે. મૂ. ધા. ઈ. પરીક્ષા સંસ્થાના સ્થાપક

## પૂજ્યશ્રી આગમોદ્ધારક આ.શ્રી આનંદ સાગર સૂરીશ્વરજી મ. ના પાવન-જીવનનો સ્પર્શ

બે હજાર વર્ષ પૂર્વ શ્વેતામ્બરી આચાર્ય ઉમાસ્વાતિજીએ અપૂર્વ યોગદાન બક્ષ્યું. તે પછી ભગવાન સિદ્ધર્ષિએ પોતાની પ્રશસ્ય પ્રતિભા પાથરી. એ પછી સર્વમાન્ય આચાર્ય હરિભદ્રસૂરિજી થઈ ગયા. આ મહાપુરૂષનું નામ તો આજે ય જૈનો ઘણા આદરથી આદરે છે. અને જેઓનું નામ ન લઈએ તો ભારતનો ઈતિહાસ અધૂરો જણાય એવા કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય વિદ્વજ્ જગતના જવાહીર બની ગયા. પ્રખર-તાર્કિક મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી પોતાની પ્રચંડ પ્રતિભા વેરતા થાય. તો ગુજરાતની ગુજરેલી ત્રણ શતાબ્દિ પૂર્વે ગુજરાતની ધરા પર કોહિનૂર-સા ચમકી ઉઠેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની આભા-પ્રતિભા તો આજે ય તાજી-તરોજી લાગી રહી છે. તેઓશ્રી પછી નજીકના ભૂતકાળમાં તાર્કિક-શિરોમણિ અને ક્રાન્તિકારી પ્રભાવક જૈનાચાર્ય તરીકે વિદ્વાનો નામ લેતા હોય તો તે છે આગમોદ્ધારક શ્રી આનંદ સાગરસૂરિ મ.!

આજથી બરાબર ૬૭ વર્ષ પૂર્વે સુરતની ધરા ઉપર જેઓએ મર્દાનગીથી પોતાના દેહને છેહ દીધો એવા આ મહાપુરૂષના જીવનના પ્રત્યેક પાસા પાણીદાર, જાનદાર, શાનદાર અને ચમકદાર હતાં ! આજથી એકસો બેંતાલીસ વર્ષ પહેલાં ગુજરાતના ખેડા જિલ્લાના કપડવંજ ગામના શેઠ મગનલાલ અને જૈન શ્રાવિકા

યમુનાદેવીનું આ કૂખરતન અતર્યું ! એનું નામ પડ્યું હેમચંદ્ર! અને આ બાળક પણ પોતાના નામને જ જાણે અનુસર્યો ! હેમ (સોનું) નું કામ જેમ ચમકનું એ રીતે આ બાળક દરેક ક્ષેત્રમાં ચમકવા લાગ્યો. ચાહે ક્ષેત્ર ભણવાનું હોય કે રમવાનું, કોઈ ધાર્મિક પ્રવૃત્તિ હોય કે સાંસ્કૃતિક કાર્યક્રમ બધાયમાં એ હેમની જેમ ચમક્યા વિના ના રહે !

પાંચ વર્ષની બાલ્યવયે જ્યારે એને નિશાળે ભણવા મૂક્યો ત્યારે એ દરેક બાળકોમાં તો આગળ નીકળી જ ગયો પરંતુ તે વખતની સ્કૂલના સાહેબો પણ આ બાળકની સ્મૃતિ અને અધ્યયન શીલતાથી ચોંકી ઉઠેલા ! અભ્યાસની સાથે આ બાળકના સ્વભાવમાં નીડરતા, સાહસિકતા અને શૂરવીરતા છતી થતી હતી. જ્ઞાનમાં પંડિતાઈ પરખાતી તો બુદ્ધિમાં ચાતુર્ય ચમકતું, વાણીમાં ગંભીરતા અને અંતરમાં પરજીવો પ્રત્યે દયાળુતા અને આર્દ્રતા અચૂક નજરે પડતી હતી.

બાળવયમાં જ વિલક્ષણ વ્યક્તિત્ત્વ હોવાથી અને એ જમાનામાં બાળ વિવાહની પરંપરા ચાલતી હોવાથી અનેક કુલીન કન્યાઓના માંગા આવતા રહ્યા પરંતુ આ બાબતે જ્યારે પણ હેમચન્દ્રને પૂછવામાં આવતું ત્યારે એ સ્પષ્ટ નન્નૈયો સંભળાવતો એ કહેતો કે ‘સંસારમાં પડ્યા રહેવા માટે મારો જનમ નથી થયો હું તો મારા આત્માનું અને એ સાથે મારા જાતભાઈ સમાન અનેક પુણ્યાત્માઓનું પરમાર્થકરણ કરવા આવ્યો છું. મને આવી લગનની જંજીરોમાં જકડાવાનો જરાય રસ નથી. પરંતુ હેમચન્દ્ર આવું કહેતો રહ્યો

અને માતા પિતા પરિવારજનોના મોહપ્રાબલ્યે હેમચન્દ્રને બાંધી જ દીધો. બાર-વર્ષની વયે માણેક નામની કન્યા સાથેના સંબંધમાં તેને જકડી લીધો. છતાંય પાંજરામાં પુરાયેલું પંખી જેમ છૂટવા છટપટાય તેમ સંસારના બંધનોથી છૂટવા માટે હેમચન્દ્રના પ્રયત્નો ચાલતાં જ રહ્યા.. અન્તે હેમચન્દ્રને લાગ્યું કે અહીં સીધી આંગળીએ ઘી નીકળે એમ નથી એટલે હેમચન્દ્રે ગુપ્તમાર્ગ અપનાવ્યો અને એક રાતે બુદ્ધની જેમ પોતે એકલા જ નીકળી પડ્યા અને પહોંચી ગયા લીંબડી ગામે !

લીંબડીમાં તે વખતે જૈનોના પ્રખર પ્રભાવક, શુદ્ધ ચારિત્રપાલક, શાસ્ત્ર મર્મજ્ઞ અને વળી ચમત્કારી મહાપુરૂષ સમા મુનિ શ્રી ઝવેરસાગરજી બિરાજમાન હતાં.... હેમચન્દ્રના મનમાં પોતાના ગુરૂ તરીકે આ મુનિરાજ બરાબર વસી ગયા હતાં અને ઝવેરસાગરજી મ. પણ હેમચન્દ્રના આત્મિક ઝવેરાતથી સુપરિચિત હતાં. ! આજથી ૧૨૫ વર્ષ પૂર્વે લીંબડીમાં બંનેનું સુભગ-મિલન સરજાયું અને ત્યાં જ વિ.સં. ૧૯૪૭ની વસંત પંચમીના દિવસે ગૃહસ્થ હેમચન્દ્ર મુનિ આનંદસાગર નામે જૈન સાધુની શ્રુંખલામાં એક નવી કડી તરીકે જોડાઈ ગયા. ઝવેરસાગરજીના હાથમાં પાણીદાર ઝવેરાત આવ્યું હતું એથી તેઓ મન મૂકીને આનંદસાગર પર વરસી રહ્યા હતાં. આનંદ સાગરના મોરલાને જાણે આષાઢી મેઘ મળી ગયો હતો એથી એ ય મન મૂકીને મસ્ત બની ગયો હતો. બંને પોતપોતાની શક્તિને નિખારી રહ્યા હતાં. પરંતુ માત્ર દશ જ મહિનાના આંતરે આતંક ત્રાટક્યો... એ ગોઝારી ઘડીએ ગુરૂદેવશ્રી ઝવેરસાગરજીને મૃત્યુના દ્વાર બતાવી દીધા. દશ મહિના દરમ્યાન આનંદસાગરજીએ ગુરૂસેવામાં

જરા સરખી કચાશ રાખી ન હતી. ગુરૂની માત્ર જીભ પર નહિ છેક અંતરમાં વાસ કરી લીધો હતો. આથી ગુરૂદેવ ભલે ઓઝલ બન્યાં પરંતુ ગુરૂદેવ થકી મેળવવાની જે વસ્તુ ગુરૂકૃપા એ હાથવગી કરી લીધી હતી. છેલ્લા શ્વાસે ગુરૂદેવ શ્રી ઝવેરસાગરજીના હાથ મુનિ આનંદસાગરના માથે હતાં અને મોઢેથી શબ્દો સર્યા હતાં 'બેટા ! આગમોનો અભ્યાસ કરજે' એ માત્ર શબ્દો ન હતાં એ શબ્દોમાં ગુરૂકૃપા અને ગુરૂમંત્ર બંનેય તત્ત્વો સમાહિત હતાં.

બસ, જીવન-વિકાસ માટે આથી વિશેષ જોઈએ પણ શું? આ બે પરિબળના પ્રભાવે મુનિ આનંદસાગરે સાધના શરૂ કરી. ગુરૂદેવની અંતિમ ઈચ્છાને બર લાવવા મંડી પડ્યા ! એ જમાનામાં જૈનોના આગમશાસ્ત્રોનો અભ્યાસ અતિ કઠિન સાધના ગણાય. પરંતુ આ મહાપુરૂષે એનું માત્ર અધ્યયન જ નહિ એમાં પારંગતતા પણ કેળવી લીધી હતી. બુદ્ધિની તીક્ષ્ણતા, ધારદાર તાર્કિકતા અને અદ્રશ્ય ગુરૂકૃપાના માધ્યમે કઠિન પંક્તિઓ સરળ બનવા લાગી. અંદરના ગૂઢતત્વો સમજણની સપાટી પર તરવા લાગ્યા. ત્યારે કેટલોક સમય પૂજ્યશ્રીના સહાધ્યાયી તરીકે પૂ. મુનિ શ્રી નેમવિજયજી (પૂ. આ. શ્રી નેમિસૂરિ મ.) તથા પૂજ્ય મોતિવિજય મ. સાથે રહ્યા હતાં.

•

એક વખત આ મહાપુરૂષ એકાંતમાં બેઠા હતાં એ વખતે પોતાને આગમાભ્યાસ કરવામાં નડેલી અડચણો, કઠિનાઈઓ વિચાર-ગોચર બની... ત્યારે એમનો આત્મ ધ્વનિ ધ્વનિત થયો કે આગમાભ્યાસ દરમ્યાન મને પડેલી કઠિનાઈનો ભોગ બીજા બને

નહિ એ માટે મારે પ્રયત્ન કરવો જોઈએ અને પ્રાચીન હસ્તલિખિત પ્રતોનું સંમાર્જન કરી આગમોને છપાવવાનું કાર્ય આરંભ્યું. આ કાર્યને તે જમાનાના તેઓના કેટલાક અહિતમિત્રોએ વખોડયું તો કેટલાક દૂરદર્શી વિદ્વાનોએ આ પગલાને ભૂતકાલમાં સોળસો વર્ષ પૂર્વે થઈ ગએલા શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ નામના ક્રાંતિકારી મહાપુરૂષની તુલનામાં ગણાવ્યું હતું.

(આ મહાપુરૂષે ભગવાન મહાવીરની ચાલી આવતી મુખપાઠ વાણીને સર્વપ્રથમ લખાણમાં ઉતારવાનું કામ કર્યું હતું.) આગમશાસ્ત્રોને માત્ર છપાવીને જ આ પૂજ્ય પુરૂષે સંતોષ ન માનતાં એ જ શાસ્ત્રોના માધ્યમે કપડવંજ, રતલામ, મહિદપુર, પાટણ, પાલિતાણા, સૂરત આદિ ક્ષેત્રોમાં વિશાળ સંખ્યક સાધુ-સાધ્વીને એકત્રિત કરી આગમોની વાચના પણ દીધી જેથી આગમિક જ્ઞાન માત્ર કાગળ પર જ ન રહેતાં કાળજામાં પણ કંડરાઈ રહે ! પૂજ્યશ્રીની આ પ્રવૃત્તિ તે જમાનાના વડિલોને ખૂબ આકર્ષી ગયેલી આથી ત્યારે પૂજ્યશ્રી પર ખોબે ખોબે પ્રશંસાના પુષ્પોની વર્ષા કરેલી.

યુવાવસ્થા હોવા છતાં પૂજ્યશ્રીની આવી જ્ઞાન ગરિમાથી આકર્ષાઈને અન્ય ગચ્છના અને અન્ય સમુદાયના અનેક પ્રભાવક મહાત્માઓ આગમ-અધ્યયનાર્થે પૂજ્યશ્રી પાસે આવતાં. અને પૂજ્યશ્રી કોઈ પણ જાતના ભેદભાવ વિના અધ્યયન કરાવતાં એમાં વિજય ધર્મસૂરિજી, વિજય દર્શનસૂરિજી, વિજય રામચન્દ્રસૂરિજી, વિજય ભક્તિસૂરિજી પૂજ્ય ત્રિપુટી મહારાજ આગમપ્રભારક મુનિ શ્રી પુણ્યવિજયજી મ. આદિના નામ મુખ્યતયા ગણી શકાય.

આવી અનેક પ્રવૃત્તિઓ સાથે સાથે પૂજ્યશ્રીનું અભિનવ શાસ્ત્રોનું સર્જકાર્ય પણ ચાલું રહેતું. અલગ અલગ વિષયોને કેન્દ્રિત કરી સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી ભાષામાં ગદ્યાત્મક અને પદ્યાત્મક રીતે લગભગ અઢીસો જેટલા ગ્રંથોનું અને લાખોની સંખ્યામાં શ્લોકનું સર્જન તેઓશ્રીની કલમ દ્વારા થવા પામ્યું છે. પૂજ્યશ્રીએ પોતાના જીવનના મુખ્ય લક્ષ્ય તરીકે જ્ઞાનયજ્ઞને સ્થાપિત કર્યો હતો એ માટે વિવિધ ક્ષેત્રલક્ષી પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહેતાં. પૂજ્યશ્રીની મેધાશક્તિ અને તાર્કિકતા એટલી બધી સુતિક્ષ્ણ હતી કે કોઈપણ ક્ષેત્રમાં આ શક્તિના માધ્યમે અગ્રસ્થાન મેળવી જ લેતાં...

જ્યારે પૂજ્યશ્રી કાશી પધારેલા ત્યારે એમની પ્રતિભાથી એ વખતના પૂર્ધન્યમનીષી શ્રી મદન મોહન માલવીયા તથા અન્ય કાશીના પંડિતો પણ આકર્ષાયા હતા. એ પંડિતોની આગ્રહભરી ઈચ્છાને માન આપી સંસ્કૃત-ભાષાના માધ્યમે જાહેર પ્રવચન આપ્યું હતું. એમાં ઉચ્ચ કક્ષાની ભાષામાં જૈન દર્શનના અકાટ્ય સિદ્ધાંતોની એવી સતર્ક રજૂઆત કરેલી જેથી સમસ્ત પંડિત-જગત અભિભૂત બની ગયેલું.

મદનમોહન માલવીયાજીના હૃદયમાં તો તે વખતે પૂજ્યશ્રીએ એવો વાસ કરી દીધો હતો કે વર્ષમાં એકવાર પૂજ્યશ્રીનો સાક્ષાત સંપર્ક કરે નહિ તો તેમને ચેન પડતું ન હતું. તે વખતના ટોચ કક્ષાના મનીષીઓ પૂજ્યશ્રીને બોલતી ડિક્શનરી તરીકે નવાજતાં હતાં. દેશી કે વિદેશી કોઈપણ વિદ્વાનને પોતાની સમસ્યાનું ક્યાંય

પણ સમાધાન ન મળે અને પૂજ્ય આગમોદ્ધારકશ્રી પાસે પહોંચી જાય તો એને ચોક્કસ સમાધાન મળી જ જતું... હર્મન જેકોબી જેવા કેટલાય વિદ્વાનોએ / સંશોધકોએ આ વાતનો પરચો નિહાળ્યો છે. એ વખતના મૂર્ધન્ય પંડિત સુખલાલજીએ જણાવેલું કે ભારત દેશ કદરદાન નથી. બાકી આ પુરૂષ વિદેશમાં થયો હોત તો એની સોનાની મૂર્તિ બનાવીને લોકો પૂજા કરત. આ મહાપુરુષની નીડરતા અને સાહસિકતા પણ નજર ખેંચે તેવી હતી. એ જમાનામાં સંસ્કૃતિ વિરૂદ્ધ, ધર્મવિરૂદ્ધ કે સિદ્ધાન્ત વિરૂદ્ધ કોઈ પણ સમસ્યા ઉભી થતી તો આ પૂજ્ય પુરુષ ખામોશ નહિ રહેતાં, એનો જડબેસાલક પ્રતિકાર કરવા ઝંપલાવતાં! અને એ પણ સાચું કે જે ક્ષેત્રમાં તેઓશ્રી ઝંપલાવતા તેમા સફળ બનીને જ જંપતા!

આગમ પાઠોની સુદૂરવતી કાળ સુધી અખંડિતતા અને મૌલિકતા જળવાઈ રહે એ માટે આ પૂજ્યશ્રીએ એક નવા જ ક્રાંતિકારી સ્વપ્નને જન્મ દીધો. એનું સાકર સ્વરૂપ એટલે જ પાલિતાણા અને સુરતમાં ઉભેલા રમણીય આગમ મંદિરો છે. પૂજ્યશ્રીના ક્રાંતિકારી આ પગલાનું પાછળથી ઘણા સ્થળે પુનરાવર્તન થવા પામ્યું છે! આ રીતે પાષાણ અને તામ્રપત્રોમાં આગમો કોતરાવી આગમોમાં ફેરફાર કરનારાઓની મેલી મુરાદ પર પાણી ફેરવી દીધું.

ત્યારે વળી કેટલાકોએ ઝૂંબેશ ઉઠાવી કે બાળદીક્ષા ન થવી જોઈએ... એની સામે પૂજ્યશ્રીએ પ્રતિઝૂંબેશ જગાવી. અને કોર્ટના દરવાજે જઈને પણ પ્રાચીન માન્યતાનુસાર બાળદીક્ષાનો વિજય-વાવટો ફરકાવ્યો હતો. એ જ રીતે તીર્થ

પ્રશ્નો શ્રી અંતરીક્ષજી, શ્રી કેશરીયાજી, શ્રી સમેતશિખરજી સામે જ્યારે આફત આવી ત્યારે જબ્બર જેહાદ જગાવી... અને પોતે જ પોતાના વકીલ બની મેજિસ્ટ્રેટને પ્રભાવિત કરી જિનશાસનના ગળે વિજયમાળા આરોપિત કરી હતી. છેલ્લે વળી અમુક તત્ત્વોએ તિથિ પ્રશ્નોનો નવો જ તરખાટ પેદા કર્યો. ત્યારે તે જ વખતે શાસ્ત્ર, પરંપરા અને તર્કના એવા તીખા ને તાતા તીર છોડ્યા જેથી જિનશાસનનું ભેદન આબાદ ઉગરી ગયું. આજે તો એ વિવાદ લગભગ શમી જ ચૂક્યો છે.

પૂજ્યશ્રીને માત્ર ધર્મદાઝ જ ન હતી દેશદાઝ પણ એવી જ હતી. એક વખત મહાત્માં ગાંધી પૂજ્યશ્રી પાસે આવેલા ત્યારે પૂજ્યશ્રીએ દેશની ઉન્નતિ માટે બહુ સુંદર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે દેશની ઉન્નતિ શહેરી વિકાસથી નહિ પરંતુ ગ્રામીણ વિકાસથી સિદ્ધ થઈ શકશે! આનું વિપરીત પરિણામ આજે દેશને અવનતિની કઈ કગાર પર લાવી મૂક્યો છે? એ સ્પષ્ટ છે. આ રીતે પૂજ્યશ્રીની વિદ્વત્તાથી અચ્છા અચ્છા મનીષીઓ અને વિદ્વાનો આકર્ષાએલા તો પૂજ્યશ્રીની પ્રભાવક વાણીથી મોટા મોટા શ્રીમંતો પણ ઓવારી ગએલા.

આજથી બાણુ વર્ષ પૂર્વે સુરતમાં પૂજ્યશ્રીએ જ્ઞાનની સુરક્ષા માટે ટહેલ નાખેલી તો ગુલાબચંદભાઈ ઝવેરી નામના શ્રાવકે એકી ધડાકે રૂપિયા એક લાખનું દાન જાહેર કરેલું. જૈનોનું એકમાત્ર મહાતીર્થ શત્રુંજ્ય માટે લાખો રૂપિયાનું ફંડ એકત્રિત કરવાનું હતું. આ માટે અમદાવાદમાં પૂજ્યશ્રીએ જોશીલી જબાન ચલાવીને લક્ષિત ટારગેટ પાર પડેલો. આ સિવાય પૂજ્યશ્રીની પ્રેરણાથી

આજે તો માત્ર કલ્પના જ કરી શકાય એવા તીર્થયાત્રાના સંઘો, ઉત્તુંગ જિનાલયો, જાજરમાન મહોત્સવો, માનવરાહત અને પશુરાહતના યાદગાર આયોજનો સંપન્ન થવા પામ્યા છે. જામનગરથી ગિરનાર થઈ શત્રુંજ્ય મહાતીર્થનો શેઠ પોપટલાલ ધારશીનો જાજરમાન સંઘ, એવો જ અમદાવાદના શેઠ માકુભાઈનો અમદાવાદથી શત્રુંજ્યનો સંઘ, અમદાવાદ શેઠ મોહનલાલ છોટાલાલનું ઐતિહાસિક ઉજમણું, આગમ મંદિર જેવા અનેક જિનમંદિરોની પ્રતિષ્ઠાના અતિભવ્ય પ્રસંગો, સુરતના ઝવેરીઓએ કરેલું પૂજ્યશ્રીનું અપૂર્વ અને આજ લગી અદ્વિતીય બનેલું સામૈયું, ભરૂચ આસપાસ માનવ-રાહતનું આદર્શ આયોજન આવા આવા તો અનેક કાર્યો પૂજ્યશ્રીની પ્રભાવિકતાના પ્રસંગો છે. માલવ પ્રદેશના શૈલાના, પંચેડ આદિ રાજ્યના અનેક રાજાઓ પૂજ્યશ્રીના પરમભક્ત બની ગએલા, વાણીની પ્યાસ બૂઝવવા પોતાના રાજમહેલમાં ચોમાસું કરાવ્યું. અને પ્રેરણા પામી સ્થૂલથી સૂક્ષ્મ અહિંસાનું પ્રતિપાલન કરાવેલું. પૂજ્યશ્રીની વાણીના પ્રભાવથી પોતાના રાજ્યમાં વરસમાં છ છ મહિના જીવદયાનું પાલન કરાવી જગદ્ગુરૂ હીરસૂરિ મ. અને અકબર બાદશાહના વારાની ઝાંખી કરાવેલી.

આગમોદ્ધારક પૂજ્ય આનંદસાગરસૂરિજી ('આગમોદ્ધારક' એ પૂજ્યશ્રીને સર્વાનુમતિથી એનાયત થયેલું બિરૂદ છે.) ના પ્રભાવમાં આવી સંપત્તિ ન્યોચ્છાવર કરનાર શ્રીમંતોની શૃંખલા ઘડાઈ છે તો સમય આવે જાન-કૂરબાન કરનાર જવાનોની પણ કતાર કંડરાઈ છે. જૈનોનું મહાતીર્થ શ્રી સમેતશિખરજી આજે શ્વેતાંબરીતીર્થ તરીકે

કહેવાય છે. એમાં પૂજ્ય આગમોદ્ધારકશ્રીનું ઓછું યોગદાન નથી. મુંબઈમાં લાલબાગ ખાતે ચાલતા ચોમાસા દરમ્યાન આવેલી સમેતશિખરજી તીર્થ રક્ષાની સમસ્યા ટાણે આ પૂજ્ય પુરૂષે સિંહગર્જના કરી એના એવા પડઘા પડ્યા જેથી શ્રીમંત કુળના એકસો યુવાન નબીરાઓ પોતાની જાતનું બલિદાન દેવા સજ્જ બન્યાં. એથી એ વખતની બ્રિટીશ ગવર્મેન્ટ હચમચી ગઈ. તે વખતના ગવર્નર પૂજ્યશ્રી પાસે દોડતા આવ્યા એને એ મુલાકાત અંતે એવી પ્રક્રિયા થવા પામી જેથી અન્તતઃ શિખરજીનો પહાડ શ્વેતામ્બરી માલિકીનો ચાલુ રહ્યો.

વિદ્વતાની સાથે પૂજ્યશ્રી પાસે સાધનાબળ પણ જબ્બર હતું. ક્યારેક એવા પ્રસંગો ઉભા થયાં ત્યારે પૂજ્યશ્રી સાધના બળનો ઉપયોગ કરી ચમત્કાર પણ દર્શાવતા! અજિમગંજના આગેવાન શ્રાવકના એકના એક પુત્રનું સર્પદંશથી થનાર મૃત્યુને જાપ દ્વારા ટાળ્યું હતું. આ બધાની સાથે સાહસ અને શૌર્યગુણ પણ પૂજ્યશ્રીની પ્રકૃતિ બની ગયેલો. દીક્ષા લેવા માટે તૈયાર થયેલા સુપાત્ર કોઈ આત્માને અડચણ ઉભી થતી... અથવા અનાધિકાર વિરોધીઓ આવી જતાં તો શૌર્યથી એનો સામનો કરતાં અને દીક્ષા દઈને જ જંપતા! તે વખતે દીક્ષાના દાનેશ્વરી તરીકે એમની છાપ ખ્યાતિને વરેલી હતી. આજે સાધુ-સાધ્વીનો સૌથી મોટો સમુદાય પૂજ્યશ્રીના સાગરજી મ.ના નામથી ઓળખાય છે. 'સાગરજી મહારાજ' એ પૂજ્યશ્રીનું હુલામણું નામ છે. તેઓશ્રીના સમુદાયમાં ભૂતકાળથી માંડીને અત્યાર સુધીમાં અનેક રત્નો ચમક્યા / ચમકી રહ્યા છે.

જેઓ દ્વારા જિનશાસનની શાન-બાનમાં આંખે વળગતી પ્રભાવના થઈ રહી છે.

આમાં શાસ્ત્રોના ગૂઢ રહસ્યોના જાણકાર પૂજ્ય માણિક્ય સાગર સૂરિ મ., શાસનપ્રભાવક પૂજ્ય ચન્દ્રસાગર સૂરિ મ., પ્રવચન-પટુ શ્રી દેવેન્દ્રસાગર સૂરિ મ., શાસનજ્યોર્તિધર પરમ તપસ્વી મહોપાધ્યાય ધર્મસાગરજી મ., સિદ્ધાન્તરક્ષક શ્રી હંસસાગર સૂરિજી, શ્રી નવકાર-મહામંત્રના અજોડ સાધક અને સંશોધક તથા મહાન વૈજ્ઞાનિક સમા પંન્યાસ શ્રી અભયસાગરજી મ. આદિ ભૂતકાલીન પુણ્યપુરૂષોનું વ્યક્તિત્વ અનાયાસ દ્રષ્ટિ ખેંચે તેવું છે. તથા વર્તમાનકાળે એ જ પૂ. સાગરજી મ. ના વરદ હસ્તે આજથી સિત્તેર વર્ષ પૂર્વે માત્ર સાડા છ વર્ષની વયે દીક્ષિત થનાર અને જૈફ વયે પણ નવસો જેવી વિશાળ સંખ્યામાં વિદ્યમાન સાધુ-સાધ્વીના નેતૃત્વને વહન કરનાર કર્મ-શાસ્ત્ર-નિપુણ-મતિ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રી સૂર્યોદયસાગર સૂરિ મ. અગ્રિમ સ્થાન શોભાવતા હતાં, અત્યારે પૂજ્યશ્રી સાથે ૯-૯ વર્ષ રહેનારા પૂ.ગચ્છાધિપતિ આ.શ્રી દોલત સાગરસૂરીશ્વરજી મ. બિરાજમાન છે.

એમ કહેવાય છે કે માણસનું જીવન કેવું હતું? એનું નિદાન એના મૃત્યુ પરથી જાણી શકાય! મૃત્યું જેનું સમાધિમય જીવન એનું સ્વસ્થતામય! આગમોદ્ધારક પૂજ્ય સાગરજી મહારાજે પોતાના જીવનમાં અનેક ક્ષેત્રોમાં સફળ પ્રવૃત્તિઓ આદરી. પરંતુ ક્યાંય પોતાના આત્માને ઉપેક્ષિત નથી કર્યો. જ્યારે એમને ખ્યાલ આવી ગયો કે હવે આ શરીર વધુ કામ આપી શકે એમ નથી અને પંદર

દિવસ બાદ આ દેહ છોડવો નક્કી છે. તો હવે મારા આત્મા સિવાયની કોઈ પ્રવૃત્તિમાં લક્ષ્ય નથી દેવું. સં. ૨૦૦૬ની વૈશાખ સુદ ૬ ના દિવસે પોતાના વિશાલ શિષ્યવૃંદને એકત્રિત કરી જણાવી દીધું કે, 'પંદર દિવસથી વધુ હવે હું નથી. હું મારી તમામ બાહ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરૂં છું. તમારે મને કોઈ બાબતમાં દખલ કરવી નહિ. હું મારા શરીરને આધીન સર્વ પ્રવૃત્તિનો ત્યાગ કરી અર્ધપદ્માસને સ્થિર થાઉં છું. ત્યાં જ રોકકળ મચી ગઈ એમ ન કરવા પૂજ્યશ્રીને ઘણી પૂજ્ય વિનવણી થઈ પરંતુ દૃઢ નિર્ણયી પૂજ્યશ્રી ટસથી મસ થયા નહિં. પંચોત્તેર વર્ષની જૈફ વયે વાયુની તીવ્ર વેદના હોવા છતાં ભીંતથી દૂર ખસી ટેકા વિના અર્ધપદ્માસને સ્થિર થઈ ગયા. સતત પંદર દિવસને પંદર રાત એકધારા શાસ્ત્રોના સ્વાધ્યાયમાં અને આત્માના ધ્યાનમાં પસાર કર્યાં. ડૉક્ટર અને વૈદ્યોની પણ અક્કલ બહેર મારી જાય એ રીતના અસહ્ય વ્યાધિ વચ્ચે પણ સમાધિને સિદ્ધ કરી પોતે જ બતાવેલા વૈ. વ. ૫ ના દિવસે મધ્યાહન સમયે વૃદ્ધ શરીરથી એમના આત્માએ વિદાય લીધી... પૂજ્યશ્રીના સમાધિ કાળની ચકચાર ચારે બાજુ હતી. આથી પ્રભાવિત થનાર જૈન-અજૈન ભક્ત વર્ગની ભારે ભીડ જામી. ત્યાંના કલેક્ટર પણ પૂજ્યશ્રીની અંતિમ યાત્રામાં સામેલ થયાં. અને એમના જ શાસનથી સુરત શહેરના મધ્ય ભાગે પૂજ્યશ્રીના પાર્થિવદેહને અગ્નિદાહ દેવાયો. છેલ્લે છેલ્લે આ પણ એક ચમત્કારિક ઘટના ઘટી ગઈ... એમાં ય પૂજ્યશ્રીનો પ્રભાવ જ ડોકાય છે ને?



માતા પિતાને વંદન
શ્રી જિનેશ્વરદેવની પુજા
ગુરૂવંદન